અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૧૯ નવેમ્બર ૨૦૨૩, રવિવાર
વિક્રમ સંવત ૨૦૮૦, કારતક સુદ છઠ
વર્ષ : ૧૫
અંક : ૧૦૯
તંત્રી : પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ
કિંમત : રૂા. ૨.૦૦
પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

## આજે વિશ્વકપ ફાઈનલમાં ભારત અને ઓસ્ટ્રેલિયાની ટક્કર

### ભારતીય ટીમ ચોથીવાર વર્લ્ડકપની ફાઈનલમાં પહોંચી, જ્યારે ઓસ્ટ્રેલિયાની ટીમ આઠમી વખત વિશ્વકપ ફાઈનલમાં પહોંચી



| અમદાવાદ, તા.૧૮ |

આઈસીસી ક્રિકેટ વિશ્વકપ-૨૦૨૩માં ફાઈનલની બંને ટીમ નક્કી થઈ ગઈ છે. ભારતીય ટીમે ન્યૂઝીલેન્ડને પરાજય આપી ફાઈનલમાં પ્રવેશ કર્યો હતો. આજે કોલકત્તાના ઈડન ગાર્ડન્સમાં રમાયેલી સેમીફાઈનલમાં ઓસ્ટ્રેલિયાએ ૩ વિકેટ જીત મેળવી ફાઈનલની ટિકિટ મેળવી લીધી છે. હવે બંને ટીમ વચ્ચે વિશ્વના સૌથી મોટા ક્રિકેટ સ્ટેડિયમ નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં ૧૯ નવેમ્બરે જંગ જામશે. ઓસ્ટ્રેલિયા અને ભારતીય ટીમ વિશ્વકપ ૨૦૦૩ની ફાઈનલમાં આમને-સામને હતી. જ્યાં ઓસ્ટ્રેલિયાએ રિકી પોન્ટિંગના ૧૪૦* રનની વિસ્ફોટક ઈનિંગની મદદથી ૫૦ ઓવરમાં ૩૫૯ રન ફટકાર્યા હતા. જેના જવાબમાં ભારતીય ટીમ ૨૩૪ રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. ઓસ્ટ્રેલિયાએ ૧૨૫ રને જીત મેળવી ટ્રોફી કબજે કરી હતી. હવે વર્ષ ૨૦૨૩ એટલે કે ૨૦ વર્ષ બાદ આ બંને ટીમ વચ્ચે વિશ્વકપની ફાઈનલ રમાશે. ભારતીય ટીમે આ વિશ્વકપ માં શાનદાર પ્રદર્શન કર્યું છે અને સતત ૧૦ જીત મેળવી ફાઈનલમાં પ્રવેશ કર્યો છે. ભારતીય ટીમે સેમીફાઈનલમાં ન્યૂઝીલેન્ડને ૭૦ રને હરાવ્યું હતું. ભારતીય ટીમ ચોથીવાર વિશ્વકપની ફાઈનલમાં પહોંચી છે. ભારતીય ટીમ ૧૯૮૩ અને ૨૦૧૧માં વિશ્વ ચેમ્પિયન બન્યું હતું. જ્યારે વર્ષ ૨૦૦૩ વિશ્વકપ ફાઈનલમાં ભારતે હારનો સામનો કરવો પડ્યો હતો. ઓસ્ટ્રેલિયા ક્રિકેટ ઈતિહાસની સૌથી સફળ ટીમ છે અને પાંચ વખત વનડે વિશ્વકપ જીતી ચૂકી છે. ઓસ્ટ્રેલિયાની ટીમ આઠમી વખત ફાઈનલમાં પહોંચી છે. આ પહેલા ઓસ્ટ્રેલિયાએ સાત ફાઈનલ રમી છે, જેમાં પાંચ વખત જીત મેળવી છે. ઓસ્ટ્રેલિયાની ટીમ ૧૯૮૭, ૧૯૯૯, ૨૦૦૩, ૨૦૦૭ અને ૨૦૧૫નો વિશ્વ કપ જીતી ચૂકી છે. જ્યારે બે વખત ફાઈનલમાં ઓસ્ટ્રેલિયાની ટીમ હારી હતી.

## ન્યૂઝ બ્રિફ

### ફુલગામમાં સેનાએ તોયબાના પાંચ આતંકીઓને ઠાર કર્યા

| જમ્મુ, તા.૧૮ |

જમ્મુ-કાશ્મીરના ફુલગામમાં ભારતીય સેનાને મોટી સફળતા મળી છે. ભારતીય સેનાના જવાનોએ લશ્કર-એ-તોયબાના પાંચ આતંકવાદીઓને ઠાર કર્યા છે. હાલ આ વિસ્તારમાં સર્ચ ઓપરેશન શરુ છે. ગઈકાલથી જ આ વિસ્તારમાં સુરક્ષા દળ અને આતંકવાદીઓ વચ્ચે અથડામણ શરુ થઈ હતી. સેનાની ૩૪ રાષ્ટ્રીય રાઈફલ્સ, એલિટ સ્પેશિયલ ફોર્સ યુનિટ, પોલીસ અને સીઆરપીએફ સંયુક્ત રીતે આતંકવાદીઓને શોધી રહ્યા છે. ઠાર કરેલા આતંકવાદીઓ સ્થાનિક હોવાની માહિતી મળી રહી છે. સુરક્ષા દળોના સૂત્રોને આધારે જાણવા મળ્યું છે કે, આ આતંકીઓ ઘૂસણખોરીના પ્રયાસ દરમિયાન માર્યા ગયા હતા.

### કાયદાકીય કાર્યવાહીથી મારું ભારતમાં પ્રત્યાર્પણ ટળી શકે

| લંડન, તા.૧૮ |

ભારતમાં બેંકો સાથે છેતરપિંડી અને મની લોન્ડરિંગના આરોપોનો સામનો કરી રહેલા ભાગેડુ હીરા વેપારી નીરવ મોદીએ બ્રિટનની એક કોર્ટ સમક્ષ કહ્યું છે કે, હું વર્ષો સુધી બ્રિટનમાં રહી શકુ છુ.કારણકે કેટલીક કાયદાકીય કાર્યવાહીના કારણે મારુ પ્રત્યાર્પણ ટળી શકે છે. ગુરુવારે નીરવ મોદીને પ્રત્યાર્પણ અપીલ કાર્યવાહીમાં થયેલા ૧.૫૦ લાખ પાઉન્ડના દંડના સંદર્ભમાં ટેમ્સાઈડ જેલમાંથી વીડિયો કોન્ફરન્સ થકી લંડનની કોર્ટ સમક્ષ રજૂ કરવામાં આવ્યો હતો.

### મધ્યપ્રદેશના દિમની બેઠક પર ફાયરિંગથી અફરાતફરી

| ભોપાલ/રાયપુર, તા.૧૮ |

મધ્યપ્રદેશની ૨૩૦ બેઠકો અને છત્તીસગઢની ૭૦ બેઠકો માટે આજે મતદાન શરૂ થઈ ગયું છે. મધ્યપ્રદેશના ઈન્દોર, દિમની, ઝાબુઆ અને ભિંડ, જ્યારે છત્તીસગઢના રાયપુરમાં કેટલીક અનિચ્છનીય ઘટનાઓ બની હોવાના અહેવાલો મળ્યા છે. મુરૈનાની દિમની બેઠક પર ફાયરિંગ થયું છે. આ બેઠક પર કેન્દ્રીય મંત્રી નરેન્દ્ર તોમર ચૂંટણી લડી રહ્યા છે. છત્તીસગઢમાં બીજા તબક્કાનું મતદાન ચાલી રહ્યું છે. પ્રથમ તબક્કામાં ૭મી નવેમ્બરે મતદાન થયું હતું.

#### આ બસમાં કુલ ૪૦ લોકો સવાર હતા

## ડોડામાં બસ ૨૫૦ મીટર ઊંડી ખીણમાં પડી : ૩૬ના મોત થયા

### ઈજાગ્રસ્તોને કિશ્તવાડ જિલ્લાની હોસ્પિટલમાં દાખલ કરાયા

| શ્રીનગર, તા.૧૮ |



જમ્મુ-કાશ્મીરમાં એક મોટી દુર્ઘટના સર્જાય છે. જ્યાં કિશ્તવાડથી જમ્મુ જઈ રહેલી બસ રોડ પરથી ઉતરી ગઈ અને ડોડા જિલ્લાના અસાર ક્ષેત્રમાં ટ્રંગલ પાસે ઢાળથી લગભગ ૨૫૦ મીટર નીચે પડી હતી. આ બસમાં કુલ ૪૦ લોકો સવાર હતા, જેમાંથી ૩૬ લોકોના મોત થયા છે. ઘટનાની જાણકારી મળતા સ્થળ પર રાહત અને બચાવ કાર્ય ચલાવવામાં આવી રહ્યું છે. પોલીસ કંટ્રોલ રૂમ ડોડાના એક પોલીસ અધિકારીએ કહ્યું- એક બસ કિશ્તવાડથી જમ્મુ જઈ રહી હતી, ડોડા જિલ્લાના અસાર ક્ષેત્રમાં ટ્રૂંગલની પાસે રસ્તા પરથી નીચે ઉતરી ૨૫૦ મીટર નીચે બીજા માર્ગ પર પહોંચી ગઈ. તેમ કહેવામાં આવી રહ્યું છે કે આ દુર્ઘટનામાં ૩૬ જેટલા લોકોના મોત થયા છે. કેન્દ્રીય મંત્રી જિતેન્દ્ર સિંહે એક્સ પર આ દુર્ઘટનાની જાણકારી આપી છે. તેમણે કહ્યું કે મેં ડોડાના ડેપ્યુટી કમિશનર હરવિંદર સિંહ સાથે વાત કરી છે. ઈજાગ્રસ્તોને કિશ્તવાડ જિલ્લાની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

#### સાળંગપુર હનુમાન મંદિરે દાદાને અર્પણ કરાયો મુગટ

## હનુમાન દાદાને અર્પણ કરાયો ૧ કિલો સોનાનો હીરા જડીત મુગટ

| બોટાદ, તા.૧૮ |



સુપ્રસિદ્ધ સાળગપુર કષ્ટભંજન હનુમાનજી મંદિરમાં ૧૭૫માં શતાબ્દી મહોત્સવમાં સુરતના હરિભક્ત દ્વારા હનુમાનજી દાદાને એક કિલો સોનાનો હીરા જડિત મુગટ અપર્ણ કરવામાં આવ્યો છે. કથા મંડપમાં વડતાલ ગાદીના આચાર્ય રાકેશ પ્રસાદજી મહારાજ અને સંતોની ઉપસ્થિતમાં હરિભક્ત અને તેના પરિવાર દ્વારા સંતોને મુગટ અપર્ણ કરવામા આવ્યો છે. સુપ્રસિદ્ધ સાળગ પુર કષ્ટભંજન હનુમાનજી મંદિરમાં ૧૭૫માં શતાબ્દી મહોત્સવ ચાલી રહ્યો છે. ત્યારે આજથી મહોત્સવનો શુભારંભ થઈ ચૂક્યો છે. કથામાં ખુબજ મોટી સંખ્યામાં હરિભક્તો હાજર જોવા મળી રહ્યો છે. ત્યારે હનુમાનજી દાદાના આ મહોત્સવમાં હજારો હરિભક્તો દ્વારા દાદાને અલગ અલગ વસ્તુઓ અર્પણ કરવામાં આવી રહી છે. ત્યારે આજે સુરતના એક હરિ ભક્ત દ્વારા દાદાને એક કિલો સોનાનો હીરાજડિત મુગટ વાજતે ગાજતે શોભાયાત્રા કાઢી સંતોને અપર્ણ કરવામા આવ્યો હતો. હનુમાન દાદાને સોનાનો હીરા જડિત મુગટ અપર્ણ કરવામાં આવ્યો છે. જે સુરતના ઉધોગપતિ ઘનશ્યામભાઈ ભંડેરી દ્વારા અર્પણ કરાયો છે. જે મુગટ સુરતમાં બનેલ છે અને મુગટ અને કુંડળ ૧ કિલો સોનામાંથી બનાવાયો છે. આ મુગટમાં ગદા, કળા કરતાં બે મોર, મોરપિંછ અને ફલાવરની આકૃતિ કંડારવામાં આવી છે.

#### આકાશમાં ગર્જના કરશે IAFના વિમાનો

## વર્લ્ડ કપ ફાઈનલમાં આકાશમાં જોવા મળશે અદ્‌ભૂત નજારો

### ભારત-ઓસ્ટ્રેલિયા વચ્ચે રમાનાર વર્લ્ડ કપની મેચને યાદગાર બનાવવા માટે ખાસ તૈયારી કરવામાં આવી છે

| અમદાવાદ, તા.૧૮ |

ક્રિકેટ ચાહકો ICC વર્લ્ડ કપની ફાઈનલ મેચની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. તમામ ટીમોને હરાવીને ભારત અજેય લીડ સાથે ફાઈનલમાં પહોંચી ગયું છે. ફાઈનલમાં ભારતનું સ્થાન નિશ્ચિત થયા બાદ ૧૯ નવેમ્બરે મેચ શરૂ થાય તે પહેલા આકાશમાં એક અદ્ભૂત નજારો જોવા મળશે. ભારતીય વાયુસેનાની સૂર્ય કિરણ ટીમ અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં મેચની શરૂઆત પહેલા એરોબેટિક પ્રદર્શન કરશે. વિશ્વની ટોચની પોપ સિંગર દુઆ લિપા પણ પોતાના અવાજથી લોકોના દિલ જીતશે.

તમને જણાવી દઈએ કે BCCI અને ICCએ વર્લ્ડ કપની ઓપનિંગ સેરેમની ન યોજવાનો નિર્ણય લીધો હતો. પરંતુ ૧૪ ઓક્ટોબરે પાકિસ્તાન સાથે ભારતની મેચ પહેલાં મેદાન પર અદભૂત નજારો જોવા મળ્યો હતો. આ મેચમાં અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં લોકપ્રિય ગાયક અરિજીત સિંહે પોતાના અવાજથી ચાહકોને મંત્રમુગ્ધ કરી દીધા હતા. અરિજીત સિંહની સાથે સુનિધિ ચૌહાણ, શંકર મહાદેવન અને સુખવિંદર સિંહે પણ લોકોનું મનોરંજન કર્યું હતું. ભારતે પાકિસ્તાન સામેની મેચમાં ૭ વિકેટે જીત મેળવી હતી.

૨૦૧૧માં વર્લ્ડ કપની ફાઈનલ રમ્યાના ૧૩ વર્ષ બાદ ભારતે બુધવારે સેમિફાઈનલમાં ન્યૂઝીલેન્ડને ૭૦ રનથી હરાવીને ટાઈટલ મેચમાં પ્રવેશ કર્યો હતો.

#### દિવાળી પછી આવી પહેલી ખુશખબર

## હવે કોમર્શિયલ સિલિન્ડર ૫૭.૫ રૂપિયા થયો સસ્તો

### આજથી ગેસ સિલિન્ડરના ભાવમાં ઘટાડો : સરકારી તેલ કંપનીઓએ ગેસ સિલિન્ડરના ભાવમાં ઘટાડો કર્યો છે

| નવી દિલ્હી, તા.૧૮ |

દિવાળી પછી રાહતના સમાચાર આવ્યા છે. આજથી ગેસ સિલિન્ડરના ભાવમાં ઘટાડો થયો છે. સરકારી તેલ કંપનીઓએ ગેસ સિલિન્ડરના ભાવમાં ઘટાડો કર્યો છે. તમને જણાવી દઈએ કે નવી કિંમતો આજથી લાગુ થઈ ગઈ છે. આ સિવાય જો ઘરેલું ગેસ સિલિન્ડરની કિંમતોની વાત કરીએ તો તેમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. ૧૪ કિલોના સિલિન્ડરના ભાવ યથાવત છે.

સરકારી તેલ કંપની IOCL તરફથી મળેલી માહિતી અનુસાર, ગેસ સિલિન્ડર આજથી એટલે કે ૧૬ નવેમ્બરથી સસ્તો થઈ ગયો છે. આ વખતે ઓઈલ કંપનીઓએ કોમર્શિયલ સિલિન્ડરના ભાવમાં ઘટાડો કર્યો છે. ૧૯ કિલોના કોમર્શિયલ એલપીજી સિલિન્ડરની કિંમત ૫૭.૫૦ રૂપિયા સસ્તી થઈ છે. આજના ઘટાડા બાદ દિલ્હીમાં ૧૯ કિલોના સિલિન્ડરની કિંમત ૧૭૫૫.૫૦ રૂપિયા થઈ ગઈ છે. આ સિવાય કોલકાતામાં ૧૮૮૫.૫૦ રૂપિયા, મુંબઈમાં ૧૭૨૮ રૂપિયા અને ચેન્નાઈમાં ૧૯૪૨ રૂપિયા પ્રતિ સિલિન્ડર છે. તમને જણાવી દઈએ કે દિવાળી પહેલાં એટલે કે પહેલી તારીખે કોમર્શિયલ સિલિન્ડરના ભાવમાં ૧૦૧.૫૦ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો હતો. ઘરેલુ ગેસ સિલિન્ડરની કિંમતો યથાવત છે. તમને જણાવી દઈએ કે ૩૦ ઓગસ્ટના રોજ ઘરેલુ ગેસ સિલિન્ડરના ભાવમાં ફેરફાર કરવામાં આવ્યો હતો.

#### બેન્ક એફડીના રેટ ઘટવાના બદલે વધશે

## બેન્ક ડિપોઝિટ ઉપર ૧૦ ટકા સુધી વ્યાજ મળે તેવી શક્યતા

### રિઝર્વ બેન્ક દ્વારા હાલમાં જ કરવામાં આવેલા નિયમોમાં અમુક ફેરફારોના કારણે રેટમાં વધારો શક્ય છે

| નવી દિલ્હી, તા.૧૮ |

જે લોકોને નિયમિત અને સુરક્ષિત આવક જોઈએ છે તેઓ મોટા ભાગે બેન્ક ફિક્સ્ડ ડિપોઝિટમાં રૂપિયા રાખવાનું પસંદ કરતા હોય છે. તેમાં પણ જે બેક્રો વધારે ઉંચું વ્યાજ ચૂકવતી હોય તેના માટે ઈન્વેસ્ટરમાં વધુ આકર્ષણ જોવા મળે છે. હાલમાં ઘણી બેક્રો સિનિયર સિટિઝનને ૮.૫૦ ટકાથી લઈને ૯.૨૫ ટકા સુધી વ્યાજ ઓફર કરે છે. પરંતુ રિઝર્વ બેક્ર ઓફ ઈન્ડિયાના એક નવા નિયમના કારણે બેક્રોએ એફડી પર ૧૦ ટકા સુધી વ્યાજ ઓફર કરવું પડે તેવી શક્યતા છે.

તાજેતરમાં રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાએ લીધેલા નિર્ણય પ્રમાણે નોન-કોલેબલ ડિપોઝિટની ઈન્વેસ્ટમેન્ટ લિમિટ વધારીને એક કરોડ રૂપિયા કરવામાં આવી છે. આ ઉપરાંત આગામી દિવસોમાં ફુગાવાનો દર વધવાની શક્યતા છે. થોડા મહિનાઓમાં બેક્ર એફડીના વ્યાજના દરમાં વધારો થાય ત્યારે તમે ટર્મ ડિપોઝિટમાં રોકાણ કરીને ફાયદો મેળવી શકો છો.

છેલ્લા એક દાયકાથી બેન્ક એફડીના રેટ બહુ નીચા હતા. પરંતુ ત્યાર પછી વર્ષ ૨૦૨૨માં રેટમાં વધારો કરવામાં આવ્યો હતો. આરબીઆઈએ મે ૨૦૨૨થી ફેબ્રુઆરી ૨૦૨૩ વચ્ચે ફુગાવાને અંકુશમાં રાખવા માટે રેપો રેટમાં ૨.૫ ટકાનો વધારો કર્યો હતો.






સંતરામપુર જિલ્લા અને તાલુકાઓ દરેક ગ્રામ્ય વિસ્તારોમાં પત્રકારો નિમવાના છે સંપર્ક કરો

સંતોષકુમાર જોષી
મો.63550 761743



સમાચાર પત્ર છે લોકતંત્રનો ચૌથો સ્તંભ અને પ્રાણ,
જે કરે છે એક લોકતંત્રનો નિર્માણ !

CHANNEL NINE NETWORK GUJARAT
◆ ન્યૂઝ પેપર, ◆ ન્યૂઝ ચેનલ, ◆ ન્યૂઝ વેબસાઈટ

CNN CHANNEL NINE NETWORK GUJARAT
Gujarati Daily News Paper

LIVE
cnngujarat.co.in

આજે જ cnngujarat.com વેબસાઈટ ઉપર
વિઝીટ કરો અને જોડાઈ જાઓ સમાચારની દુનિયા સાથે...



## ડો.બાબાસાહેબ આંબેડકરની પ્રતિમાની સ્થાપનાને લઈ વિવાદ

। ખેડા, તા.૧૮ ।

રાજ્યમાં અનેક પ્રકારના વિવાદો સામે આવતા હોય છે. ત્યારે ખેડાના મરીડા ગામમાં પ્રતિમા સ્થાપનાને લઈ વિવાદ સર્જાયો છે. ડો. બાબાસાહેબ આંબેડકરની પ્રતિમાની સ્થાપનાને લઈ વિવાદ સર્જાયો છે. મરીડા ગામના મેલડી માતાના મંદિર સામે કુવાવાળી જગ્યા પર શિલાન્યાસ કાર્યક્રમ હતો. જો કે ગ્રામ પંચાયત અને કલેક્ટરની જરૂરી મંજૂરી ન લીધી હોવાથી અન્ય સમાજના લોકોએ વિરોધ કર્યો છે.ખેડાના મરીડા ગામમાં ડૉ. બાબાસાહેબ આંબેડકરની પ્રતિમાના સ્થાપનને લઈ વિવાદ સર્જાયો હોવાનું સામે આવ્યો છે. મરીડા ગામના મેલડી માતાના મંદિર સામે કુવાવાળી જગ્યા પર શિલાન્યાસ કાર્યક્રમ હતો. જો કે ગ્રામ પંચાયત અને કલેક્ટરની જરૂરી મંજૂરી ન લીધી હોવાથી અન્ય સમાજના લોકોએ વિરોધ કર્યો છે.મરીડા ગામના સરપંચના પતિએ કહ્યું કે પ્રતિમાના સ્થાપન સામે કોઈ વિરોધ નથી. પરંતુ તંત્રની યોગ્ય મંજૂરીઓ પહેલા લેવી જોઈએ. આ મુદ્દે હવે ગ્રામ સભા અને ગામના સર્વ સમાજના આગેવાનો મળીને નિર્ણય કરશે.

## બોટાદમાં મર્ડર, વલસાડમાં ટોળાંનો જીવલેણ હુમલો

। અમદાવાદ, તા.૧૮ ।

બોટાદનાં શીરવાણીયા ગામે કેટલાક શખ્શો દ્વારા યુવકની હત્યા કરી દેતા ચકચાક મચી જવા પામી હતો. ત્યારે અલ્પેશ વીરજા નામનાં યુવાનની હત્યા થઈ હતી. પૈસાની લેતીદેતી મામલે હત્યા થઈ હોવાનું પ્રાથમિક તારણ છે. યુવાનને તીક્ષ્ણ હથિયાર મારી હત્યા કરાઈ હતી. ઘટનાની જાણ પાળીયાદ પોલીસને થતા પોલીસે ઘટનાં સ્થળે પહોંચી તપાસ હાથ ધરી હતી. તેમજ મૃતક યુવાનનાં મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલ ખસેડાયો હતો. વાપીના હાઉસિંગ સોસાયટીમાં રહેતા યુવક પર કેટલાક લોકો દ્વારા હુમલો કર્યો હતો. સમગ્ર ઘટનાનાં સીસીટીવી પણ વાયરલ થયા હતા. સીસીટીવીમાં સ્પષ્ટ દેખાય છે કે ચાર શખ્શો દ્વારા યુવકને ઢોર માર માર્યો છે. જૂની અદાવતમાં યુવકને માર માર્યો હોવાનું જાણવા મળી રહ્યું છે. ઈજાગ્રસ્ત યુવકને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડાયો હતો.



દિવાળી પર્વ પર લોકો પોતાના ઘરમાં રંગોળી બનાવીને દિવાળીની ઉજવણી કરી.

**શ્વાનનો આતંક યથાવત । એક યુવાને પોતાનો જીવ જોખમમાં મુકીને બાળકને બચાવ્યું હતું જે અત્યારે ગંભીર ઈજાગ્રસ્ત હોવાથી સારવાર હેઠળ છે**

# જુહાપુરાના ફતેવાડીમાં બાળક પર રખડતા શ્વાને હુમલો કર્યો

। અમદાવાદ, તા.૧૮ ।

રાજ્યમાં અવારનવાર રખડતા શ્વાનનો આતંક સામે આવતો હોય છે. આવી જ એક ઘટના અમદાવાદમાં બની છે. અમદાવાદના જુહાપુરા વિસ્તારના ફતેવાડીમાં ઘરની બહાર રમી રહેલા બાળક પર અચાનક રખડતા શ્વાને હુમલો કર્યો હોવાની ઘટના બની છે. જેને એક યુવાને પોતાનો જીવ જોખમમાં મુકીને બાળકને બચાવ્યુ હતુ. જે અત્યારે ગંભીર ઈજાગ્રસ્ત હોવાથી સારવાર હેઠળ છે.

રાજ્યમાં સતત શ્વાનનો આતંક વધી રહ્યો છે. ત્યારે જુહાપુરાના ફતેવાડીમાં બાળક નિશ્ચિંત થઈને ઘરની બહાર રમી હતુ ત્યારે શ્વાને બાળક પર હુમલો કર્યો હોવાની ઘટના સામે આવી છે. મોતના



મુખમાંથી બચવા બાળક તરફડીયા મારતું હોય છે. ત્યાંજ એક યુવક પહોંચી જાય છે અને બાળકને છોડાવે છે.

યુવક એકપણ સેકન્ડની ચિંતા કર્યા વિના પોતાનો જીવ દાવ પર લગાવીને બાળકને બચાવ્યુ છે.જો યુવક સમયસર ન પહોંચ્યો હોત તો એક પરિવાર પર કદાચ નવા વર્ષે જ આભ ફાટી પડતું. શ્વાનના હુમલામાં ગંભીર રીતે ઘાયલ બાળકને તાત્કાલિક સારવાર અર્થે ખસેડવામાં આવ્યુ છે. જ્યાં તેની સ્થિતિ સ્થિર છે.

અમદાવાદમાં શ્વાનના હુમલાના લગભગ ૨૫ થી ૫૦ કેસ જોવા મળે છે. તેમજ દરરોજના ૧૨૦ થી ૧૩૦ જેટલા શ્વાનનું ખસીકરણ કરવામાં આવે છે. માત્ર અમદાવાદમાં જ શ્વાને લોકો પર કરેલા હુમલાના આંકડા જોઈએ તો ૨૦૨૦માં ૫૧,૨૪૪ લોકો પર હુમલો કર્યો હતો. ત્યારે ૨૦૨૧માં ૫૦,૬૬૮ લોકો પર શ્વાનએ હુમલો કર્યો હતો. તેમજ ૨૦૨૨ના આંકડા જોઈએ તો ૫૮,૧૨૫ શ્વાન કરડ્યા હોવાના કેસ નોંધાયા હતા.તો ચાલુ વર્ષે અત્યાર સુધી ૬૦ હજારથી વધારે લોકો પર શ્વાને હુમલો કર્યો છે.

**રાજકોટમાં અકસ્માતની ઘટના બની**

## જસદણના આટકોટ-કરણુંકી રોડ પર અકસ્માતની ઘટના બની

### બે લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા જેઓને તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટસ ખસેડવામાં આવે છે

। રાજકોટ, તા.૧૮ ।

રાજકોટના જસદણના આટકોટ-કરણુંકી રોડ પર અકસ્માતની ઘટના બની હોવાનું સામે આવ્યુ છે. અકસ્માતમાં ગરણી ગામની ૫૦ વર્ષીય મહિલાનું મોત નિપજ્યુ છે. કાર ચાલકે કાબૂ ગુમાવતા અકસ્માત સર્જાયો હતો. જેના પગલે બે લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા. જેઓને તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટસ ખસેડવામાં આવે છે. રાજ્યમાં અવારનવાર અકસ્માતની ઘટના સામે આવતી હોય છે. ત્યારે રાજકોટમાં અકસ્માતની ઘટના બની છે. રાજકોટના જસદણના આટકોટ-કરણુંકી રોડ પર અકસ્માતની ઘટના બની હોવાનું સામે આવ્યુ છે. અકસ્માતમાં ગરણી ગામની ૫૦ વર્ષીય મહિલાનું મોત નિપજ્યુ છે. કાર ચાલકે કાબૂ ગુમાવતા અકસ્માત સર્જાયો હતો. જેના પગલે બે લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા. જેઓને તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટસ ખસેડવામાં આવે છે. ગઈકાલે જામનગરના નાની બાણુગર ગામ નજીક બાઈકને અડફેટે લીધી હતી. જેમાં બાઈકચાલકનુ મોત નીપજ્યું હતુ. દંપતીને અડફેટે લેનાર મ્સ્ઉ કારચાલકની પોલીસે અટકાયત કરી છે. ઘટના જામનગર-રાજકોટ હાઈવે પર આવેલા નાની બાણુગર ગામના પાટિયા પાસેની છે. જ્યાંથી દિનેશ મકવાણા નામના વ્યક્તિ અને તેમની પત્ની અનિતા મકવાણા ટુ-વ્હીલર પર જઈ રહ્યા હતા. આ દરમિયાન મ્સ્ઉ કારચાલકે પાછળથી ટક્કર મારતાં દિનેશ મકવાણાનું ઘટનાસ્થળે જ મોત થયું હતું.જ્યારે તેમની પત્ની અનિતાને ઈજા પહોંચતા સારવાર માટે હોસ્પિટલમાં લઈ જવાઈ હતી. ઘટનાની જાણ થતાં જ પોલીસે ગણતરીના કલાકોમાં આરોપીને ઝડપી પાડ્યો છે.



**સુનિલ તિવારીએ ગળેફાંસો ખાઈ આપઘાત કર્યો હતો । સ્યુસાઈડ નોટના આધારે ડીંડોલી પોલીસે ચાર વિરુદ્ધ દુષ્પ્રેરણાનો ગુનો નોંધી મામલામાં તપાસ હાથ ધરી**

# કારખાનેદારની આત્મહત્યામાં જવાબદાર ૪ પૈકી એકની ધરપકડ

। સુરત, તા.૧૮ ।

સુરતના ડીંડોલી અંબિકા હેવનમાં સવા મહિના અગાઉ પોતાના જ ઘરમાં ગળેફાંસો ખાઈ આપઘાત કરનાર યુવાન કારખાનેદારે લખેલી સ્યુસાઈડ નોટના આધારે ડીંડોલી પોલીસે ચાર વિરુદ્ધ દુષ્પ્રેરણાનો ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.પોલીસે ગતરોજ ચાર પૈકી એકની ધરપકડ કરી હતી.પોલીસ સૂત્રો દ્વારા પ્રાપ્ત થતી વિગતો મુજબ મૂળ બિહારના વતની અને સુરતમાં ડીંડોલી અંબિકા હેવન ઈ/૫૦૩ માં રહેતા તેમજ ભેસ્તાન ખાતે કાપડનું કારખાનું ધરાવતા ૪૪ વર્ષીય સુનિલભાઈ ગુલાબભાઈ તિવારીએ ગત ૭ ઓક્ટોબરે સવારે પોતાના જ ઘરમાં ગળેફાંસો ખાઈ આપઘાત કર્યો હતો.તેમના પત્ની રાનીબેનને સુનિલભાઈએ પુત્રીની સ્કુલની નોટમાંથી પાનું ફાડી હિન્દી અને અંગ્રેજીમાં લખેલી અને શર્ટના ખિસ્સામાં રાખેલી એક સ્યુસાઈડ નોટ મળી હતી.તેમાં તેમણે લખ્યું હતું કે બબલુ દુબેને મેરી કંપની બીકવા દીયા ઔર જબરજસ્તી મુજસે એગ્રીમેન્ટ પર સાઈન કરવાયા.ઉસમેં સાક્ષીમે બબલુ ઓર દિવાકર દોનો હૈ સતીશ પાઠક ખરીદદાર હૈ ઔર એગ્રીમેન્ટ મેં ચેક નંબર જોકી પૈસા મુજે નહીં દિયા ગયા ભુસન પાટીલને એક લાખ દો હજાર મેરા નહીં દિયા જો કી બાકી થા હસમુખ પટેલ કે પાસ મેરા પેમેન્ટ થા જોકી ઉસને નહીં દિયા મેરે પાસ કોઈ રસ્તા નહીં બચા હૈ સોરી મેરી પ્યારી વાઈફ ઓર મેરે બચ્ચે - સુનિલ. પોલીસે આ સ્યુસાઈડ નોટના આધારે તપાસ કરતા જાણવા મળ્યું હતું કે બબલુ દુબેએ કોરોના સમયે સુનિલભાઈને રૂ.૧૦ લાખ સાત ટકાના વ્યાજે આપ્યા હતા.તેનું વ્યાજ સુનિલભાઈ સમયસર દર મહિને ચુકવતા હતા.પરંતુ તેમનું કારખાનું બંધ કરાવવા તે જગ્યાના માલિક ભુષણ પાટીલે લાઈટ કપાવી નાખી હતી અને ધંધો બંધ થતા સુનિલભાઈને પૈસાની જરૂર હતી છતાં ડીપોઝીટના રૂ.૨ લાખ પણ પરત આપ્યા નહોતા. બબલુ દુબેના પૈસા ચૂકવવાના બાકી હોય સતિષ પાઠકને પાર્ટનર રાખ્યો હતો.પણ તે હિસાબ બરાબર આપ તો નહોતો.હસમુખ પટેલે કોરોના પહેલા સુનિલભાઈ પાસેથી માલ લઈ તેના રૂ.૬ થી ૭ લાખ આપ્યા નહોતા. આ તમામને લીધે સતત ટેંશનમાં રહેતા સુનિલભાઈએ આપઘાત કર્યો હતો.

**વિશેષ લેખ**

**નવ વર્ષે ભારત રોશનીથી ઝળહળી ઊઠે છે લોકો નાચ-ગાન સાથે નવા વર્ષની શરૂઆત કરે છે**

# ભારત સહીત દેશ વિદેશમા નવવર્ષની ઉજવણી કેવી રીતે કરવામાં આવે છે ?

**ભગવાન બ્રહ્માએ દિવસથી સૃષ્ટિની રચનાની શરૂઆત કરી હતી આ દિવસથી વિક્રમ સંવતનું નવું વર્ષ શરૂ થાય છે**



**સાંપ્રત પ્રવાહો**

લેખક : દીપક જગતાપ

આપણા દેશમા દિવાળીના બીજે દિવસે નવવર્ષની ઉલ્લાસભેર ઉજવણી કરવામાં આવે છે.આપણે ત્યા દિવાળી પછીના બીજા દિવસે બેસતા વર્ષથી નૂતન વર્ષ ઉજવાય છે. સાલમુબારક કે નૂતન વર્ષાભિનંદન કે હેપી ન્યુ ઈયર કહીને એક બીજાને નવ વર્ષની શુભેચ્છા પાઠવે છે.તો વર્ષના અંતે ડિસેમ્બરની અંતિમ તારીખ ૩૧મી ઓકટોબરે ૧૨ના ટકોરે જુના વર્ષને વિદાય આપી ૧લી જાન્યુઆરીએ થી નવ વર્ષનું ભવ્ય સ્વાગત કરી નવ વર્ષની ઉજવણી કરાય છેઆપણા દેશની માફક અન્ય દેશોમાં પણ નવ વર્ષ વર્ષની ઉજવણી કરાય છે.

હવે આપણે આપણા દેશ વિશે જાણીએ કે આપણા દેશમાં નવા વર્ષનો તહેવાર કેટલી વાર ઉજવવામાં આવે છે. ભારતમાં જુદા જુદા ધર્મો છે અને આ બધા ધર્મોમાં નવા વર્ષની ઉજવણીઅલગ-અલગ દિવસે કરવામાં આવે છે. પંજાબમાં નવું વર્ષ બૈસાખીના દિવસે ઉજવવામાં આવે છે. પશ્ચિમ બંગાળ અને બાંગ્લાદેશમાં પણ આ તહેવારબૈસાખીની આસપાસ ઉજવવામાં આવેછે. મહારાષ્ટ્રમાં, નવું વર્ષ ગુડી પડવાના દિવસે ઉજવવામાં આવે છે જે માર્ચ-એપ્રિલ મહિનામાં આવે છે. ગુજરાતમાં તે દિવાળીના બીજા દિવસે ઉજવવામાંઆવે છે. તે જ સમયે, ઈસ્લામિક કેલેન્ડરમાં, નવા વર્ષને મોહરમ તરીકેપણ ઓળખવામાં આવે છે.

ચૈત્ર મહિનાની શુક્લ પ્રતિપદાથી, હિંદુ નવું વર્ષ ચૈત્ર મહિનાની શુક્લપ્રતિપદાથી શરૂ થવાનું માનવામાં આવે છે. તેને હિન્દુ નવ સંવત્સર અથવા નવુંસંવત પણ કહેવામાં આવે છે. એવું માનવામાં આવે છે કે ભગવાન બ્રહ્માએ દિવસથી સૃષ્ટિની રચનાની શરૂઆત કરી હતી. આ દિવસથી વિક્રમ સંવતનું નવું વર્ષ શરૂ થાય છે. અંગ્રેજી કેલેન્ડર મુજબ આ તારીખ એપ્રિલમાંઆવે છે. તે ભારતના ઘણા પ્રદેશોમાં ગુડી પડવા, ઉગાડી વગેરે નામોથી ઉજવવામાં આવે છે.

જૈન નવું વર્ષદીપાવલી પછીના દિવસથી જૈન નવું વર્ષ દીપાવલી પછીના દિવસથી શરૂ થાય છે. તેને વીર નિર્વાણ સંવત પણકહેવામાં આવે છે. આ દિવસથી જૈન સમુદાય તેના નવા વર્ષની ઉજવણી કરે છે.પંજાબી નવું વર્ષ પંજાબમાં નવા વર્ષને વૈશાખી તહેવાર તરીકે ઉજવવામાં આવે છે. જે એપ્રિલમાં આવે છે. શીખ નાનકશાહી કેલેન્ડર મુજબ, હોળીનો બીજો દિવસ નવાવર્ષની શરૂઆત દર્શાવે છે.

ભારતના અલગ અલગ ભાગોમાં પણ નવા વર્ષની શાનદાર ઉજવણી થાય છે.મુંબઈમાં ગેટ વે ઓફ ઈન્ડિયા, છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ રેલવે સ્ટેશન, ઓડિશામાં જગન્નાથપુરીનું મંદિર, હિમાચલ મોલ રોડ સહિત સમગ્ર ભારત રોશનીથી ઝળહળી ઊઠે છે.લોકો નાચ-ગાન સાથે નવા વર્ષની શરૂઆત કરે છે. વિશ્વના કેટલાક દેશોમાં નવા વર્ષની ઉજવણી દિવસના સમયે અથવા તો ભારત પહેલા જ શરૂ થાય છે અને અહીં કેલેન્ડરમાં તારીખ પહેલાથી જ બદલાઈ જાય છે. હવે આપણે જુદા જુદા દેશોમાં નવ વર્ષની ઉજવણી કેવી રીતે થાય છે તેના વિશે જાણીએ..


**કિરીબાતી**

ભારત અને કિરીબાતી વચ્ચે ૮.૩૦ કલાકનો તફાવત છે. આ કારણે, જ્યારે ભારતમાં દિવસનો સમય હોય , ત્યારે જ કિરીબાતીમાં નવા વર્ષની ઉજવણી શરૂ થાય છે. વિશ્વમાં સૌથી પહેલા નવ વર્ષની ઉજવણી કિરીબાતીમાં કરવામાં આવે છે

**ન્યુઝીલેન્ડ**

ન્યુઝીલેન્ડ એ દક્ષિણ પશ્ચિમ પેસિફિક મહાસાગરમાં આવેલો એક ટાપુ દેશ છે. તેના બે મુખ્ય લેન્ડમાસ ઉત્તર ટાપુ અને દક્ષિણ ટાપુ છે. વધુમાં, ન્યુઝીલેન્ડમાં ૭૦૦ થી વધુ નાના ટાપુઓ છે.





ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચે સમયનો તફાવત ૭.૩૦ કલાકનો છે. અહીં નવા વર્ષની ઉજવણી ભારત પહેલા શરૂ થઈ જાય છે.

**ફિજી**

દક્ષિણ પેસિફિકમાં સ્થિત ફિજી દેશ ૩૦૦ થી વધુ ટાપુઓનો દ્વીપસમૂહ છે. તે કઠોર ભૂપ્રદેશ, પામ વૃક્ષો સાથે દરિયાકિનારા અને સ્વચ્છ લગૂન્સ ધરાવે છે. ભારત અને ફિજી વચ્ચે ૬.૩૦ કલાકનો તફાવત છે. આ જ કારણ છે કે અહીંના લોકો આપણા પહેલા નવા વર્ષની ઉજવણી કરે છે.

**ઓસ્ટ્રેલિયા**

વિશ્વના છઠ્ઠા સૌથી મોટા દેશ ઓસ્ટ્રેલિયા અને ભારત વચ્ચે સમયનો તફાવત ૫.૩૦ કલાકનો છે. નવા વર્ષની ઉજવણી સૌથી પહેલા દેશની રાજધાની કેનબેરામાં શરૂ થાય છે.આ પછી, ધીમે ધીમે લોકો દેશના અન્ય શહેરોમાં પણ ઉજવણી શરૂ થઈ જાય છે.

**પાપુઆ ન્યુ ગિની**

પાપુઆ ન્યુ ગિની એ ઈન્ડોનેશિયા નજીક પેસિફિક મહાસાગર ક્ષેત્રમાં સ્થિત એક દેશ છે. દેશની રાજધાની પોર્ટ મોરેસ્બી છે. ભારત અને પાપુઆ ન્યુ ગિની વચ્ચે ૪.૩૦ કલાકનો સમય તફાવત છે. જેના કારણે ભારત પહેલા અહીં ઉજવણી શરૂ થઈ જાય છે.

**જાપાન**

જાપાન પૂર્વ એશિયામાં સ્થિત એક ટાપુ દેશ છે. તે ઉત્તર પશ્ચિમ પેસિફિક મહાસાગરમાં સ્થિત છે. ભારત અને જાપાન વચ્ચે સમયનો તફાવત ૩.૩૦ કલાકનો છે. જેના કારણે નવી દિલ્હી પહેલા ટોક્યોમાં નવા વર્ષની ઉજવણી કરવામાં આવે છે .

ગયા વર્ષે ફ્રાન્સમાં નવા વર્ષના અવસરે પેરિસસ્થિત આર્ક ડી ટ્રાયંફમાં જોરદાર આતિશબાજી થઈ હતી. આકાશ ઝળહળી ઊઠ્યું હતું. લોકો પોતાનો મોબાઈલ કાઢીને વિડિયો બનાવવામાં લાગી ગયા હતા.

તુર્કીમાં નવા વર્ષની ઉજવણી ભવ્ય રીતે કરાઈ હતી. સમુદ્ર વચ્ચે આકાશ તરફ જતી રંગબેરંગી રોશનીને જોઈને લોકો રોમાંચિત થઈ ગયા હતા. ઈસ્તંબુલના બોસ્ફોરસ સ્ટ્રેટમાં થયેલી આ આતિશબાજીને પણ લોકોએ પોતાના કેમેરામાં કેદ કરી હતી.

ગ્રીસમાં આવેલા એક્રોપોલિસ ઓફ એથેન્સમાં પણ જોરદાર આતિશબાજીનો નજારો જોવા મળ્યો હતો. ૧૨ વાગતાં જ આકાશ અલગ અલગ રંગોથી ભરાઈ ગયું હતું.

સંયુક્ત આરબ અમીરાતમાં નવા વર્ષના જશ્ન માટે દુબઈના બુર્જ ખલીફાને ખાસ રીતે સજાવવામાં આવ્યું હતું. ૧૨ વાગતાં જ બુર્જ ખલીફા રોશનીની ચાદરથી લપેટાઈ ગયું હતું.

જયારે ૪૦૦૦ વર્ષ પહેલાં બેબીલોનમાં નવું વર્ષ ૨૧ માર્ચે ઉજવવામાં આવ્યું હતું, જે વસંતના આગમનની તારીખ પણમાનવામાં આવતું હતું. પ્રાચીન રોમમાં પણ નવા વર્ષનો તહેવાર ત્યારે જઉજવવામાં આવતો હતો. જ્યારે રોમનાસમ્રાટ, જુલિયસ સીઝર, ૪૫ માં વર્ષ પૂર્વે જુલિયન કેલેન્ડરની સ્થાપના કરી, ત્યારે વિશ્વમાં પ્રથમ વખત ૧જાન્યુઆરીએ નવું વર્ષ ઉજવવામાં આવ્યું. ગ્રેગોરિયન કેલેન્ડર મુજબ નવું વર્ષ ૧ જાન્યુઆરીએ આવે છે. વિવિધસંસ્કૃતિઓનું પોતાનું કેલેન્ડર અને પોતાનું નવું વર્ષ હોય છે. વિશ્વના દેશો જુદા જુદા સમયે નવા વર્ષની ઉજવણીકરે છે.

### ચૂંટણીમાં મતદારોને રિઝવવાના પક્ષોના પ્રયાસ

# રાજસ્થાનમાં સાત ઉમેદવારોને બે-બે પત્ની, સોગંદનામામાં ખુલાસો

## કેટલાક એવા ઉમેદવારો પણ છે, જેમને પથી વધુ સંતાનો છે, ઝાડોલથી કોંગ્રેસના હીરાલાલ દરાંગીને ૭ સંતાન છે

। જેસલમેર, તા.૧૮ ।

રાજસ્થાન વિધાનસભા ચૂંટણીમાં પાર્ટીનો અને પોતાનો દબદબો ઊંચે લઈ જવા તમામ ઉમેદવારો ભરપુર પ્રયાસો કરી રહ્યા છે. ભાજપ-કોંગ્રેસ સહિતના પક્ષોના ઉમેદવારો દિવસરાત મતદારોને રિઝવવા મથી રહ્યા છે, ત્યારે અહીં એફિડેવીટમાં કેટલીક રોચક વાતો પણ સામે આવી છે. મેવાડ-વાગડની ૨૮માંથી ૬ બેઠકો પર ૭ ઉમેદવારો એવા છે, જેમની ૨-૨ પત્નીઓ છે. પ્રતાપગઢ બેઠક પર ભાજપ-કોંગ્રેસના બંને ઉમેદવારોની ૨-૨ પત્નીઓ છે. ઉમેદવારોએ જ્યારે એફિડેવીટ નોંધાવી ત્યારે તેમના સોગંદનામામાં આ વાતનો ખુલાસો થયો છે. એફિડેવિટ બાદ સોગંદનામાથી જાણવા મળ્યું કે, કેટલાક એવા ઉમેદવારો પણ છે, જેમને પથી વધુ સંતાનો છે. આમાં ઝાડોલથી કોંગ્રેસના હીરાલાલ દરાંગીને ૭ સંતાનો જ્યારે ભાજપના બાબુલાલ ખરાડીને પ સંતાનો હોવાનું સોગંદનામામાં સામે આવ્યું છે. જ્યારે ખેરવાડા બેઠક પરના ભાજપ ઉમેદવાર નાનાલાલ અહારીને ૬ સંતાનો છે. ઉદયપુરની વલ્લભનગર બેઠક પરના ભાજપા ઉમેદવાર ઉદયલાલ ડાંગીની ૨ પત્નીઓ છે, જ્યારે ખેરવાડા બેઠક પરના કોંગ્રેસ ઉમેદવાર દયારામ પરમાર અને ઝાડોલથી કોંગ્રેસ ઉમેદવાર હીરાલાલ દરાંગીને પણ ૨-૨ પત્નીઓ છે. પ્રતાપગઢ બેઠક પરના ભાજપ ઉમેદવાર હેમંત મીણા અને કોંગ્રેસના રામલાલ મીણાએ એફિડેવીટ સાથેના સોગંદનામામાં પણ આનો ઉલ્લેખ કર્યો છે.

### યુકો બેંકના ગ્રાહકોના એકાઉન્ટમાં નાણાંનો વરસાદ

# બેંકની ભૂલથી ગ્રાહકોના ખાતામાં ૮૨૦ કરોડ જમા

। નવી દિલ્હી, તા.૧૮ ।

દેશની સરકારી યુકો બેંકના ગ્રાહકોના એકાઉન્ટમાં નાણાંનો વરસાદ થઈ ગયો છે, જોકે બેંકની ભુલને કારણે લગભગ ૮૨૦ કરોડ રૂપિયા જમા થઈ ગયા હોવાનું સામે આવ્યું છે. બેંકે જણાવ્યું કે, આ રકમ ટેકનિકલ ફોલ્ટના કારણે ગ્રાહકોના એકાઉન્ટમાં જમા થઈ છે, જેને પરત લેવાની કામગીરી ચાલી રહી છે. યુકો બેંકે જણાવ્યું કે, અત્યાર સુધીમાં ૬૪૯ કરોડ રૂપિયા એટલે કે ૭૯ ટકા રકમ પરત આવી ગઈ છે. બેંકે કહ્યું કે, આ રકમ ઈમિડિએટ પેમેન્ટ સિસ્ટમ (આઈએમપીએસ) દ્વારા બેંકના કેટલાક એકાઉન્ટમાં ભુલથી જમા થઈ ગઈ હતી.

યુકો બેંકે આજે નિયમનકારી ફાઈલિંગમાં જણાવ્યું કે, બેંકે વિવિધ પગલા ભરી રિસીવ એકાઉન્ટોને બ્લોક કરી દીધા છે અને ૮૨૦ કરોડ રૂપિયામાંથી ૬૪૯ કરોડ રૂપિયા પરત મેળવી લીધા છે. આમ કુલ રકમમાંથી ૭૯ ટકા રકમ પરત મેળવી લેવાઈ છે. જોકે આમ ટેકનિકલ કારણે થયું છે કે, હેકના કારણે, તેની બેંક તપાસ કરી રહી છે.

### હરિયાણાના નૂહમાં ફરીથી વાતવરણ તંગ બન્યું

# પૂજન માટે જતી મહિલાઓ પર મસ્જિદમાંથી પથ્થરમારો

## પથ્થરમારાને કારણે ઓછામાં ઓછી ત્રણ મહિલા ઘાયલ, ઘટના બાદ વિસ્તારમાં પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવાયો

। નૂહ, તા.૧૮ ।

હરિયાણાના નૂહમાં ફરી એકવાર વાતાવરણ તંગ બન્યું છે. ગુરુવારે રાત્રે નૂહમાં ‘કુવા પૂજન’ માટે જઈ રહેલી કેટલીક મહિલાઓ પર એક મસ્જિદમાંથી કેટલાક અજાણ્યા લોકો દ્વારા પથ્થરમારો કરવાનો પ્રયાસ કર્યો હતો. આ પથ્થરમારાને કારણે ઓછામાં ઓછી ત્રણ મહિલાઓ ઘાયલ થઈ છે. આ ઘટના બાદ વિસ્તારમાં પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. પોલીસે આ અંગે એફઆઈઆર નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

ઘટનાની માહિતી મળતાની સાથે જ નુહના પોલીસ અધિક્ષક (એસપી) નરેન્દ્ર બિજાર્નિયા ભારે પોલીસ દળ સાથે ઘટનાસ્થળે પહોંચ્યા અને લોકોને શાંત પાડ્યા. આ અંગે માહિતી આપતાં એક પોલીસ અધિકારીએ જણાવ્યું કે, આ અંગે હજુ સુધી તેમને કોઈ ફરિયાદ મળી નથી, પરંતુ કાયદા મુજબ યોગ્ય કાર્યવાહી કરવામાં આવશે.

પોલીસના જણાવ્યા અનુસાર, આ ઘટના રાત્રે લગભગ ૮:૨૦ વાગ્યે એક મસ્જિદ પાસે બની હતી, જ્યારે મહિલાઓનું એક જૂથ ‘કુવા પૂજન’ માટે જઈ રહ્યું હતું. પોલીસે જણાવ્યું કે જ્યારે મહિલાઓ મસ્જિદ પાસે પહોંચી ત્યારે કથિત રીતે તેમના પર પથ્થરમારો કરવામાં આવ્યો હતો અને આ ઘટનામાં ત્રણ મહિલાઓ ઘાયલ થઈ હતી. નૂહના પોલીસ અધિક્ષક નરેન્દ્ર સિંહ બિજાર્નિયાએ કહ્યું કે કેટલીક મહિલાઓ ‘કૂવા પૂજન’ કરવા જઈ રહી હતી અને ફરિયાદ મળી હતી કે મદરેસાના કેટલાક બાળકોએ તેમના પર પથ્થરમારો કર્યો હતો. આ ઘટના બાદ બંને સમાજના લોકો અહીં એકઠા થઈ ગયા હતા. FIR નોંધવામાં આવી રહી છે. અમે લોકોને શાંતિ જાળવવા અપીલ કરીએ છીએ. દોષિતો સામે કાયદા મુજબ યોગ્ય કાર્યવાહી કરવામાં આવશે. આ ઘટનામાં કોઈ મહિલાને કોઈ મોટી ઈજા થઈ નથી. આ ઘટના બાદ વિસ્તારમાં તંગદિલી ફેલાઈ ગઈ છે. કથિત ઘટના બાદ પોલીસે લોકોને શાંતિ જાળવવા અપીલ કરી છે. નોંધનીય છે કે આ વર્ષની શરૂઆતમાં ૩૧ જુલાઈના રોજ વિશ્વ હિન્દુ પરિષદની બ્રજ મંડળ શોભા યાત્રા પર ટોળાએ હુમલો કરતા નૂહમાં કોમી હિંસા ફાટી નીકળી હતી, જેમાં બે હોમગાર્ડ જવાનો અને એક મસ્જિદના મૌલવીના મોત થયા હતા.

### વણસતી જતી સ્થિતિને જોતા અહીં ટપોટપ દુકાનો પણ બંધ, જિલ્લાભરમાં પોલીસનો કાફલો ખડકી દેવાયો

૩૧ જુલાઈએ બ્રિજમંડળ યાત્રા પર પથ્થરમારા બાદ થયેલી હિંસાની આગમાં સળગેલા નુંહમાં ફરી તંગદિલી ફેલાવાનું ષડયંત્ર સામે આવ્યું છે. હરિયાણાના નૂંહમાં પૂજા કરવા જઈ રહેલી મહિલાઓ પર પથ્થરમારો કરવાની ઘટના બાદ લોકો ગુસ્સે ભરાયા છે અને રસ્તાઓ પર ઉતરી આવ્યા છે. વણસતી જતી સ્થિતિને જોતા અહીં ટપોટપ દુકાનો પણ બંધ થઈ રહી છે. પોલીસે પણ સુરક્ષાને ધ્યાને રાખી તેમજ કોઈ અનિચ્છનિય ઘટના ન બને તે માટે જિલ્લાભરમાં પોલીસનો કાફલો ખડકી દીધો છે. દરમિયાન નૂંહના વોર્ડ નંબર-૧૦માં ગઈકાલે રાત્રે મદરેસા પરથી પથ્થરમારો કરાતા ત્રણ મહિલાઓ ઈજાગ્રસ્ત થઈ છે. ઘટના બાદ નૂંહમાં ફરી તંગદિલી ફેલાઈ છે. અહીં કૂંઆ પૂજન માટે જઈ રહેલી મહિલાઓ પર પથ્થમારો કરાયા બાદ લોકો રસ્તા પર ઉતરી આવ્યા છે. હુમલાના વિરોધમાં મોટાભાગના હિન્દુ વેપારીઓએ પોતાની દુકાનો ટપોટપ બંધ કરી દીધી છે. કેટલાક સ્થળોએ લોકો રસ્તા પર ઉતરી આવી વિરોધ-પ્રદર્શન કરી રહ્યા છે. આ તમામ બાબતોને ધ્યાને રાખી જિલ્લાભરમાં સુરક્ષા વ્યવસ્થામાં વધારો કરી દેવાયો છે.પોલીસે કહ્યું કે, રામ અવતાર નામના એક વ્યક્તિના ઘરે ગઈકાલે કુઆં પૂજનનું આયોજન કરાયું હતું. પરિવારની મહિલાઓ સહિત લગભગ ૨૦ લોકો રાત્રે લગભગ ૮.૦૦ કલાકે પોતાના ઘરથી નજીક આવેલ શિવ મંદિર જઈ રહ્યા હતા.



ચૂંટણી ફરજ પરના સીમા ગૃહ રક્ષાદળના કર્મચારીઓ બિકાનેરમાં રાજસ્થાન વિધાનસભા ચૂંટણી માટે મતદાન કરવા માટે લાઈનમાં તેમનું ચૂંટણી કાર્ડ બતાવતા નજરે પડે છે.

### પાકિસ્તાનમાં ભારતના શત્રુઓને વીણી વીણીને ઠાર કરાઈ રહ્યા છે

# પાકિસ્તાનમાં આતંકી મસૂદ અઝહરના નજીકના રહીમુલ્લાહની હત્યા કરાઈ

## આ આતંકવાદી ભારત માટે મોસ્ટ વોન્ટેડ હતો, તે ઘણીવાર ભારત વિરુદ્ધ ભાષણ આપતો હતો, પાકિસ્તાનના ઓરંગી શહેરમાં તેને અજાણ્યા લોકોએ ઠાર માર્યો

। કરાંચી, તા.૧૮ ।

ભારતના શત્રુઓ એવા પાકિસ્તાની આતંકીઓને જાણે કોઈ વીણી વીણીને ઠાર કરી રહ્યું હોય એમ વધુ એક આતંકીની કરાચીમાં ગોળી મારીને હત્યા કરી દેવામાં આવી છે. આ આતંકવાદી મસૂદ અઝહરનો નજીકનો હતો.

પાકિસ્તાનમાં આતંકવાદીઓનો ખાત્મો ચાલુ છે અને આ વખતે મસૂદ અઝહરનો નજીકનો આતંકવાદી રહીમુલ્લાહ તારિકની કરાચીમાં ગોળી મારીને મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યો છે. આ આતંકવાદી ભારત માટે મોસ્ટ વોન્ટેડ હતો. તે ઘણીવાર ભારત વિરુદ્ધ ભાષણ આપતો હતો. પાકિસ્તાનના ઓરંગી શહેરમાં તેને અજાણ્યા લોકોએ ઠાર માર્યો હતો. હજુ થોડા દિવસો પહેલા જ લશ્કર એ તોયબા (એલઈટી)ના આતંકી અકરમ ખાન ઉર્ફે અકરમ ગાઝીની પાકિસ્તાનના બાજૌરમાં અજાણ્યાં હુમલાખોરોએ કથિતરૂપે ગોળી મારી હત્યા કરી નાખી હતી. આ પહેલા ગત મહિને પઠાણકોટ હુમલાના માસ્ટરમાઈન્ડ શાહિદ લતીફનું મોત થયું હતું. પ્રાથમિક વિગતો મુજબ કરાચીના ઓરંગી ટાઉનમાં ભારત વિરોધી રેલીનું આયોજન કરવામાં આવી રહ્યું હતું અને રહીમુલ્લાહ તારિક તેમાં સામેલ થવા જઈ રહ્યો હતો ત્યારે અજાણ્યા લોકોએ તેના પર ગોળીબાર કર્યો હતો. સ્થાનિક મીડિયાએ પોલીસ અધિકારીઓને ટાંકીને કહ્યું કે આ ઘટના ટાર્ગેટ કિલિંગ હોઈ શકે છે.

# ગ્લોબલ સાઉથના દેશોએ સાથે મળીને વિશ્વ હિતમાં અવાજ ઊઠાવવો પડશે : વડાપ્રધાન મોદી

। નવી દિલ્હી, તા.૧૮ ।

ઈઝરાયેલ-હમાસના યુદ્ધને ૫૦થી વધુ દિવસો થઈ ગયા છે, ત્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે કહ્યું કે, પશ્ચિમ એશિયામાં બનેલી ઘટનાઓથી નવા પડકારો ઉભા થયા છે.

તેમણે કહ્યું કે, હવે સમય આવી ગયો છે કે, ‘ગ્લોબલ સાઉથ’ના દેશોએ વિશ્વના હિતમાં ઉભા થઈ એકસાથે અવાજ ઉઠાવવો જોઈએ. પીએમ મોદીએ ભારતની યજમાની હેઠળ યોજાયેલ વૉયસ ઓફ ગ્લોબલ સાઉથ સમિટમાં વર્ચ્યુઅલ સંબોધન દરમિયાન આ વાત કહી છે. ઉલ્લેખનિય છે કે, ગ્લોબલ સાઉથનો અર્થ એ દેશો સાથે જોડાયેલો છે, જે દેશો હંમેશા વિકાસશીલ, ઓછા વિકસીત અથવા અવિકસીત રૂપે ઓળખાય છે. અને આમાં મુખ્યરૂપે આફ્રિકા, એશિયા અને લેટિન અમેરિકાનો સમાવેશ થાય છે.



વડાપ્રધાન મોદીએ કહ્યું કે, ભારતે ઈઝરાયેલ પર આતંકવાદી હુમલાની નિંદા કરી છે. તેમણે કહ્યું કે, અમે હમાસ અને ઈઝરાયેલ વચ્ચેના સંઘર્ષમાં નાગરિકોની હત્યાની કડક શબ્દોમાં ટીકા કરીએ છીએ. અમે વાતચીત, રાજદ્વારી ઉપરાંત સંયમ પર ભારપૂર્વક વાત રજુ કરી છે. તેમણે કહ્યું કે,અમે જોઈ રહ્યા છીએ કે, પશ્ચિમ એશિયાના બનતી ઘટનાઓથી નવા પડકારો ઉભા થઈ રહ્યા છે. દરમિયાન ભારતે વિકાશસીલ દેશો સમક્ષ આવનારા પડકારો અને ચિંતાઓ મુદ્દે અવાજ ઉઠાવવા જાન્યુઆરીમાં ‘વૉઈસ ઓફ ગ્લોબલ સાઉથ સમિટ’ના પ્રથમ સંસ્કરણની યજમાની કરી હતી. વડાપ્રધાન મોદીએ કહ્યું કે, ‘વૉઈસ ઓફ ગ્લોબલ સાઉથ’ ૨૧મી સદીની બદલતી દુનિયાને આગળ લાવતું સર્વશ્રેષ્ઠ મંચ છે. તેમણે કહ્યું કે, આપણે ૧૦૦થી વધુ દેશો છીએ, પરંતુ આપણી પ્રાથમિકતા સમાન છે. પીએમ મોદીએ શિખર સંમેલનમાં પાંચ ‘સી’ - પરામર્શ, સંચાર, સહકાર, સર્જનાત્મકતા અને ક્ષમતા નિર્માણ હેઠળ સહયોગ આપવાની અપીલ કરી. જી૨૦માં આફ્રિકી સંઘને કાયમી સભ્ય બનાવવાનો ઉલ્લેખ કરી વડાપ્રધાન મોદીએ કહ્યું કે, ભારતના પ્રયાસથી આફ્રિકી સંઘનો કાયમી સભ્ય તરીકે સામેલ કરાયો હતો, હું આ ઐતિહાસિક ક્ષણને ક્યારેય ભુલીશ નહીં.

## વિશેષ

### કૃષિ વિજ્ઞાન કેન્દ્ર-સુરત દ્વારા મધમાખી ઉછેરની તાલીમ યોજાઈ

# મધમાખી ઉછેર એટલે કે ઉત્તમ આર્થિક વળતર અને ખેડૂતોની આત્મનિર્ભરતાનો પર્યાય

## કુદરત દ્વારા મળેલા ફુલોનો રસ અને વેડફાઈ જતા પરાગનો ઉપયોગ કરી કુદરતને હાનિ કર્યા વગર દેશનું કૃષિ ઉત્પાદન વધારી શકાય છે

માનવ પ્રવૃત્તિઓથી મધમાખીઓ પર તોળાતા જોખમ વિશે લોકજાગૃત્તિ આપવા માટે દર વર્ષે ઓગસ્ટ મહિનાના ત્રીજા શનિવારને ‘વિશ્વ મધમાખી દિવસ’ તરીકે ઉજવવામાં આવે છે. લોકોને ઈકોલોજીકલ સિસ્ટમમાં મધમાખીની મહત્વપૂર્ણ ભૂમિકા વિશે જાગૃત કરવાનો પણ હેતુ છે, ત્યારે નવસારી કૃષિ યુનિવર્સિટી સંચાલિત કૃષિ વિજ્ઞાન કેન્દ્ર-સુરત અને નાયબ બાગાયત નિયામક કચેરી-સુરતના સંયુક્ત ઉપક્રમે સુરત અઠવા ફાર્મ સ્થિત અસ્પી બાયોટેકનોલોજી ઓડિટોરીયમ ખાતે દક્ષિણ ગુજરાતના ખેડૂતો, રસ ધરાવતા નાગરિકો માટે મધમાખી ઉછેરની તાલીમ યોજાઈ હતી. જેમાં ૧૫૦ જેટલા વ્યક્તિઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ મધમાખી પાલન અંગે માર્ગદર્શન મેળવ્યું હતું.

આ પ્રસંગે એગ્રી કોલેજ-વઘઈના આચાર્ય ડૉ. જે. જે. પસ્તાગીયાએ જણાવ્યું હતું કે, મધમાખી પોતે મધ ખાતી નથી, પણ આપણને જ આપે છે. ખેતરમાં મધમાખી પેટીઓ રાખવાથી પરાગનયનની ક્રિયા ખૂબ જ ઝડપી બને છે. જેના પરિણામ સ્વરૂપે વધુ ફલીકરણ થાય છે. અને ઉત્પાદન વધે છે. મધથી લોહી શુદ્ધ થાય છે અને લોહતત્વ અને કેલ્શિયમ મળે છે. મધમાખી ઉછેર એ ઉત્તમ આર્થિક વળતર અને ખેડૂતોની આત્મનિર્ભરતાનો પર્યાય છે એમ જણાવી તેમણે ઉમેર્યું



કે, દેશના કૃષિ વૈજ્ઞાનિક ડો.સ્વામીનાથન ભારતના ખેડૂતો ઓછી જમીનમાં, ઓછા પાણીએ વધુ ઉત્પાદન મેળવે તેના આગ્રહી હતા. તેઓ તકનીકી તાંત્રિકતા અને પર્યાવરણ પ્રિય અને ટકાઉ કૃષિ વિકાસના હિમાયતી હતા. મધમાખી ઉછેર એ એવી પ્રવૃતિ છે, જેમાં કુદરત દ્વારા મળેલા ફુલોનો રસ અને વેડફાઈ જતા પરાગનો ઉપયોગ કરી કુદરતને હાનિ કર્યા વગર દેશનું કૃષિ ઉત્પાદન વધારી શકાય છે. મધમાખી પાલનને કોઈ ખાસ પ્રકારની જમીનની જરૂરિયાત નથી. મધપેટીને પડતર જમીન પર, જંગલમાં, ખેતરની ફરતે, આંગણમાં કોઈપણ જગ્યાએ મૂકી શકાય છે. આ વ્યવસાય બેરોજગાર, જમીન વિહોણા ગ્રામ્ય લોકો અને શ્રમિક વર્ગને રોજગારી પૂરી પાડવા સક્ષમ છે.

સંયુક્ત ખેતી નિયામકશ્રી એચ.એમ.ચાવડાએ જણાવ્યુ કે, મધ અને મીણનુ ઉત્પાદન કરી વેચાણ, મધમાખી ઉછેરના સાધનો બનાવી, મધમાખીની નવી વસાહતો, નવી રાણીઓ બનાવી તેનું વેચાણ, મધને મધપાલકો પાસે એકત્ર કરી પ્રોસેસિંગ-પેકિંગ અને માર્કેટિંગ કરીને વેચાણ, પરાગનયન માટે પેટી ભાડે આપીને તથા લોકોને માર્ગદર્શન આપીને એમ કુલ પાંચ પ્રકારે મધમાખી ઉછેરમાં આવક મેળવી શકાય છે. અસ્પી કોલેજ, નવસારીના મદદનીશ પ્રાધ્યાપક ડો. અભિષેક એ. મહેતાએ મધમાખી પાલનના મહત્વ અને કાળજી અંગે ઉપયોગી જાણકારી આપી હતી.

ન.કૃ.યુનિના વિસ્તરણ શિક્ષણ નિયામક ડૉ.એન. એમ.ચૌહાણે પ્રાસંગિક ઉદ્દબોધન કરી મધમાખી ઉછેર ઓછા સમય અને ટૂંકી જમીનમાં થતી અને ઊંચું આર્થિક વળતર આપતી પ્રવૃત્તિ હોવાનું જણાવ્યું હતું.

કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વૈજ્ઞાનિક (પાક સંરક્ષણ) ડો. રાકેશ કે. પટેલે મધમાખી પાલન દરમિયાન ખેડૂતોએ શું-શું કાળજી લેવી જોઈએ તે અંગેની માહિતી આપી હતી. નાયબ ખેતી નિયામકશ્રી (તાલીમ) અને આત્મા(સુરત)ના પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી એન.જી. ગામીતે મધમાખી પાલનને વ્યવસાય તરીકે અપનાવવા અને મધમાખી ઉછેરમાં રહેલી તકો તેમજ પ્રાકૃતિક ખેતીની અસરકારકતા અંગે માર્ગદર્શન આપ્યું હતું.

નાયબ બાગાયત નિયામકશ્રી ડી.કે. પડાલિયાએ બાગાયત વિભાગ દ્વારા વિવિધ યોજનાઓમાં મળવાપાત્ર લાભો તેમજ ikhedut.gujarat.gov.in અંગે વિસ્તૃત સમજ આપી હતી. પ્રારંભે સ્વાગત પ્રવચન કરતા વરિષ્ઠ વૈજ્ઞાનિક અને કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વડા ડો. જે.એચ.રાઠોડે જણાવ્યું હતું કે, સુરત કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા ખેડૂતોને ખેતી તેમજ પશુપાલનને લગતી વિવિધ પ્રકારની તાલીમો પૂરી પાડવામાં આવે છે. ઉત્તમ મધની દેશવિદેશમાં માંગ હોવાથી ખેડૂતો ખેતીની સાથોસાથ મધમાખી પાલનને પણ પૂરક વ્યવસાય તરીકે અપનાવી વધારાની આવક મેળવી શકે છે એમ જણાવી તેમણે કેન્દ્રની વિવિધ કૃષિલક્ષી પ્રવૃતિઓની વિગતો આપી હતી.

મધમાખી પાલન કરતા પ્રગતિશીલ મધમાખી પાલક ખેડૂતો શ્રી અશોકભાઈ ભગુભાઈ પટેલ અને શ્રી વિનોદભાઈ નકુમે મધમાખી પાલનના અનુભવો જણાવ્યા હતા. સેશન દરમિયાન મધમાખી ઉછેરની પ્રેક્ટિકલ તાલીમ પણ અપાઈ હતી. ઉપસ્થિત તાલીમાર્થીઓએ પ્રશ્નોત્તરી સેશનમાં રજૂ કરેલા પ્રશ્નોના નિષ્ણાતોએ સંતોષકારક જવાબો આપ્યા હતા.

## તંત્રી લેખ...

# સુરંગમાંફસાયેલી જિંદગીઓ

નવી હિમાલય પર્વત શૃંખલાઓમાં મોટા સંરચનાત્મક નિર્માણ કાર્યો મુદ્દે સતત સવાલ ઉઠાવાતા રહ્યા છે. ખાસ કરીને જોશીમઠ શહેર ધસવા અને હિમાચલમાં વધતા ભૂસ્ખલનના ખતરા બાદ એ માંગ વિશેષજ્ઞો અને સામાન્ય લોકોના સ્તર પર વેગવાન બની છે. ગત રવિવારે જ્યારે સવારે દેશ દિવાળી ઉજવવાની તૈયારી કરી રહ્યો હતો ત્યારે ઉત્તરાખંડના ઉત્તરકાશીમાં યમુનોત્રી રાષ્ટ્રીય રાજમાર્ગ પર ધરાસૂ અને બેડકોટ વચ્ચે સિલ્ક્યારા નજીક નિર્માણાધીન સુરંગમાં કાટમાળ ધસી પડવાથી ચાલીસ મજૂરોની જિંદગીમાં અંધારું છવાઈ ગયું. દિવાળી ઉજવવાની તૈયારી કરી રહેલા બિહાર, ઝારખંડ, પશ્ચિમ બંગાળ, ઓડિશા અને ઉત્તર પ્રદેશના આ શ્રમિકોના પરિજનો આઘાતના અંધારામાં ડૂબી ગયા. અસલમાં ઓલવેધર રોડ બનાવવાના ક્રમમાં સિલ્ક્યારા તરફથી સુરંગમાં ૨૭૦ મીટર અંદર સુધી લગભગ ત્રીસ મીટર ક્ષેત્રમાં ઉપરથી આ કાટમાળ પડ્યો. હવે આખા દેશને આ કામદારોને બચાવવાની ચિંતા છે. વૈકલ્પિક રસ્તાથી ઓક્સિજન અને ભોજન આપવાનો પ્રયાસ થઈ રહ્યો છે. નિઃસંદેહ કાળાધબ અંધારામાં જીવન અને મોત વચ્ચે ઝઝૂમતા આ શ્રમિકો ભારે માનસિક દબાણમાંથી પસાર થઈ રહ્યા હશે. બુધવારે બે શ્રમિકોની તબિયત ખરાબ થવાના સમાચાર પણ આવ્યા હતા. હવે કોશિશ એ છે કે મશીન દ્વારા ૩૬ ઈંચનું ડ્રિલ કરીને એક પાઈપ નાખીને શ્રમિકોને બહાર કાઢવામાં આવે. કેન્દ્ર સરકાર પણ દુર્ઘટનાને લઈને ગંભીર છે અને સૌથી મોટા માલવાહક હેલિકોપ્ટર દ્વારા એક હેવી ડ્રિલ મશીન ઉત્તરાખંડ પહોંચી ગયું છે. એક ડ્રિલ મશીન ખરાબ થયા બાદ બુધવારે હેવી ડ્રિલ મશીન હવાઈ માર્ગે મંગાવવામાં આવ્યું. આ મશીન ૧૨૦ મીટર સુધી ટનલ બનાવી શકે છે, જેનાથી બચાવ કાર્યમાં ઝડપ આવશે. મશીનને ટનલ સુધી લઈ જવા માટે ગ્રીન કોરિડોર બનાવવામાં આવ્યો છે. સાથે જ મશીન માટે કામ કરવાનું માળખું પણ તૈયાર કરી લેવામાં આવ્યું છે. શ્રમિકોના પરિજનો સહિત આખો દેશ પ્રાર્થના કરી રહ્યો છે કે ફસાયેલા શ્રમિકો જલ્દી સુરિક્ષત બહાર નીકળે. કેન્દ્ર અને રાજ્ય સરકાર સહિત તમામ બચાવ કાર્ય સાથે જોડાયેલા સંગઠનો ધસેલી સુરંગમાં ફસાયેલા લોકોને બચાવવામાં લાગી પડ્યા છે. તેમ છતાં સુરંગ નિર્માણ કાર્યમાં એ વૈકલ્પિક વ્યવસ્થા ઉપલબ્ધ કરાવવામાં ચૂક ચોક્કસ થઈ છે, જે આવી સ્થિતિમાં શ્રમિકોના બચાવમાં સહાયક બની શકે છે. સાથે જ પહાડની સંવેદનશીલતાનું પણ ધ્યાન રાખવું જરૂરી હતું. ખાસ કરીને જોશીમઠમાં શહેર ધસવા અને સતત વધેલી ભૂસ્ખલનની ઘટનાઓને ધ્યાનમાં રાખીને વધુ સાવધાની રાખવાની હતી. લાંબા સમયથી હિમાલયી પટ્ટામાં સંવેદનશીલ વિસ્તારોમાં માળખાગત વિકાસ સાથે જોડાયેલી દુર્ઘટનાઓને ધ્યાનમાં રાખતાં વિકાસ નીતિ પર નવેસરથી વિચાર કરવાની જરૂર અનુભવાઈ રહી છે.

## જિનપિંગ-બાઈડનની મુલાકાતના અર્થ

ભારત-અમેરિકા વચ્ચે પાંચમી ટુ પ્લસ ટુ બેઠક ગયા અઠવાડિયે થઈ છે. હવે ધ્યાન અમેરિકાના સાન ફ્રાન્સિસ્કોમાં થનાર એશિયા-પ્રશાંત આર્થિક સહયોગ શિખર મંત્રણા દરમ્યાન જિનપિંગ-બાઈડેન વચ્ચે થયેલ મુલાકાત પર આવ્યું છે. ભારત-અમેરિકા સંબધોની અસર દ્વિપક્ષીય સંદર્ભથી પર વૈશ્વિક સ્તર પર છે, તેથી જિનપિંગ-બાઇડન મુલાકાતના પરિણામો પર ભારતની ઘણી રુચિ રહેશે. ટુ પ્લસ ટુ બેઠકના સ્વરૂપને મળેલી દ્વિપક્ષીય સફળતાને કારણે ભારત અને અમેરિકા પોતાની ભાગીદારીને નિરંતર વિસ્તારિત કરી રહ્યા છે. તેનો પુરાવો છે ટુ પ્લસ ટુ મંત્રણા બાદ જારી સંયુક્ત નિવેદન, જેમાં ભારત દ્વારા વિદેશમંત્રી એસ. જયશંકર, રક્ષામંત્રી રાજનાથ સિંહ તો અમેરિકી વિદેશમંત્રી એન્થની બ્લિંકન અને રક્ષામંત્રી લોઇડ ઓસ્ટિન હાજર હતા. આ મુલાકાત મંત્રણાઓ સમયે સમયે થતી આવી છે અને તેણે પોતાનું સ્થાન બનાવ્યું છે. હાલમાં વાણિજ્ય મંત્રી પિયુષ ગોયલ 'હિંદ પ્રશાંત આર્થિક માળખા' વિષય પર ચર્ચા માટે અમેરિકા ગયા છે, જેના પર કામ ઝડપથી ચાલી રહ્યું છે. તેથી ભારતના ત્રણ વરિષ્ઠ મંત્રી હાલમાં અમેરિકા સાથે સીધા સંવાદમાં છે, આશા છેકે ચીન સાથે ફરી સંબંધો સુધારતી વખતે અમેરિકા ભારતના હિતોને ધ્યાનમાં રાખશે. જિનપિંગ-બાઇડન મુલાકાત નવી દિલ્હીમાં સપ્ટેમ્બરમાં થયેલ જી-૨૦ શિખર સંમેલનમાં નહોતી થઈ શકી, કારણ કે ચીની રાષ્ટ્રપતિ ગેરહાજર રહ્યા હતા. ચીની-અમેરિકી રાષ્ટ્રપતિઓની આખરી મુલાકાત નવેમ્બર, ૨૦૨૨માં ઈન્ડોનેશિયાના બાલીમાં જી-૨૦ બેઠકમાં થઈ હતી. ત્યારબાદ એક વર્ષ વીતી ગયું અને આ દરમ્યાન દુનિયામાં ઘણું બધું બન્યું, યુક્રેન યુદ્ઘ ઉપરાંત હવે પશ્ચિમ એશિયામાં પણ સંકટ ચાલી રહ્યું છે. ચીન અને અમેરિકા એકબીજાનું આકલન બહુ ગહનતાથી કરી રહ્યા છે અને ફરી વાતચીત પહેલાં એ માપદંડો અને શરતો પર વિચાર કરી રહ્યા છે જે તેમના હિતોને માફક બેસતા હોય. મુખ્ય વાત એ છે કે આગામી બેઠકમાં તે કેટલી હદે ફળીભૂત થઈ શકશે. ભારત પણ મોટા મુદ્દા, જેમ કે પર્યાવરણ બદલાવ, અક્ષય ઊર્જા, કોવિડ ઉપરાંત અર્થતંત્રની પુનઃસ્થાપના, નૌકાવહન સુરક્ષા અને સતત વિકાસ ધ્યેય વગેરે પર સહયોગ બનાવવા માંગશે. એ સ્પષ્ટ નથી કે અમેરિકા-ચીનમાં કોનો દૃષ્ટિકોણ વધુ ભારે હશે, કારણ કે આ મુદ્દા પર ચીને પોતાના તરફથી અલગ લાઈ અપનાવેલી છે અને તેને આ વિષયમાં અમેરિકાનો દબદબો સ્વીકાર્ય નથી. ચીનની સાથે પોતાના વિવાદોને કારણે, ભારત અમેરિકાના ભાગીદાર બનવા ઈચ્છુક છે. બૃહદ વૈશ્વિક મુદ્દા પર, જનહિતને ખાતર, અવશ્ય અર્થપૂર્ણ ભાગીદારી બનીને ઉભરવાની સંભાવના છે. વળી પ્રતિદ્વંદ્વીતાનો પોઈન્ટ પણ છે. અમેરિકા અને યુરોપિયન યુનિયનને વિશ્વાસ છે કે ચીન પોતાની હેસિયત કરતાં મોટું થતું જાય છે અને તે તેના અર્થતંત્ર અને ટેકનિક પ્રગતિને નાથીને, વિશ્વ વ્યવસ્થામાં પોતાના પ્રતિદ્વંદ્વી ઉભરવાની સંભાવના ઘટાડવા માંગે છે. સાથે જ તે ચીનને લોકતંત્ર, માનવાધિકાર જેવા મુદ્દે ઘેરીને પડકાર ફેંકવા માંગે છે. ચીન પણ અમેરિકાને ભારે પડકાર આપી રહ્યું છે અને વિશ્વ વ્યવસ્થાને લઈને પોતાનો દૃષ્ટિકોણ આગળ વધારી રહ્યું છે. પ્રગતિનો તેનો પોતાનો રસ્તો છે અને પોતાની અલગ રાજકીય પ્રણાલી પણ. ભારતે પણ તેની સામેના પડકારોનો તાપ સહન કરવો પડે છે તેથી અમેરિકા અને તેના સહયોગીઓ સાથે નિકટતા બનાવીને ચાલવા માંગે છે. જે રીતે ક્વોડે પાછલા બે વર્ષોથી વધુ અવધિમાં પોતાનું સ્થાન મજબૂત કર્યું છે, તેનાથી તે ચીનની રીતભાતોને પડકાર ફેંકી રહ્યું છે. ક્વોડનો દૃષ્ટિકોણ વર્તમાનમાં હિંદ-પ્રશાંત મહાસાગર ક્ષેત્રમાં બિનસૈન્ય ભાગીદારીનો વિકલ્પ બનાવવાનો છે.

# લાભ પાંચમને જ્ઞાન પંચમી નવલખી પંચમી ઉપરાંત પાંડવ પંચમી પણ કહેવામાં આવે છે



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)




હે ઈશ્વર.

આપના શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગપ્રેમ પ્રણામ. સૌને નવા વર્ષના જય સીયારામ અને ભાઈબીજ ના પ્રણામ. પૂજ્ય બાપુનાં દર્શનથી નવા વર્ષની શરૂઆત કરી, ગુરુચરણનો મહિમા પણ અનન્ય અને અનેરો છે, એ વાસ્તવિકતા પણ એની જગ્યાએ મહામુલી છે, અને એટલે જ જ્યારે મોકો મળે ત્યારે એ ચરણના આચરણનો મહિમા ગાવા પહોંચી જાઉં છું. આમ તો છેલ્લા એક મહિનામાં એટલી બધી વિવિધ માંદગી આવી કે એમ સમજો નવા અવતારે ચિંતન માટે પાછી આવી. નવાં વર્ષ પછી રજા ભોગવી દિવાળીનો તહેવાર મનાવી જીવ પાછો યથાવત સ્થાને એટલે કે ચિંતનની ક્ષણેમાં આવીને ગોઠવાઈ ગયો છે, જ્યાં ખુદનાં અસ્તિત્વનું વજૂદ હોય, અને સ્વતંત્રતા પણ ખરી. મારી માટે આ ચિંતનની ક્ષણે એ અલખનો ઓટલો છે, અને આ સ્થળ અને તેની સાથે જોડાયેલા મારા સ્વજનો પ્રત્યે હું અપાર મમતા તેમજ ઉજ્જ્વળ ભવિષ્યની શ્રદ્ધા ધરાવું છું. આજે બહુ વહેલું ઉઠાયુ નથી એટલે આજુબાજુના ઘરનાં વાસણોનો અવાજ છે, એને સૂર તાલ સાથે જોડવું એ જ તો જીવન છે. કર્કશતામાં પણ મધુર અને કોમળતા લાવવાનો આ નવા વર્ષથી, આપણે શુભ સંકલ્પ કરવાનો છે. સદા લાભને જોનારી આ દ્રષ્ટિમાં હવે શુભનું મહત્વ સમજી સમતાના અંજન કરવાના છે. ભારતીય પંચાંગ મુજબ આજે લાભ પાંચમનો દિવસ છે, તો આજે આપણે તેના વિશે વાત કરીશું.

આસો વદ અગિયારસથી શરૂ કરી રમા એકાદશી, વાઘબારસ, ધનતેરસ, કાળીચૌદશ, દિવાળી, બેસતું વર્ષ અને ભાઈબીજ, આમ તહેવારોની હારમાળામાં, આ લાભ પાંચમનો દિવસ એટલે કે દિવાળીનું વેકેશન પુરુ કરીને સૌ પોતાના ધંધા વ્યવસાય પર પાછા ફરે એ દિવસ છે.ગુજરાતમાં આ દિવસને ખૂબ જ ધામધૂમથી મનાવવામાં આવે છે, એટલે કે કોઈ ને નવો વ્યવસાય શરૂ કરવો હોય તો, લાભ પાંચમ મુહૂર્ત વણ પૂછ્યું ગણવામાં આવે છે. લાભ પાચમ ને જ્ઞાનપંચમી પણ કહેવામાં આવે છે, આ દિવસે ગણેશની અનોખી પૂજા કરી અને ધન સાથે જ્ઞાન પણ પ્રાપ્ત કરવામાં આવે છે.જે લોકોને દિવાળીને દિવસે ચોપડા પૂજન કરવાનું કોઈ કારણસર રહી ગયું હોય, તો તે આજે લાભ પાંચમનાં દિવસે પણ તે કરી શકે છે.લાભ પાચમ તેના નામ મુજબ વ્યક્તિગત છે, એટલે કે જે આ દિવસે આ પ્રકારનું પૂજન કરે, તેને લાભ થાય એવો સીધો અર્થ આનો નીકળે છે, અને દરેક ધંધાદારી પોતાના ધંધામાં લાભ ઈચ્છતો હોવાથી આ પૂજન કરી, અને પોતાના ધંધાની શરૂઆત કરે છે, અથવા નવો ધંધો શરૂ કરે છે. પછી આ દિવસથી રાબેતા મુજબ પહેલાની જેમ જ કાર્ય શરૂ થાય છે, એટલે કે તહેવારોની રજા સમાપ્ત થાય છે.

લાભ પાંચમને જ્ઞાન પંચમી ઉપરાંત પાંડવ પંચમી પણ કહેવામાં આવે છે અને એની સાથે મહાભારત સમયની એક દંતકથા પણ જોડાયેલી છે. કૌરવો સાથે કુરુક્ષેત્રમાં થયેલ યુદ્ધમાં પાંડવોનો વિજય થયો અને ત્યાર બાદ આ સ્વજનો સાથેનાં યુદ્ધનું કલંક ભૂંસવા માટે ધર્મરાજ યુધિષ્ઠિરે કેટલીય પ્રકારના યજ્ઞો કર્યા અશ્વમેઘ યજ્ઞ પણ કર્યો અને આ ઉપરાંત વારંવાર ગામના લોકોને જમાડ્યા ગાય કૂતરાને રોટી અને પક્ષીને ચણ નાખ્યું ચબૂતરા બંધાવ્યાં, અને આ બધું કરીને એને એમ થયું કે હું સૌથી શ્રેષ્ઠ દાનવીર છું, અને આ વાત ભગવાન શ્રી કૃષ્ણ તોડવા માંગતાં હતાં. એકવાર આવાં જ એક બહુ મોટાં જમણવાર બાદ એક નોળિયો એમાં આળોટતો હતો અને પછી પોતાના શરીર ને જોઈને દુઃખી થઈ જતો હતો. એનું અડધું શરીર સોનેરી હતું. યુધિષ્ઠિર ને આ દ્રશ્ય જોઈ બહુ આશ્ચર્ય થયું અને એણે નોળિયાને બોલાવ્યો અને આમ કરવાનું રહસ્ય પૂછ્યું ભગવાન શ્રીકૃષ્ણની કૃપાથી એને વાચા મળી અને એણે એક કથા કહી જેમાં એક દરિદ્ર બ્રાહ્મણ કે જેનો પરિવાર ચાર દિવસથી ભૂખ્યો હતો, અને ભીક્ષામા થોડો લોટ મળતા આજે હવે ભોજન મળશે એવી આશા બંધાઈ. એ લોટમાંથી ફક્ત ચાર રોટલી બની પરિવારમા પણ ચાર જણા હતા, પોતે પત્ની પુત્ર અને પુત્રવધુ. ભોજન તૈયાર થયું અને જમવાની તૈયારી કરી ત્યાં જ આંગણે એક અતિશય કમજોર ભીક્ષુક ભોજન માંગવા આવ્યો અને એની કૃશ કાયા જોઈ આવેલ અતિથી ને બ્રાહ્મણે પોતાનો અતિથી દેવો ભવનો ગૃહસ્થ ધર્મ નિભાવવા પોતાના ભાગની રોટલી આપી અને આમ એક પછી એક એમ ચારેચાર રોટલી એ ભીક્ષુક ખાઈ ગયો. નોળિયા એ કહ્યું આ વખતે હું ત્યાં હાજર હતો અને રોટલી બની એ જગ્યાએ જે લોટ ઢોળાયો હતો ત્યાં હું આળોટ્યો અને મારું અડધું શરીર સોનેરી થયું! બસ ત્યારથી હું મારા આખા શરીરને સોનેરી કરવા હું જ્યાં પણ જમણવાર કે થતો હોય ત્યાં પહોંચી જાઉં છું પણ હજી સુધી આખું શરીર સોનેરી થયું નથી! યુધિષ્ઠિર ભગવાન શ્રીકૃષ્ણ નાં ગર્ભિત ઈશારાને સમજી ગયા અને એને થયું કે મેં દાન ધર્મ ચોક્કસ કર્યો પણ મારો ભાગ રાખીને જ્યારે આ બ્રાહ્મણ એ તો પોતાનું સર્વસ્વ આપી દીધું. આમ એ દિવસે પાંચે પાંડવો એ આવું અમુલ્ય જ્ઞાન પ્રાપ્ત કર્યું એટલે એને પાંડવ પંચમી પણ કહેવાય છે. જીવન નિર્વાહ માટે ધન એ બહુજ જરૂરી છે, અને તે કમાવવું પડે તે વાતમાં પણ કોઈ શંકા નથી. પરંતુ ધંધામાં નીતિ રાખવી, એ પણ એટલું જ મહત્વનું છે. ઉપરાંત આજકાલ તો મનુષ્ય દરેક વાતમાં લાભ જોવે છે, તે ખોટી વાત છે.તપી ગયેલી તાવડી પર દરેકને પોતાના જ રોટલા શેકવા હોય છે, એટલે કે વાત ગમે તે હોય પરંતુ પોતાનો સિક્કો ખરો કરી લેવો, એ આજની જાણે કે પરંપરા બની ગઈ હોય, તેમ બધાના જીવન થઈ ગયા છે. વાતવાતમાં કરવામાં આવતી કોઈની ખુશામત, કે પછી લાગવગ લગાડવી, બેઈમાની કરવી, અનીતિનું આચરણ કરવું, ભ્રષ્ટાચાર ને બઢાવો દેવો, આ બધું જ સૌ પોતાના અંગત લાભ માટે જ તો કરતા હોય છે.શુભ ને પહેલા રાખી પછી લાભ જોવામાં આવે તો એ એટલું ખરાબ પરિણામ આપતું નથી. શુભ એ સર્વત્ર માટે અંકિત થયેલો શબ્દ છે, જ્યારે લાભ વ્યક્તિગત છે. તો સૃષ્ટિનું શુભ જોવું એ આજના સમયની માંગ છે, પ્રકૃતિ આપણને આ સૂત્ર પર સૌને એક સરખો સ્નેહ આપે છે, એ ક્યારેય ભેદભાવ નથી કરતી, તેમ આપણે પણ દરેક વસ્તુમાં લાભ ને જોવાની વૃત્તિ છોડી દઈએ, તો સમાજ સુધરી શકે. પરંતુ આ કોઈ એકલદોકલ ના કરવાથી પરિણામ આપનારું નથી, માટે આપણે આ લાભ પંચમી એ પોતાના વ્યક્તિગત લાભ ને ભૂલી અને સૃષ્ટિમાં સર્વત્ર શુભની ઘોષણા કરી, અને જીવન જીવવાનો સંકલ્પ કરીએ, તો આ સતત લાભ ને જોવાની આપણી વૃત્તિને છોડવી પડશે, અને સર્વત્ર ના શુભનું વિચારીને જીવન જીવવું પડશે, તો જ આવતી કાલનો ઝળહળતો સૂર્ય આપણે જોઈ શકીશું એ વાત પાક્કી છે. અત્યાર સુધીનું જીવન દિશાહીન હતું, પરંતુ નિશ્ચિત ધ્યેય ને પ્રાપ્ત કરવા માટે બધું જ ભૂલી, અને નવેસરથી શરૂઆત કરવી પડશે તો જ આ શક્ય છે. સૌ કોઈ પોતાના અંગત લાભને ભૂલી અને શુભ તરફ દૃષ્ટિ કરી શકે, એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન મનન સાથે, તો સૌને મારા સ્નેહ વંદન અને જય સીયારામ.

# વિક્રમ સંવત ૨૦૮૦નું નવું વર્ષ નવા વિચાર, નવી આશા અને નવા સંકલ્પ ની સાથે આપને અને આપના પરિવારને સુખ, શાંતિ અને સમૃદ્ધિ આપે



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા




ભારતીય સંસ્કૃતિમાં દિપોત્સવીના તહેવાર વાક્ એટલે કે જ્ઞાન બારસ થી શરૂ થઈ ધનતેરસ એટલે ધન સંપત્તિની પુજા નહીં પણ આરોગ્ય ની કાળજી રાખનાર ધનવંતરીની પૂજા કરવાનું મહત્મ્ય છે.પરંતુ સોના ચાંદીના વેપારીઓએ અવ નવા સેલ નક્ષત્રોને આગળ ધરી એવી હવા ઊભી કરી કે લોકો ધન સંપત્તિ ખરીદી આત્મસંતોય માને છે સાચા અર્થમાં ખાવા પીવામાં હવામાનમાં ફેરફાર થાય એટલે કાળજી રાખવી અને પછી કાળી ચૌદસ જેને કરજ હિમ્મત ચૌદસ પણ કહેવાય આને પ્રાધાન્ય આપો તો આવનાર દિવસોમાં આનંદ ખુશાલી જ છે.રવિવારે વિક્રમ સંવત ૨૦૭૯નો અંતિમ દિવસ છે પરંતુ આજના દિવસે પડતર દિવસ તરીકે શાંત રાખ્યો છે. આવતીકાલથી વિક્રમ સંવત ૨૦૮૦નું નવું વર્ષ શરૂ થશે ત્યારે નવા વર્ષ વિશે થોડું જાણીએ. દિવાળીના તહેવારનો આનંદ લોકો મોંઘવારી બેરોજગારી વચ્ચે લઈ રહયા છે. દર વખતની જેમ આ વખતે પણ બધા નવા વર્ષની ઉજવણી કરી રહ્યા છે. એવું ન હોય તો પણ નવું વર્ષ ખુશીઓ, નવી આશાઓ અને પાર્ટી કરવા જેવા અનેક નવા બહાના લઈને આવે છે. એવું પણ કહી શકાય કે આ તમારી ખુશી વ્યક્ત કરવાનો ખાસ દિવસ છે.લોકો નવા વર્ષમાં ખરીદી કરી તેમના સપનાઓને ઉડાન આપવા માંગે છે. હું ભૂતકાળને ભૂલીને નવેસરથી શરૂઆત કરવા માંગુ છું. એટલું જ નહીં, આપણા દેશમાં નવું વર્ષ કેટલી વાર ઉજવવામાં આવે છે. કદાચ તમને ખબર નહી હોય...તો અમે તેની પાછળની વાતો અને તેના ઈતિહાસ વિશે જણાવીએ છીએ.

પહેલા આપણે આપણા દેશ વિશે જાણીએ કે આપણા દેશમાં નવા વર્ષનો તહેવાર કેટલીવાર ઉજવવા માં આવે છે. ભારતમાં જુદા જુદા ધર્મો છે અને આ બધા ધર્મોમાં નવા વર્ષની ઉજવણી અલગ-અલગ દિવસે કરવામાં આવે છે. પંજાબમાં નવું વર્ષ બૈસાખીના દિવસે ઉજવવામાં આવે છે. પશ્ચિમ બંગાળ અને બાંગ્લાદેશમાં પણ આ તહેવાર બૈસાખીની આસપાસ ઉજવવામાં આવેછે. મહારાષ્ટ્રમાં નવું વર્ષ ગુડી પડવાના દિવસે ઉજવવામાં આવે છે જે માર્ચ-એપ્રિલ મહિનામાંઆવે છે. ગુજરાતમાં તે દિવાળીના બીજા દિવસે ઉજવવામાં આવે છે.તે જ સમયે,ઈસ્લામિક કેલેન્ડરમાં,નવા વર્ષને મોહરમ તરીકે પણ ઓળખ વામાં આવે છે.ચૈત્ર મહિનાનીશુક્લ પ્રતિપદાથી,હિંદુ નવું વર્ષ ચૈત્ર મહિનાની શુક્લ પ્રતિપદાથી શરૂ થવાનું માનવામાં આવે છે.તે નવ સંવત્સર અથવા નવું સંવત પણ કહેવામાં આવે છે માનવામાં આવે છેકે ભગવાન બ્રહ્માને આ દિવસ થી સૃષ્ટિની રચનાની શરૂઆત કરી હતી.આ દિવસથી વિક્રમ સંવતનું નવું વર્ષ શરૂ થાય છે. અંગ્રેજી કેલેન્ડર મુજબ આ તારીખ એપ્રિલ માં આવે છે.તે ભારતના ઘણા પ્રદેશોમાં ગુડી પડવા, ઉંચાડી વગેરે નામોથી ઉજવવામાં આવે છે.જૈન નવું વર્ષ દીપાવલી પછીના દિવસ થી જૈન નવું વર્ષ દીપાવલી પછીના દિવસથી શરૂ થાય છે.તેને વીર નિર્વાણ સંવત પણ કહેવામાં આવે છે.આ દિવસથી જૈન સમુદાયતેના નવા વર્ષની ઉજવણી કરે છે. પંજાબી નવું વર્ષ પંજાબમાં નવા વર્ષને વૈશાખી તહેવાર તરીકે ઉજવવામાં આવે છે.જે ઓપ્રિલ માં આવે છે. શીખ નાનક શાહી કેલેન્ડર મુજબ,હોળીનો બીજો દિવસ નવા વર્ષની શરૂઆત દર્શાવે છે.ચાર હજાર વર્ષ પહેલાં બેબી લોનમાં નવું વર્ષ એકવીસમી માર્ચે ઉજવવામાં આવ્યું હતું,જે વસંત ના આગમનની તારીખથી માનવા માં આવતું હતું. પ્રાચીન રોમમાં પણ નવા વર્ષનો તહેવાર ત્યારે જ ઉજવવામાં આવતો હતો. જ્યારે રોમના સમ્રાટ,જુલિયસ સીઝર, પિસ્તાલીસમાં વર્ષ પૂર્વે જુલિયન કેલેન્ડરની સ્થાપના કરી, ત્યારે વિશ્વમાં પ્રથમ વખત ૫ હેલી જાન્યુ આરીએ નવુ વર્ષ ઉજવવામાં આવ્યું. ગ્રેગોરિયન કેલેન્ડર મુજબ નવું વર્ષ પહેલી જાન્યુઆરીએ આવે છે. વિવિધ સંસ્કૃતિઓનું પોતાનું કેલેન્ડર અને પોતાનું નવું વર્ષ હોય છે. વિશ્વના દેશો જુદા જુદા સમયે નવા વર્ષની ઉજવણી નવા વર્ષની ઉજવણી કરતી વખતે ઘણા લોકો તેમની આસપાસના લોકો સાથે પાર્ટી કરીને નજીક આવે છે. બીજા શબ્દોમાં કહીએ તો, તમારી ઓળખ વધારવા માટે આ એક સારી તક છે.આ અવસર પર પરિચિતો ઉપરાંત ઘણા અજાણ્યા લોકો પણ તમને અભિ નંદન પાઠવે છે.દરેક આવતું વર્ષ પોતાની સાથે અનેક ઉતાર-ચઢાવ લઈને આવે મદદ તમને વધુ સારા વ્યક્તિ બનવામાં મદદ કરે છે.

આપણી પૌરાણિક કથાઓ અનુસાર આ દિવસે કૃષ્ણએ પૃથ્વીના નિર્દોષ લોકોને હેરાન કરતા દુષ્ટ રાક્ષસ નરકાસુરનો વધ કર્યો હતો. તે સિવાય આ દિવસે ભગવાન રામ તેમના ૧૪ વર્ષના વનવાસ બાદ અયોધ્યા પરત ફર્યા હતા. તેથી આપણે બધા અંધકાર પર પ્રકાશના વિજયની ઉજવણી કરીએ છીએ.તેથી જ આપ ણે નવા વર્ષનું સ્વાગત રોશની અને ફટાકડાથી કરીએ છીએ. વાક્ બારસથી જ દિવાળી પર્વની ઉજવણીની શરૂઆત થાય છે. આ દિવસ સાથે જોડાયેલી બીજી કથા ભગવાન વિષ્ણુ અને રાજા મહાબલિની છે. આ તહેવાર ભગવાન વિષ્ણુ દ્વારા રાજા મહાબલિને આપેલા વરદાન ની ઉજવણી કરે છે.વરદાનમુજબ તે દર વર્ષે આ દિવસે તેમના રાજ્ય ની મુલાકાત લઈ શકે છે કે,અને તેમના લોકો સુખી, સંતુષ્ટ અને સમૃદ્ધ છે તે જોઈ શકે છે. જોકે, ભગવાન વિષ્ણુએ મહા બલિની ઉદારતાના બદલામાં આ વરદાન આપ્યું હતું.વામન અવતાર માં ભગવાન વિષ્ણુએ તેમનારાજ્ય માંથી ત્રણ પગલા જમીન માગી હતી.પ્રથમ બે પગલામાં તેમણે સમગ્ર આકાશ અને જમીનને આવરી લીધી હતી, તેથી ત્રીજા પગલા માટે મહાબલિ એ ભગવાન વિષ્ણુને પોતાનું માથું અર્પણ કર્યું હતું.આ જોઈને ભગવાન વિષ્ણુ ખૂબ જ પ્રસન્ન થયા અને તેમને પાતાળ લોકનો રાજા બનાવતા અને તેમને પાતાળ લોક જતા પહેલા આ વર દાન આપ્યું હતું.આ દિવસ સાથે જોડાયેલી બીજી ધાર્મિક વિધિ એ બાષ્પીભવન થયેલા તળાવોમાંથી મીઠું એકઠું કરવું અને તેનું વિતરણ કરવું છે. લોકો આવા તળાવમાંથી મીઠાના પથ્થરો એકઠા કરે છે અને દરેકને વહેંચે છે. તે 'સબરસ અર્થ' તરીકે ઓળખાય છે. જેનો મતલબ એ છે કે, આપણે સૌ એક છીએ, આ સબરસ આપણા જીવનમાં સુખ અને સમૃદ્ધિ લાવશે. લોકો ભેટ સોગાત અને મીઠાઈઓ સાથે એકબીજાની મુલાકાત લે છે અને શુભેચ્છા પાઠવે છે.તેઓ મિત્રો અને પરિવારને"નૂતન વર્ષાભિનંદન" સાથે શુભેચ્છા પાઠવે છે જેનો અર્થ છે કે, આ નવું વર્ષ તેમના માટે સુખ, શાંતિ અને સમૃદ્ધિ લાવશે.નવું વર્ષ નવાવિચાર નવી આશા અને નવા સંકલ્પની સાથે આપને અને આપના પરિવાર ને સુખ,શાંતિ અને સમૃદ્ધિઆરોગ્ય પ્રદ મંગળકારી નીવડે એવી શુભ કામનાઓ.સહ નૂતન વર્ષાભિનંદન HAPPY NEW YEAR..AAP સૌના માટે દરેક દિવસ પળ શુભ નિવડે તેવી પ્રાર્થના સાથે અસ્તુ.

# હલકાફૂલકા મમરામાં છે રોગપ્રતિકારક શક્તિને મજબૂત કરવાના ગુણો



આયુર્વેદમાં ચોખાને શ્રેષ્ઠ ધાન્ય કહેવામાં આવ્યા છે. આ ચોખાનો ઉપયોગ પુરાણકાળથી થઈ રહ્યો છે. માતા પાર્વતી અને સીતામૈયાએ ખીર બનાવીને ખવડાવી એવા અનેક પ્રસંગોનું વર્ણન કથા-વાર્તાઓમાં છે તો દુર્યોધનના છપ્પન ભોગ ઠુકરાવી વિદુરજીના ઘરે ચોખા અને મગની બનેલી ખીચડી પણ શ્રીકૃષ્ણે પ્રેમથી આરોગી હતી. માત્ર ભોજન જ શું કામ પૂજા-પાઠ કે અન્ય ધાર્મિક વિધિઓમાં પણ પવિત્ર ગણાતા ચોખાનો ઉપયોગ થાય છે. કપાળે ચાંલ્લો કરાય તેની સાથે ચોખા પણ અચૂક ચોડવામાં આવે છે. ગુજરાતીઓનો પ્રિય ખોરાક એટલે દાળભાત. ઘણા નોનગુજ્જુ લોકો ગુજરાતીઓને પ્રેમથી દાળભાતખાઉ કહીને પણ બોલાવે છે. દાળ-ભાત અને ખીચડી પચવામાં હલકા છે. તેમાં થોડું ઘી ઉમેરીને ખાધા હોય તો શરીરને જોઈતા કાર્બોહાઈડ્રેટ્સ, પ્રોટીન્સ, ચરબી, વિટામિન્સ અને મિનરલ્સ મળી રહે છે. ચોખામાંથી મમરા અને પૌંઆ બને છે તેનો આપણે ત્યાં વ્યાપક પ્રમાણમાં નાસ્તા તરીકે ઉપયોગ થાય છે. કાલથી શાળાઓ ખૂલી ગઈ છે ત્યારે તમારા છોકરાઓને જો નાસ્તામાં પૌષ્ટિક અને સુપાચ્ય ખોરાક આપવાનું વિચારતા હોવ તો મમરા અને પૌંઆમાંથી બનતી વાનગીઓ જરૂર બનાવજો. અત્રે પ્રસ્તુત છે મમરા અને પૌંઆનું મહત્ત્વ સમજાવતા બે લેખો

ઉનાળામાં ભરપેટ ભોજન કરવાની ઈચ્છા પ્રત્યેક વ્યક્તિને ઓછી થતી હોય છે. હલકું-ફૂલકું, ઝટપટ અલ્પાહાર કરી લેવાનું ગમતું હોય છે. મમરા એક એવી જ વાનગી છે જે પેટ ભરવાની સાથે સ્વાદને તૃપ્ત કરે છે. નાની-મોટી પ્રત્યેક વ્યક્તિ મમરા ખાવાની શોખીન જ જોવા મળે છે. તેમાં પણ વળી સ્વાસ્થ્ય પ્રત્યે સજાગ યુવાવર્ગ તો મમરાનો દીવાનો જોવા મળે છે. ચાલો, આજે ગુજરાતી ઘરોમાં પ્રતિદિન નાસ્તામાં અચૂક હાજરી પુરાવતાં મમરાના સ્વાસ્થ્યવર્ધક ગુણો વિશે જાણકારી મેળવી લઈએ. પ્રોટીન, કાર્બોહાઈડ્રેટ, આયર્ન, પોટેશિયમ, નિયાસિન, થાયમિન, તથા રાઈબોફ્લેવિન જેવા પોષક ગુણોનો ભંડાર મમરામાં સમાયેલો છે. સેવ-મમરા, ભેળપૂરી, બટાકા-મમરા, જેવી વાનગીની સાથે મમરાની ચિક્કી તથા મમરાના લાડુનો સ્વાદ મનભાવન હોય છે. વિવિધ પ્રકારના ચોખા જેમ કે બાસમતી, જિરાસર કે જાડા ચોખામાંથી બનતાં મમરાનો સ્વાદ પણ અલગ-અલગ જોવા મળે છે. દક્ષિણ પૂર્વ એશિયાઈ દેશોમાં મમરાનો ઉપયોગ છૂટથી થતો જોવા મળતો.



ઉનાળામાં પડતી ગરમી કોઈને ગમતી નથી, પણ તેમ છતાં લોકો આતુરતાપૂર્વક આ ઋતુની રાહ જુએ છે અને તેનું કારણ છે કેરીપ કેરીએ ફળોનો રાજા ગણાય છે અને ઉનાળામાં જ ખાવા મળે છે. કેરીની મીઠાશ અને સ્વાદની તોલે દુનિયાનું કોઈ જ ફળ કે વાનગી નહીં આવે. બજારમાં ૮૦૦-૯૦૦ રૂપિયા ડઝનના ભાવે મળતી કેરી હાલ તો મધ્યમવર્ગીય લોકોના બજેટની બહાર હોવા છતાં પણ લોકો ખરીદે છે. ઘણી વખત એવું પણ બને છે કે મોંઘા ભાવની લાવેલી કેરી ખાટી નીકળે છે, પણ ત્યાર પછી પસ્તાવા સિવાય બીજો કોઈ વિકલ્પ આપણી પાસે નથી રહેતો. ક્યારેક ખરીદનારની અજ્ઞાનતાને કારણે તો ક્યારેક વેચનારની ચતુરાઈને કારણે ગ્રાહક સાથે છેતરપિંડી થાય છે. હવે તમને એવું થશે કે બહારથી જોઈને કેવી ખબર પડે કે કેરી અંદરથી ખાટી નીકળશે કે મીઠી? આજે અમે તમને અહીં જણાવીશું કેટલીક એવી ટીપ્સ વિશે કે જે તમને મીઠી કેરી ખરીદવામાં મદદરૂપ સાબિત થઈ શકે એમ છે. હળવા હાથે દબાવો કેરી અંદરથી પાકી છે કે નહીં તે જાણવાનો સૌથી સહેલો રસ્તો એ છે કે કેરીને ખરીદતા પહેલા હળવા હાથે દબાવી જુઓ. જો કેરીને હળવા હાથે દબાઈ જાય તો તેનો સ્વાદ અંદરથી મીઠો લાગશે. જો તેને કડક લાગે તો તે પાકી નથી અને હજી કાચી છે તેવું માનવું જોઈએ. એટલે આવી કેરી ખરીદવાનું તમારે ટાળવું જોઈએ.

### લવિંગ કેરી લાકડીએ આપણે રોગોને ભગાડ્યા જો

# ‘ફૂલ કેરે દડુલિયે સીતાએ વેર વાળ્યાં જો’, ‘લંકાની લાડી અને ઘોઘાનો વર’ ફિલ્મમાં આ ગીત લેવામાં આવ્યું હતું



લવિંગ તો દરેક રસોડામાં ઉપલબ્ધ એવો મસાલો છે. દાંતનો દુખાવો હોય કે શરદી, લવિંગનો ઉપયોગ આદિકાળથી મનુષ્ય કરતો આવ્યો છે. લવિંગ એ મિર્ટેસી કુળના સાયઝિજિયમ એરોમેટિકમ નામના સુગંધી વૃક્ષની સુકાવેલી કળીઓ છે. હા, લવિંગ ફૂલ નથી કે મસાલો નથી પણ કળી છે જેને ગરમ મસાલામાં વાપરવામાં આવે છે. લવિંગ ઈન્ડોનેશિયાના માલુકુ દ્વીપના વતની છે. સાંપ્રત સમયમાં ઈન્ડોનેશિયા, ભારત, માડાગાસ્કર, ઝાંઝીબાર, પાકિસ્તાન અને શ્રીલંકામાં તેની ખેતી કરવામાં આવે છે. લવિંગ મોઢાના કોષ પર કામચલાઉ મુઢતા ઉત્પન્ન કરે છે. માટે જ દાંતના દુખાવા વખતે વડીલો લવિંગ દાંત નીચે દબાવવાનું કહેતા. પણ ડેન્ટિસ્ટ લવિંગ વાપરવાની ના પાડે છે.

ડેન્ટિસ્ટ દાંતના દુઃખાવા માટે લવિંગ વાપરવાની ભલે ના પાડે પણ લવિંગ બહુ રસપ્રદ કળી છે. લવિંગના ફાયદા જાણીએ તે પહેલાં લવિંગની લાક્ષણિકતાઓ જાણીએ. લવિંગનું વૃક્ષ એક સદાહરિત વૃક્ષ છે. તે ૮-૧૨ મીટર જેટલું ઊંચું વધે છે. આના પાન મોટાં હોય છે અને ફૂલો સેંગવિન હોય છે એટલે કે ડાળીને છેવાડે ગુચ્છામાં ઊગે છે. આની કળીઓ શરૂઆતમાં ફિક્કા રંગની હોય છે વખત જતાં તે લીલા રંગની બને છે, ત્યાર બાદ તે ઘેરો રાતો રંગ પકડે છે અને તેને ઝાડ પરથી ઉતારી લેવાય છે. જ્યારે કળીની લંબાઈ ૧.૫થી ૨ સેમી. જેવડી થાય છે ત્યારે લવિંગને ઉતારવામાં આવે છે. આની દાંડીને છેવાડે ચાર બાજુએ લંબાતા વજપત્ર હોય છે અને ચાર ખુલ્યા વગરની પાંખડી હોય છે જે કેંદ્રમાં મોટા દાણા સ્વરૂપે હોય છે. એ કઠણ થાય એટલે તેને ઉતારી લેવામાં આવે છે.

લવિંગના ઘણા સ્વરૂપો છે. જેમ કે, લવિંગની કળીઓ- આ ડાળી જેવી દેખાતી લવિંગની કળીઓ હોય છે. જેમાં સામસામે શાખા વિકસે છે. બહારથી રાતો રંગે કથ્થઈ રંગની અને ખરબચડી સૂકી સપટી ધરાવે છે. એક બીજો પ્રકાર છે જે છે માદા લવિંગ- આ લવિંગના પાકેલા ફળો હોય છે. તે નાનકડા, લંબગોળ, એકબીજી ફળો હોય છે. એકબીજી એટલે એક જ બીજ ધરાવતા ફળો. ત્રીજો પ્રકાર છે કથ્થાઈ લવિંગ જેમાં ખીલેલી લવિંગની કળી હોય છે પણ તેના કોરોલા અને સ્ટેમ કાઢી નાખવામાં આવે છે. લવિંગનો કુચો પણ ઉપયોગી છે જે તેલ કાઢી લીધા પછી બચે છે.

# ‘ટાઇમ બોમ્બ જેવી પરિસ્થિતી’ ભારતમાં ડાયાબિટીસ પર મોટો અભ્યાસ, ચિંતાજનક આંકડા

ભારતમાં ડાયાબિટીસના દર્દીઓની સંખ્યા દિવસે દિવસે વધતી જાય છે. આવી પરિસ્થિતીમાં એક નવા અભ્યાસમાં ચિંતાજનક આંકડા સામે આવ્યા છે. આ અભ્યાસમાં ભારત ઝડપભેર વિશ્વની ડાયાબિટીસની રાજધાની બની રહ્યું હોવાનું આ સંશોધનમાં કહેવામાં આવ્યું છે. ધ લેન્સેટના હાલમાં જ થયેલા અભ્યાસ અનુસાર ભારતમાં ૧૦.૧ કરોડ લોકો ડાયાબિટીસના દર્દી છે. આ અભ્યાસમાં કહેવામાં આવ્યું છે કે છેલ્લાં ચાર વર્ષમાં ડાયાબિટીસના દર્દીઓમાં ૪૪ ટકાનો વધારો થયો છે. તેથી ફરી એકવાર લોકોમાં ભયની લાગણી ફેલાઇ છે. **The lanca diabaes and endocrinology journal** માં પ્રકાશિત થયેલ આ સંશોધન ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ- ઈન્ડિયા ડાયાબિટીસ (**ICMR – INDIAB**) દ્વારા કરવામાં આવ્યો છે. જેમાં ભારતમાં ડાયાબિટીસના દર્દીઓની સંખ્યા ઝડપી વધી રહી હોવાનું જાણવા મળ્યું છે. આ




અભ્યાસમાં કહેવામાં આવ્યું છે કે ૨૦૧૯માં ભારતમાં ડાયાબિટીસના ૭ કરોડ દર્દી હતાં. હવે આ સંખ્યામાં ૪૪ ટકાનો વધારો થયો છે. અભ્યાસ મુજબ ભારતની ૧૫.૩ ટકા વસ્તી પ્રી-ડાયાબિટીક છે. ભવિષ્યમાં ડાયાબિટીસ થઈ શકશે એવું જોખમ હોય તેને પ્રી-ડાયાબિટીક કહેવાય છે. આ સંખ્યા ડાયાબિટીસ બાબતના અગાઉના અંદાજા કરતાં બહુ વધારે છે. તેથી એક્સપર્ટે આ અંગે ચિંતા વ્યક્ત કરી છે. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશને અંદાજો વ્યક્ત કર્યો હતો કે ભારતમાં લગભગ ૭.૭ કરોડ લોકોને ડાયાબિટીસ થઈ શકે છે. જ્યારે આ અભ્યાસમાં ડાયાબિટીસના દર્દીઓની વાસ્તવીક સંખ્યા ૧૦.૧ કરોડ હોવાની વિગતો જાણવા મળી છે. **WHO** એ અંદાજો લગાવ્યો હતો કે ૨.૫ કરોડ લોકો પ્રી-ડાયાબિટીક હશે જોકે વાસ્તવીક આંકડો આના કરતાં ઘણો મોટો છે. ડાયાબિટીસ પર કરવામાં આવાનાર આ સંશોધન ૧૦ વર્ષ ચાલ્યું છે. આ અભ્યાસને ભારતનો સૌથી મોટો અભ્યાસ માનવામાં આવી રહ્યો છે. મદ્રાસ ડાયાબિટીસ રિસર્ચ ફાઉન્ડેશને આ અભ્યાસ કરવા માટે **ICMR** ને મદદ કરી. ભારતના દરેક રાજ્યના લોકોને આમા સમાવવામાં આવ્યા છે. આ અંગે એક મીડિયા હાઉસ સાથે વાત કરતાં આ અભ્યાસના પ્રમુખ લેખક અને મદ્રાસ ડાયાબિટીસ રિસર્ચ ફાઉન્ડેશનના અધ્યક્ષ ડો. રંજિત મોહન અંજનાએ કહ્યું કે, આ પિરિસ્થિતી ટાઈમ બોમ્બ જેવી છે. જો તમે પ્રી-ડાયાબિટીક હશો તો તમને ડાયાબિટીસ થવાની શક્યાતાઓ વધારે રહેલી છે. પ્રી-ડાયાબિક લોકોમાંથી ૬૦ ટકા લોકોને આગળના પાંચ વર્ષમાં આ બિમારી થઈ શકે છે. ભારતમાં ગોવામાં સૌથી વધુ ડાયાબિટીસના દર્દી હોવાનું આ અભ્યાસમાં જાણવા મળ્યું છે. ગોવાના ૨૬.૪ ટકા લોકો ડાયાબિટીક છે. ત્યાર બાદ પોંડીચેરી (૨૬.૩ ટકા) કેરલ (૨૫.૫ ટકા) છે. ઉત્તર પ્રદેશમાં સૌથી ઓછા ૪.૮ ટકા ડાયાબિટીસના દર્દી છે. જોકે અહીં લગભગ ૧૮ ટકા લોકો પ્રી-ડાયાબિટીક છે. જે એક ચિંતાનો વિષય છે. અભ્યાસમાં કહેવામાં આવ્યું છે કે હાલમાં ઉત્તર પ્રદેશ, મધ્ય પ્રદેશ, બિહાર અને અરુણાચલ પ્રદેશમાં ડાયાબિટીસનું પ્રમાણ ઓછું છે. જોકે આ રાજ્યમાં ડાયાબિટીસનું પ્રમાણ ઝડપથી વધી રહ્યું છે.

# પગ ધોઈને સુવાથી સ્વાસ્થ્યને મળે છે ૫ ગજબના ફાયદા

જો તમે અત્યાર સુધી દિવસભરના કામકાજ બાદ પગ ધોયા વગર બેડ પર સુવા પહોંચી જાવ છો તો તમારે તમારી આ આદતને તત્કાલ બદલવાની જરૂર છે. આમ કરવાથી તમે અજાણતા તે હેલ્થ બેનિફિટ્સને ખુદથી દૂર કરી રહ્યાં છો જે રાત્રે પગ ધોઈને સુવાથી મળે છે. તમને ખ્યાલ નહીં હોય કે પગ ધોઈને સુવુ માત્ર હાઈજીન નથી પરંતુ તેનાથી સ્વાસ્થ્યને ઘણા ફાયદા મળે છે. તેવામાં આજે અમે તમને રાત્રે પગ ધોઈને સુવાથી મળતા ફાયદા વિશે જણાવીશું. વ્યક્તિના શરીરનું સમગ્ર વજન તેના પગ દ્વારા



દિવસ દરમિયાન વહન કરવામાં આવે છે. જેના કારણે પગમાં જકડાઈ જવા કે ખેંચાણ જેવી સમસ્યાઓનો સામનો કરવો પડે છે. જો તમને પણ આ સમસ્યા હોય તો રાત્રે સૂતા પહેલા પગ ધોયા પછી જ સૂઈ જાઓ. આમ કરવાથી માત્ર પગની માંસ પેશીઓ જ નહીં પરંતુ સાંધાના દુખાવામાં પણ રાહત મળે છે.

## BOLLYWOOD NEWS FLASH

### ઉર્વશી રૌતેલાએ કાન રેડ કાર્પેટ પર બીજાં દિવસે બ્રાઇટ ઓરેન્જ રફલ્ડ ગાઉન પહર્યુ હતું અને પર્લ વર્ક કરવામાં આવ્યું છે




। મુંબઈ, તા.૧૮ ।

ઉર્વશી સતત બીજા દિવસે કાન ફેસ્ટિવલ પર જોવા મળી હતી, જેનું કારણ જાપાનિઝ ફિલ્મ કૈબુત્સુનું સ્ક્રિનિંગ હતું. બુધવારે કાન ફેસ્ટિવલની ૭૬મી એડિશનમાં આ ફિલ્મ દર્શાવવામાં આવી હતી. જે માટે ઉર્વશીએ ઓરેન્જ રફલ્ડ ગાઉન પહેર્યુ હતુ અને હાઈ બનથી તેના વાળને સ્ટાઈલ કર્યા હતા. એક બાબત જે તેના લૂકમાં મિસિંગ હતી તે હતો તેનો એલિગેટર નેકપીસ. ઉર્વશી રૌતેલાએ કાન રેડ કાર્પેટ પર બીજાં દિવસે બ્રાઈટ ઓરેન્જ રફલ્ડ ગાઉન પહર્યુ હતું જેમાં સિક્વિન અને પર્લ વર્ક કરવામાં આવ્યું છે. આ ઓરેન્જ ફ્રિલ્ડ ગાઉનમાં સિક્વિન બોડીસ અને પર્લ સ્ટીચ કરવામાં આવ્યા છે. કાન ફેસ્ટિવલમાં ઉર્વશી સતત બીજાં વર્ષે પણ અપિયર્ડ થઈ રહી છે. આ વર્ષે કાન ફિલ્મ ફેસ્ટિવલમાં તે પરવીન બાબીની બાયોપિક લૉન્ચ માટે પહોંચી છે, જેમાં ઉર્વશી લીડ રોલમાં છે. ઓરેન્ડ ગાઉનમાં તેના લૂકને ઉર્વશીએ સ્ટાઈલિશ પર્લ જ્વેલરી અને હાઈ બનથી કમ્પલિટ કર્યો છે. આ સાથે તેણે હાથમાં એક નાની રેડ બેગ પણ રાખી છે. ઉર્વશીનો લૂક સોશિયલ મીડિયા યૂઝર્સને સતત બીજાં દિવસે પણ પસંદ નથી આવી રહ્યો. બીજાં દિવસે જેવા તેણે રેડ કાર્પેટ પર પોઝ આપવાનું શરૂ કર્યુ તો તેની તસવીરો જોઈને કેટલાંક યૂઝર્સે તેને ઐશ્વર્યા રાયની કોપી કેટ કહી દીધી. તો અન્ય યૂઝરે તેને નાહ્વા માટે ઉપયોગમાં લેવાતા લૂફા સાથે સરખાવી છે. ઉર્વશીના ફર્સ્ટ ડે લૂકમાં તેણે પહેરેલા એલિગેટર નેકપીસના કારણે પણ તે ટ્રોલ થઈ હતી. આ નેકલેસના કારણે અનેક મીમ્સ પણ ફરતા થયા છે.

### આલિયા ભટ્ટે હાલમાં જ એક મોટી બ્રાન્ડનાં ફેશન શોમાં ભાગ લીધો હતો, જેમાં તેનો લુક ખૂબ જ વાયરલ થઇ રહ્યો છે

# કાણાવાળો ડ્રેસ પહેરી ફેશન શોમાં પહોંચી આલિયા ભટ્ટ

। મુંબઈ, તા.૧૮ ।

એક્ટ્રેસ આલિયા ભટ્ટ હાલ ખૂબ જ ચર્ચામાં આવી રહી છે. ક્યારેક તેણી પોતાની ફિલ્મોમાં તો ક્યારેક મોટા-મોટા ઈન્ટરનેશનલ ઈવેન્ટમાં સામેલ થવાથી લઈને આલિયા ચર્ચામાં આવી છે. હાલમાં જ એક્ટ્રેસ દુનિયાના સૌથી મોટા ફેશન શો મેટ ગાલાનો ભાગ બની હતી. મેટ ગાલા ડેબ્યૂ બાદ આલિયા ભટ્ટે એક મોટા ઈન્ટરનેશનલ ફેશન હાઉસે પોતાના બ્રાન્ડ એમ્બેસેડર બની ચુકી છે. બેક ટૂ બેક ઘણાં સક્સેસ બાદ આલિયા ભટ્ટ હાલમાં **Gucci**માં ક્રૂઝ ફેશન શો ૨૦૨૪માં સામેલ થયા હતાં. તેણી અહીં પોતાના સ્ટાઈલથી સૌ કોઈને ઈમ્પ્રેસ કરતી જોવા મળી રહી છે. આલિયા ભટ્ટના આ ઈવેન્ટના ફોટો ખૂબ જ વાયરલ થતાં જોવા મળી રહ્યા છે. આ ફોટોમાં એક્ટ્રેસે બ્લેક કલરનો એવો ડ્રેસ પ



હે ર્યો છેજેમાં મોટા-મોટા ઘણાં બધાં કાણાં જોવા મળી રહ્યા છે. આ ડ્રેસ વિશે ફેન્સ પણ તેના સોશિયલ મીડિયા પર કોમેન્ટ્સ કરતાં જોવા મળી રહ્યા છે. આલિયાએ પોસ્ટ કરેલા ફોટોમાં તેણી ઈન્ટરનેશનલ સિંગર **IU** સાથે જોવા મળી રહી છે. જેનાથી ફેન્સ ખૂબ જ પ્રાઉડ ફીલ કરી રહ્યા છે. **Gucci** ની બ્રાન્ડ એમ્બેસેડર બનવા માટે ફેન્સ તેને સતત કોમેન્ટ કરીને શુભકામના પણ આપી રહ્યા છે.

# તમારી સુંદર યાદો અને પ્રેમ માટે આભાર : આયુષ્માન

। મુંબઈ, તા.૧૮ ।

આયુષ્માન ખુરાનાના પિતા પી. ખુરાનાનું ૧૯ મેના રોજ નિધન થયું હતું, ત્યારબાદ અભિનેતા આયુષ્માન ખુરાનાએ હવે સોશિયલ મીડિયા પર એક ભાવનાત્મક પોસ્ટ શેર કરી છે. પિતાના મૃત્યુના શોકમાં ડૂબેલા આયુષ્માને તેના પિતાને યાદ કરીને ઈન્સ્ટાગ્રામ પર એક ઈમોશનલ પોસ્ટ લખી હતી. પ્રાર્થના સભાની કેટલીક તસવીરો પણ શેર કરી છે. આ તસવીરોમાં આયુષ્માન ખુરાના ભાઈ અપારશક્તિ સાથે રડતી માતાને સંભાળતા જોવા મળે છે. તે જાણીતું છે કે આયુષ્માન ખુરાનાના પિતા પી. ખુરાના જાણીતા જ્યોતિષ હતા.



તેમણે આ ક્ષેત્રમાં લગભગ ૩૪ પુસ્તકો લખ્યા અને ઘણી ખ્યાતિ મેળવી. પી. ખુરાનાને પણ વાસ્તુશાસ્ત્રનું સારું જ્ઞાન હતું. તેઓ છેલ્લા ઘણા સમયથી હૃદયની બિમારીથી પીડિત હતા અને છેલ્લા કેટલાક દિવસોથી મોહાલીની હોસ્પિટલમાં સારવાર હેઠળ હતા તેમનું મૃત્યુ ૧૯ મેના રોજ થયુ હતુ. આયુષ્માને ઈન્સ્ટાગ્રામ પર તસવીરો સાથેની એક નોટમાં લખ્યું, માતાનું ધ્યાન રાખવાનું છે અને હંમેશા સાથે રહેવાનું છે. પિતા જેવા બનવા માટે પિતાથી ખૂબ દૂર જવુ પડતુ હોય છે. પહેલીવાર એવું અનુભવાય છે કે પપ્પા આપણાથી ઘણા દૂર અને ખૂબ નજીક છે. તમે આપેલી સુંદર યાદો અને પ્રેમ માટે અને તમે જે રીતે અમને ઉછેર્યા તે માટે પાપા તમારો આભાર.

### એક્ટ્રેસ ખૂબ શાનદાર શિમરી સિલ્વર ટ્રાન્સપરન્ટ ડ્રેસ પહેરીને સમુદ્ર કિનારે સ્ટાઈલ બતાવતી જોવા મળી રહી છે

# દેશી અવતાર બાદ સારા અલી ખાને પહેર્યો ચમકદાર ડ્રેસ

। મુંબઈ, તા.૧૮ ।

એક્ટ્રેસ સારા અલી ખાન કાન્સ ૨૦૨૩માં ખૂબ ફેશનનો જલવો બતાવી રહી છે. સારાએ પહેલા દિવસે રેડ કાર્પેટ પર લહેંગા પહેરીને દરેક લોકોને ઈમ્પ્રેસ કરી દીધા હતાં. હવે એક્ટ્રેસે કાન્સ ફેસ્ટિવલનો લુક સામે આવ્યો છે, જેમાં એક્ટ્રેસ ખૂબ જ શાનદાર શિમરી સિલ્વર ટ્રાન્સપરન્ટ ડ્રેસ પહેરીને સમુદ્ર કિનારે સ્ટાઈલ બતાવતી જોવા મળી રહી છે. સારા અલી ખાનનો કાન્સ ન્યૂ લુક ખૂબ જ સુંદર છે. સારાનો ડ્રેસ એક લોન્ગ ગાઉન છે જે ઘણાં બધા થ્રેડ વર્કથી તૈયાર થયાં છે. સાથે જ એક્ટ્રેસના ડ્રેસને ઝાલરનુમા સ્ટાઈલ આપવામાં આવી છે. સારા અલી ખાનનાં ગ્લેમરસ ડ્રેસની સાથે તામ-ઝામ



વિના બોલ્ડ શિમરી આઈમેકઅપ કરેલો જોવા મળે છે. વળી, એક્ટ્રેસે પોતાના વાળને રફ બનમાં બાંધેલો છે. સારા અલી ખાને કાન્સ ૨૦૨૩ની પોતાની નવી તસવીરો ખુદ ઈન્સ્ટાગ્રામ પર શેર કરી છે. જણાવી દઈએ કે, સારા અલી ખાને કાન્સ ફેસ્ટિવલમાં પોતાના અલગ-અલગ લુકનાં ખૂબ જ વખાણ કરવામાં આવ્યા હતાં. પહેલાં દિવસે લહેંગા, બીજા દિવસે સાડી અને ત્રીજા દિવસે એક્ટ્રેસે બોલ્ડ શિમરી ડ્રેસમાં જોવા મળી છે.

# નાનુ અમથું ફ્રોક પહેરીને નીકળી મલાઇકા અરોરા

। મુંબઈ, તા.૧૮ ।

એક્ટ્રેસ અને બોલિવૂડ સ્ટાર અર્જુન કપૂરની ગર્લફ્રેન્ડ મલાઈકા અરોરા સોશિયલ મીડિયા પર તેના લુક્સના કારણે ચર્ચામાં રહે છે. આ દરમિયાન મલાઈકા અરોરાની નવી તસવીરો સામે આવી છે. મલાઈકા અરોરા આ તસવીરોમાં શોર્ટ ડ્રેસ પહેરેલી જોવા મળી હતી. મલાઈકા અરોરાની આ તસવીરો આવતાની સાથે જ સોશિયલ મીડિયા પર વાયરલ થઈ ગઈ હતી. તો ચાલો જોઈએ મલાઈકા અરોરાની આ તસવીરો જે સોશિયલ મીડિયા પર તહેલકો મચાવી રહી છે. મલાઈકા અરોરાની નવી તસવીરો



સામે આવી છે. તે તસવીરોમાં મલાઈકા અરોરા વન પીસ ડ્રેસ પહેરેલી જોવા મળે છે. મલાઈકા અરોરાનો આ લુક તેના ફેન્સને પસંદ આવી રહ્યો છે. આ વાયરલ તસવીરોમાં મલાઈકા અરોરા તેના ગળામાં ક્યૂટ નેકલેસ પહેરેલી જોવા મળી રહી છે. મલાઈકા અરોરાનો આ નેકલેસ ફેન્સનું ધ્યાન પોતાની તરફ ખેંચી રહ્યો છે. આ તસવીરમાં મલાઈકા અરોરા હાથમાં નાની બેગ લઈને જોવા મળી રહી છે. મલાઈકા અરોરાની આ બેગ તેના ફેન્સને ખૂબ જ ક્યૂટ લાગી રહી છે. આ તસવીરમાં મલાઈકા અરોરા હાથમાં ઘડિયાળ પહેરેલી જોવા મળી હતી. મલાઈકા અરોરાની આ તસવીર તેના ફેન્સ જોરદાર શેર કરી રહ્યા છે. આ તસવીરમાં મલાઈકા અરોરા તેના ટોન્ડ લેગ્સને ફ્લોન્ટ કરતી જોવા મળી રહી છે. મલાઈકા અરોરાનો આ અંદાજ ફેન્સને પસંદ આવી રહ્યો છે. આ તસવીરમાં મલાઈકા અરોરા કિલર પોઝ આપતી જોવા મળી રહી છે. મલાઈકા અરોરાની આ તસવીર પર તેના ફેન્સ જોરદાર કોમેન્ટ કરતા જોવા મળ્યા હતા. આ તસવીરમાં મલાઈકા અરોરા પેપ્સને બાય કહેતી જોવા મળી રહી છે. મલાઈકા અરોરાની આ સિમ્પલ સ્ટાઈલ લોકોને પસંદ આવી છે. આ વાયરલ તસવીરોમાં મલાઈકા અરોરા નવી હેરસ્ટાઈલમાં જોવા મળી હતી. મલાઈકા અરોરાની આ હેરસ્ટાઈલ આવતાની સાથે જ સોશિયલ મીડિયા પર પોપ્યુલર થઈ ગઈ હતી. ફેન્સની સાથે ટ્રોલ્સ પણ મલાઈકા અરોરાના આ નવા લુકના વખાણ કરતા જોવા મળ્યા હતા. મલાઈકા અરોરાની આ તસવીરો સોશિયલ મીડિયા પર છવાયેલી છે.

# ઝાલોદ તાલુકાના ગરાડુ ગામેથી ૧૮,૨૮,૯૬૦ રૂપિયાનો વિદેશી દારૂના જથ્થા સાથે મુદ્દામાલ ઝડપી પાડતી દાહોદ એલ.સી.બી પોલિસ

## વિદેશી દારૂ, ત્રણ વાહનો સાથે પાંચ આરોપીને ઝડપી પાડતી દાહોદ એલ.સી.બી પોલિસ



। પંકજ પંડિત ઝાલોદ, તા.૧૮ ।

દાહોદ જિલ્લા પોલીસ અધિક્ષક રાજદિપ ઝાલા દ્વારા ગુનાહિત પ્રવૃત્તિઓ કરતાં ગુનેગારો ને પકડવા તેમજ ગેરકાયદેસર દારૂની હેરાફેરી કરનાર અસામાજિક પ્રવૃત્તિ આચરનાર ગુનેગારો પર સતત વોચ રાખી પકડી પાડવા માટે પ્રયતશીલ છે. તે અન્વયે દાહોદ જિલ્લા એલ.સી.બી પોલીસ ઇન્સ્પેક્ટર કે.ડી.ડીંડોર દ્વારા પો.ઇ એમ. એલ.ડામોર, પો.ઇ જે.બી ઘનેશા અને અન્ય પોલિસ સ્ટાફ સાથે રાખી માહિતીને આધારે ઝાલોદ તાલુકાના ગરાડું મુકામે વોચ ગોઠવેલ હતી.

વિદેશી દારૂના ત્રણ ગુના પૈકી પહેલો ગુનો દાહોદ એલ.સી.બી ને મળેલ બાતમીને આધારે એક સફેદ કલરની પીકઅપ ગાડી જેનો નંબર પ્રન-૧૭ે--૭૩૫૦ જે રાજસ્થાનના સલ્લોપાટના દારૂના ઠેકા પરથી ગરાડુના રસ્તે આવી રહેલ હતી જે ગાડીને રોકી તે ગાડી માંથી વિદેશી દારૂ સાથે એક આરોપી સુરેશ શંકર બામણીયા (મોરવા હડફ) ને પકડી પાડી તેના પાસેથી ૫૧,૪૨૦ રૂપિયાનો વિદેશી દારૂ, પીકઅપ ગાડી ૭૦૦૦૦૦ રૂપિયા અને મોબાઇલ ૫૦૦૦ રૂપિયા થઈ ટોટલ ૭૫૬૪૨૦ રૂપિયાનો મુદ્દામાલ ઝડપી પાડેલ હતો.

બીજા બનાવમાં મારુતિ વાન (ઓમની) GJ20-AH-9902 ગાડી માંથી વિદેશી દારૂના જથ્થા સાથે બે આરોપીને પકડી પાડેલ હતા જેમાંથી એક આરોપી જે મોરવા હડફ મુકામના રહેવાસી સુરેશ નરવત મુનીયા અને જેમીન છત્રસિંહ ડામોરની ૭૬૩૮૦ નો વિદેશી દારૂ, મારૂતિ ઓમની જેની કિમત ૩૦૦૦૦૦ અને ૧૦૦૦૦ ના મોબાઈલ સાથે કુલ ૩૮૬૩૮૦ રૂપિયાનો મુદ્દામાલ ઝડપી પાડવામાં દાહોદ એલ.સી.બી પોલિસ ને સફળતા મેળવેલ છે.

ત્રીજો બનાવ બોલેરો ગાડી GJ-02-VV9431 માથી ૧૭૬૧૬૦ નો વિદેશી દારૂ, ૧૦૦૦૦ ના મોબાઈલ અને ગાડીની કીમત ૫૦૦૦૦૦ સાથે કુલ ૬,૮૬,૧૬૦ ના મુદ્દામાલ સાથે બે આરોપી દિનેશ નાના ખાંટ (સંજેલી) અને ગિરીશ છત્રસિંહ રાઠોડ (મોરવા હડફ) ની મુદ્દામાલ સાથે ઝડપી પાડી દાહોદ એલ.સી.બી પોલીસને સફળતા મળેલ છે.

ઉપરોક્ત ત્રણેય બનાવોમાં દાહોદ એલ. સી.બી પોલીસને ત્રણ અલગ અલગ વહાનો સાથે પાંચ અલગ અલગ આરોપીને ઝડપી પાડી ટોટલ ૧૮,૨૮,૯૬૦ ના મુદ્દામાલ સાથે ઝડપી પાડવામાં સફળતા મેળવેલ છે.

### દારૂના નશામાં પિતા હેવાન બન્યો

# પિતાએ ૬ વર્ષના પુત્રને જમીન પર પટકી પટકીને ઢોરમાર માર્યો

। દીપક જગતાપ રાજપીપળા, તા.૧૮ ।

દિવાળીનો તહેવાર લોકો પોતાનાં પરિવાર સાથે ધામધુમથી ઉજવતા હોય છે. તો બીજી બાજુ ૧૨ તારીખે રાત્રે સાગબારાના એક ગામે દારૂના નશામાં ચકનાચુર પિતાએ ૬ વર્ષના પુત્રને જમીન પર પટકી પટકીને માર માર્યો હોવાની ગંભીર ઘટના સામે આવી છે. જો કે પુત્રની માતાઅને દાદા ૧૦૮ માં અર્ધ બેભાનહાલતમાં પોતાનાં પુત્રને સાગબારા સીએચસી ખાતે લઈ આવ્યા હતા.ત્યાં હાજર તબીબે પ્રાથમિક સારવારબાદ ગંભીર ઘાયલ બાળકને રાજપીપળા સિવિલ હોસ્પિટલ ખાતે રીફર કર્યો હતો.અને ત્યાંથી એને વધુ સારવાર માટે વડોદરા એસએસજીખાતે લઈ જવાયો હતો.જો કે હાલમાએ બાળક સ્વસ્થ છે એવું જાણવામળ્યું છે. તો બીજી બાજુ કોઈ ફરિયાદી ન બનતાં સાગબારા પોલિસે પિતાનેમાત્ર અટકાયતી પગલા ભરી જવાદઈ સંતોષ માન્યો હતો. આ આખી ઘટના બાબતે ૬ વર્ષીય ઘાયલ બાળકની પ્રાથમિક સારવાર કરનાર સાગબારાસીએચસીના મેડિકલ ઓફિસર ડો. સીમા શર્માએ જણાવ્યું હતું કે૧૨/૧૧/૨૦૨૩ ની રાત્રે ૧૧ કલાકે સાગબારાના એક ગામના ૬વર્ષીય બાળકને ૧૦૮ વાનમાં લઈનેએની માતા અને દાદા સીએચસીમાં આવ્યા હતા.એની માતાએ જણાવ્યુંહતું કે ચિક્કાર દારૂના નશામાંતેના પતિ ૬ વર્ષિય પુત્રને જમીન પર પટકી પટકીને માર્યો છે.આ ઘટના બાબતે



મે સાગબાર પોલીસમથકમાં પણ તરત જ જાણ કરીદિધી હતી.જ્યારે એની તબીબી તપાસ કરી ત્યારે ઘાયલ બાળક અર્ધબેભાન હાલતમાં હતું, એની બંને આંખો સોજી ગયેલી હતી અને એબાળકને અંદરના ભાગે ઈજાઓથઈ હોય એવું લાગતા પ્રાથમિક સારવાર બાદ રાજપીપળા સિવિલ હોસ્પિટલમાં રિફર કરવામાં આવ્યોહતો. જિલ્લા બાળ સુરક્ષા અધિકારી ચેતન પટેલે જણાવ્યું હતું કે અમે માતા-પિતાનું નિવેદન લીધું હતું, જો કે પરીવારના સભ્યોએ પોલીસ ફરિયાદ નથી કરવી એવું અમને લેખિત આપી દેતા અમે પિતા સામે અટકાયતી પગલાં ભરી જવા દીધો હતો. બાલ સુરક્ષા અધિકારી ચેતન પરમારે જણાવ્યું હતું કે કોઈ ફરિયાદી નહિ થયું હોય એટલે પોલિસેફરિયાદ નહિ કરી હોય. પણ પુત્રને આટલી હદે માર્યો છે એટલે સરકાર પક્ષે પિતા સામે ફરીયાદ દાખલ કરાવીશું. જિલ્લા બાળ કલ્યાણ સમિતિદ્વારા સરકાર પક્ષે ફરિયાદ દાખલ કરવાની તજવીજ ચાલી રહી હોવાનું જણાવી આજની મિટિંગમાં પોલીસ અધિક્ષકને લેખિત જાણ કરી આગળની કાર્યવાહી કરવાઅંગેની માહિતી આપી હતી.

# ૫ વર્ષમાં દોઢ કરોડ કરતા પણ વધુ પ્રવાસીઓએ સ્ટેચ્યુ ઓફ યુનિટીની મુલાકાત લીધી



। રાજપીપળા, તા.૧૮ ।

આ દિવાળીના વેકેશનમાં પ્રવાસીઓ ની સૌથી પહેલી પસંદગી કેવડિયા જ હોય છે કેવડિયા અત્યાર સુધી દોઢ કરોડ કરતા પણ વધુ પ્રવાસીઓઆ ૫ વર્ષમાં નોંધાઈ ચુક્યા છે અને હાલ આ વેકેશન દરમયાન પણ રોજના ૩૦ થી ૪૦ હજાર પ્રવાસીઓ કેવડિયા આવે એવી તૈયારીઓ સાથે તંત્ર સજ્જ બન્યું છે, ત્યારે હાલ આ દિવાળીના જગમગતા દીવાની ચમકથી પ્રકાશિત આ દિવાળી ના ઉત્સવ ને ઉજવવા sou સત્તામંડળ દ્વારા કેવડિયા એકતાનગર માં તમામ જગ્યા એ લાઈટિંગ કરી એકતાનગર ને દુલ્હનની જેમ સજાવવામાં આવ્યું છે ત્યારે દિવાળી વેકેશનમાં આવેલ પ્રવાસીઓ પણ આ લાઈટિંગ નો નજારો જોઈ ખુશખુશાલ થાય છે અને sou ના ceo ઉદિત અગ્રવાલે પણ મીડિયા ને જણાવ્યું હતું કે ચાલુ વર્ષે દિવાળી વેકેશનમાં ૨ લાખ પ્રવાસીઓ અવવાવાની શકયતા ને લઈ તમામ પ્રકાર ની પ્રવાસીઓ ની સુવિધામાં વધારો પણ કરવામાં આવ્યો છે આજે એકતાનગર માં તમામ જગ્યા એ લાઈટિંગ કરતા રાત્રી નજારો જોવા મોટી સંખ્યામાં પ્રવાસીઓ ઉમટી રહ્યા છે.

# રાજપીપળામાં પત્રકારો દ્વારા રંગોળી



। રાજપીપળા, તા.૧૮ ।

પત્રકારો દિવાળી હોય કે કોઈ પણ પર્વ દરેક પર્વમાં પત્રકારત્વ કરતા પત્રકારો ઘરની બહાર રહીને કવરેજ કરતા હોય છે ત્યારે આજે દિવાળી પર્વે રાજપીપલા ખાતે જાણીતા પત્રકાર લેખક દીપક જગતાપ વહેલી સવારે મોર્નિંગ વોક પછી હળવાશની પળોમાં રંગોળી કરતા નજરે પડે છે.

# પોઇચા ખાતે ગુજરાતના રાજ્યપાલની ઉપસ્થિતિમાં પ્રાકૃતિક કૃષિ સંમેલન યોજાયું



। રાજપીપળા, તા.૧૮ ।

ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી નર્મદા જિલ્લાના ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ અંગે પ્રેરક માર્ગદર્શન પૂરું પાડવા માટે નિલકંઠધામ સ્વામિનારાયણ મંદિર, પોઇચા ખાતે મંદિર દશાબ્દી મહોત્સવમાં પધાર્યા હતાં. અને નિલકંઠ પ્રવેશદ્વારનું ઉદઘાટન કર્યું હતું. એ ઉપરાંત તેમણે નર્મદા કિનારે તૈયાર થનાર નિલકંઠઘાટનું ખાત મુહૂર્ત પણ કર્યું હતું.

રાજ્યપાલે નર્મદા જિલ્લાના ખેડૂતો પ્રાકૃતિક કૃષિ તરફ આગળ વધે અને જીરો બજેટ ખેતી તેમજ ખેતી ખર્ચમાં ઘટાડો, જમીનની ગુણવત્તામાં સુધારો, ઉત્પાદનમાંવધારોથાયતેવાઉમદા આશય સાથે પ્રાકૃતિક ખેતી અંગે રાજ્યપાલે માર્ગદર્શન આપ્યું હતું.

વધુમાં તેમણે જણાવ્યું હતું કે આજના સમયની માંગ પ્રાકૃતિક ખેતી છે, જંતુનાશક દવા મુક્ત ખેતી થકી ખેડૂતના ખર્ચમાં ઘટાડો થાય તેમજ ખેડૂતનું આર્થિક ઉપાર્જન વધે તે માટે પ્રાકૃતિક કૃષિનો વ્યાપ વધારવા માટેના સુદ્રઢ પ્રયાસો કરવા અનુરોધ કર્યો હતો. જેમાં પરમપૂજ્ય ગુરૂવર્ય દેવકૃષ્ણદાસજી સ્વામિ અને પૂજ્ય ધર્મવલ્લભદાસજી સ્વામી અને સ્વામિનારાયણના સાધુ સંતો તેમજ ભક્તજનો ઉપસ્થિત રહ્યાં હતાં.

# ઝાલોદ નગરમાં વાઇબ્રન્ટ દિવાળીના પંચદિવસીય ઉત્સવનું યાદગાર સમાપન

# “આ દિવાળી વતન વાળી”ની સાર્થકતા જોવા મળી

## સમાપનના છેલ્લા દિવસે પોતાનું વતન છોડી જતી વેળા આંખોમાં યાદગાર ઝલક લઇ જતા વણિક સમાજના લોકોએ અશ્રુભીની આંખે વિદાય લીધી



। પંકજ પંડિત ઝાલોદ, તા.૧૮ ।

ઝાલોદ નગરમાં તારીખ ૧૦-૧૧-૨૦૨૩ થી ૧૫-૧૧-૨૦૨૩ સુધી દશાનીમાં વણિક સમાજ દ્વારા નગરના સર્વ સમાજને સાથે લઈ વાઈબ્રન્ટ દિવાળી ઉત્સવ ઉજવ્યો. આ ઉત્સવ ઉજવવા માટે એક વર્ષથી તડામાર તૈયારીઓ કરતાં વણિક સમાજના લોકોને સુંદર અને ભવ્ય સફળતા મળતા ઝાલોદ દશાનીમાં વણિક સમાજ તેમજ સર્વ વૈષ્ણવ સમાજમાં ખુશી જોવા મળતી હતી. દેશ વિદેશથી થી આવેલ વૈષ્ણવ સમાજના ૧૦૦૦ થી વધારે લોકોએ આ સુંદર આયોજનની પ્રસંશા કરતા જોવા મળતા હતા.

તારીખ ૧૦-૧૧-૨૦૨૩ ના રોજ દેશ પરદેશથી ૧૦૦૦ જેટલા વૈષ્ણવ સમાજના લોકો જે ઝાલોદ નગરમાં પહેલાં વસવાટ કરતા હતા તેઓને ગોયલ પેલેસ ,પ્રભુતા પાર્ટી પ્લોટ તેમજ નગરમાં વસતા વૈષ્ણવ સંપ્રદાયના ઘરોમાં સુંદર રહેવાની વ્યવસ્થા કરવામાં આવી હતી. અને રાત્રે ડીજે સાથે ગરબાની રમઝટ માણવામાં આવી હતી. તારીખ ૧૧-૧૧-૨૦૨૩ ના રોજ વૈષ્ણવ સમાજ દ્વારા વહેલી સવારે નગરના મુખ્ય માર્ગો પર પ્રભાત ફેરીનું આયોજન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ સવારે ૧૧ વાગ્યે વાઈબ્રન્ટ દિવાળીના ઉત્સવનું શુભારંભ ઉપસ્થિત આમંત્રિત મહેમાનોની વચ્ચે દિપ પ્રાગટ્ય સાથે કરવામાં આવ્યું હતું તેમજ ઉપસ્થિત મહેમાનો અને વણિક સમાજના લોકો વચ્ચે કાર્યક્રમની રૂપરેખા સાથે વાઈબ્રન્ટ ઉત્સવને સ્વચ્છ , સુંદર, સમૃદ્ધ ની થિમ સાથે ખુલ્લું મુકવામાં આવ્યું હતું. સાંજે પાંચ વાગે પ્રભુતા પાર્ટી પ્લોટ ખાતેથી સર્વ વૈષ્ણવ સંપ્રદાય દ્વારા નગરમાં શ્રી નાથજી ના સુંદર દર્શન સાથે નગરમાં શોભાયાત્રા નીકળી હતી. આ શોભાયાત્રામાં સહુ લોકો માટે ડ્રેસ કોડ એક સરખો જોવા મળતા તેઓએ નગરમાં અનેરું આકર્ષણ ઉભુ કર્યું હતું. નગરમાં શોભાયાત્રા દરમ્યાન ફટાકડાની ભવ્ય આતસબાજી તેમજ આદિવાસી નૃત્ય એ પણ અનેરું આકર્ષણ ઉભુ કર્યું હતું. નગરના રસ્તાઓ પર સર્વ સમાજ દ્વારા વાઈબ્રન્ટ નિમિતે સ્વાગત સંદેશના બેનર અને નયનરમ્ય રીતે ગેટ જોવા મળતા હતા. આખું નગર લાઈટિંગ થી સુશોભિત જોવા મળતું હતું. નગરમાં શોભાયાત્રા દરમ્યાન રૂટ પર સ્વાગત પ્રોગ્રામ પણ રાખવામાં આવેલ હતા. નગરમાં આવેલ વૈષ્ણવ સમાજના લોકો વર્ષો પછી વતનમાં આવતા તેઓ નાચતા ઝૂમતા નગરમાં વાઈબ્રન્ટ દિવાળી ઉત્સવની મજા લેતા જોવા મળતા હતા.

તારીખ ૧૨-૧૧-૨૦૨૩ ના રોજ નગરમાં વૈષ્ણવ સંપ્રદાયના આવેલ લોકો એ નગરમાં આવેલ વિવિધ સંસ્થાઓની મુલાકાત લીધી હતી. વૈષ્ણવ સમાજના લોકો દ્વારા વિવિધ સંસ્થાઓના બીજ રોપેલ હતા તે આજે વટવૃક્ષ બની ગયેલ જોવા મળતા સહુ ખુશહાલ જોવા મળતા હતા. દિવાળી નિમિત્તે નગરના રામસાગર તળાવની વચ્ચે ફટાકડાની ભવ્ય આતશબાજીએ પણ અનેરું આકર્ષણ ઉભુ કર્યું હતું. રાત્રિના ગોયલ પેલેસ ખાતે શ્રી નાથજીની સુંદર ઝાંખી જોઈ સહુ અભિભૂત થઈ ગયેલ જોવા મળતા હતા. આ નયનરમય







ઝાંખીમાં શ્રી નાથજીના દર્શન કરતા સહુ લોકો આનંદિત જોવા મળતા હતા.

તારીખ ૧૩-૧૧-૨૦૨૩ ના રોજ ગોવર્ધન પૂજા, અન્નકૂટ દર્શનનો લ્હાવો સહુ લોકોએ લીધો હતો. બપોરે દેશ પરસેશથી આવેલ સહુ વૈષ્ણવ સમાજના લોકોએ નગર વિશે અભિપ્રાય તેમજ નગરમાં વિતાવેલ યાદગાર પળને સ્ટેજ પ્રોગ્રામ દ્વારા યાદો તાજી કરી વાગોળી હતી. તેમજ ભલે ગમે ત્યાં રહીએ પણ જ્યાં સુધી જીવ હસે ત્યાં સુધી ઝાલોદ નગરને કદી નહીં ભૂલી સકીએ. ઝાલોદ નગર હજુ પણ સહુના સ્મરણોમા છે. જ્યાં જન્મ લીધો તે સ્થળ ભૂલવું શક્ય નથી તેવી સુંદર વાતો સાથે સહુની આંખો ભરાઈ આવી હતી અને તેઓના ચહેરા પર વતનપ્રેમનો અનેરોભાવ જોવા મળતો હતો. રાત્રે સચિન લિમિયે ગ્રુપના સુંદર સંગીત પ્રોગ્રામનો લ્હાવો સહુ કોઈએ લીધો હતો.

તારીખ ૧૪-૧૧-૨૦૨૩ ના રોજ વાઈબ્રન્ટ ઉત્સવમાં સહયોગ આપનાર સહુ દાતાર તેમજ ઉપસ્થિત મહાનુભાવોનું સન્માન કરવામાં આવ્યું હતું.આ ઉત્સવને યાદગાર બનાવવામાં નામી અનામી સહુ લોકોનો આભાર પણ માનવામાં આવ્યો હતો. ગોયલ પેલેશના સુભાષભાઈ, ગોપાલભાઈ, કિરીટભાઈ દ્વારા પણ વાઈબ્રન્ટ ઉત્સવ સફળ બનાવવામાં મહેનત કરનારનું સન્માન કરી તેમનો ઉત્સાહ વધારવામાં આવ્યો હતો. સાંજે વિવિધ સાંસ્કૃતિક પ્રોગ્રામ જેવાકે હરસિંહ સોલંકીનો હાસ્ય દરબાર, સંજય રાવલનુ પ્રેરણા દાયક પ્રવચન, જાદુના ખેલ, બોલિવૂડ મ્યુઝિક નાઈટ, ડીજે મસ્તી ધમાલ જેવા પ્રોગ્રામ રાખવામાં આવેલ હતા.

વાઈબ્રન્ટ દિવાળી ઉત્સવ દરમ્યાન દરરોજ લાલજી મંદિરે વિવિધ દર્શન તેમજ ભક્તિનો લ્હાવો સહુ કોઈએ લીધો હતો. આ ઉત્સવના સમાપન થતાં સહુ કોઈની આંખોમાં હર્ષના આંસુ જોવા મળતા હતા સાથે સાથે આ યાદગાર પળને તેઓ આંખોમાં વસાવી કદી નહીં ભુલાય તેવી યાદોને સાથે લઈ જવાનો હર્ષ પણ સહુ વૈષ્ણવોમા જોવા મળતો હતો. સહુ કોઈએ ખરા અને સાચા અર્થમાં યે દિવાલી અપને વતન વાલી ની મોજ માણી હતી. સહુ કોઈ બહારથી આવેલ વૈષ્ણવો ને વતન માંથી ફરી જવાની ઈચ્છા થતી ન હતી. આંખોમાં આંસુ અને યાદગાર સંભારણાનું ભાથું લઈ તેઓએ નગરમાંથી વિદાય લીધી હતી.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે તમારો આવેશપૂર્ણ સ્વભાવ તમારી માટે સ્વાસ્થ્યને લગતી ગંભીર સમસ્યા ઊભી કરે શકે છે. આ રાશિ ના વેપારીઓ ને આજે પોતાના ઘર ના તે સભ્યો થી દૂર રહેવું જોઈએ જે લોકો ઉધારી પૈસા માંગે તો છે પણ પાછા નથી આપતા? મિત્રો તમને સહકાર આપનારા જણાશે-પણ તમે જે બોલો છો તે અંગે તકેદારી રાખજો. આજે કોઈક તમારા પ્રેમની વચ્ચે આવી શકે છે.

**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે ધીરજ રાખો કેમ કે તમારા સતત પ્રયાસો વિવેકબુદ્ધિ તથા સમજદારી તમને સફળતાની ગેરેન્ટી આપે છે. તમારા મૂડીરોકાણ તથા ભાવિ ધ્યેયો વિશે ગુપ્તતા જાળવો. તમે જેની દરકાર કરો છો એવી કોઈક નિકટની વ્યક્તિ સાથે સંવાદનો અભાવ આજે તમને હતાશ કરી મુકશે. પ્રિયતમ આજે તમારી પાસે થી કંઈ માંગ કરી શકે છે પરંતુ તમે તે પૂરા કરી શકશો નહીં.

**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે બાળક જેવો તમારો સ્વભાવ સપાટી પર આવશે તથા તમે આનંદના મિજાજમાં હશો. વગર સૂચના કોઈ દેણદાર આજે તમારા એકાઉન્ટ માં પૈસા નાખી શકે છે જેના લીધે તમે આશ્ચર્યચકિત અને ખુશ થયી શકો છો? લોકો તથા તેમના આશય વિશે ઝડપી અભિપ્રાય બાંધશો નહીં- તેઓ તાણ હેઠળ હોઈ શકે અને શક્ય છે કે તેમને તમારી સહાનુભૂતિ તથા સમજની જરૂર હોય.

**કર્ક (ડ,હ) :**

આજના દિવસે લાંબા ગાળાની માંદગીથી તમને મુક્તિ મળે એવી શક્યતા છે. નાણાંપ્રવાહમાં વધારો લાંબા સમયથી ચૂકવવાની બાકી રકમ તથા બિલો ચૂકવવા આસાન બનાવશે. જીવનસાથી તમને ખુશી આપવાનો પ્રયાસ કરશે તેનાથી તમારો દિવસ આનંદથી ભરપૂર રહેશે. આજ નો દિવસ પ્રેમ ના રંગો માં ડૂબી જશે, પરંતુ રાત્રિ દરમિયાન તમે કોઈ જૂની બાબતે ઝઘડો કરી શકો છો.

**સિંહ (મ,ટ) :**

આજના દિવસે તમે નવરાશની લહેજત માણવાના છો. આજે તમને પોતાના ભાઈ અથવા બહેન ની મદદ થી ધન લાભ થવા ની શક્યતા છે. આજના તમારા વર્તનને કારણે તમારી સાથે રહેતી વ્યક્તિ તમારાથી અત્યંત નારાજ થશે. કેટલાક માટે ભેટો તથા ફૂલોથી સભર રૉમેન્ટિક સાંજ જોવાય છે. કામના સ્થળે આજે કોઈ તમારી યોજનાઓમાં ભંગાણ પાડવાનો પ્રયાસ કરશે.

**કન્યા (પ,ઠ,ણ) :**

આજના દિવસે હવાઈ કિલ્લા રચવાથી તમને ફાયદો નહીં થાય. પરિવારના સભ્યોની અપેક્ષા પર પાર ઉતરવા માટે તમારે કશુંક કરવું જોઈએ. પોતાના માટે પૈસા બચવાનો તમારો ખ્યાલ આજે પૂરો થયી શકે છે. આજે તમે સારી બચત કરવા માટે સમર્થ હશો. મુશ્કેલીના સમયમાં તમારી મદદ કરનારા સંબંધીઓ તરફ તમારી કૃતજ્ઞતા વ્યક્ત કરો.

**તુલા (ર,ત) :**

આજના દિવસે તમારા જીવનસાથીનું વફાદાર હૃદય અને હિંમતવાન મનોબળ તમને કદાચ આનંદ આપ શે. જીવનસાથી જોડે પૈસા થી સંબંધિત મુદ્દા વિષે દલીલ થયી શકે છે. આજે તમે ફિજૂલખર્ચી વિષે પોતાના જીવન સાથી ને ભાષણ પણ આપી શકો છો? તમારી મોહિની તથા વ્યક્તિત્વ તમને નવા મિત્રો બનાવવામાં મદદ કરશે.

**વૃશ્ચિક (ન,ય) :**

આજના દિવસે તમે ઘણા લાંબા સમયથી અનુભવી રહ્યા છો એ જીવનના ટૅન્શન તથા તણાવમાંથી તમને રાહત મળશે. ટૅન્શન તણાવને કાયમી ધોરણે દૂર રાખવા માટે તમારી જીવનશૈલીમાં ફેરફાર કરવાનો સમય આવી ગયો છે. તમારી પાસે પૈસા પણ પર્યાપ્ત માત્રા માં હશે અને આની સાથેજ મન માં શાંતિ પણ હશે. આજે તમારે તમારા દૈનિક સમયપત્રકમાંથી બ્રૅક લઈ તમારા મિત્રો સાથે બહાર જવું જોઈએ.

**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે થોડી મોજ-મજા માટે ઑફિસમાંથી વહેલા નીકળવાનો પ્રયાસ કરજો. જે લોકોએ જમીન ખરીદી હતી અને હવે તેને વેચવા માંગે છે તે લોકો ને કોઈ સારો ખરીદદાર આજે મળી શકે છે અને તેના થી તેમને સારો ધન લાભ થશે. પરિવારના સભ્યો સહકાર આપશે પણ તેમની માગો પણ વધુ હશે. રૉમેન્ટિક પ્રભાવ આજે ખૂબ જ પ્રબળ હોવાની શક્યતા છે.

**મકર (ખ,જ) :**

આજના દિવસે ધ્યાન તથા યોગ આધ્યાત્મિક તથા શારીરિક લાભ માટે ઉપયોગી સાબિત થશે. એક નવો આર્થિક સોદો પાર પડશે અને નાણાંનો નવો ધોધ વહેતો થશે. સંબંધીઓ તથા મિત્રો તરફથી અણધારી ભેટ અને સોગાદો. તમારા પ્રેમને કોઈ મહામૂલી જણસની જેમ તાજો રાખો. નવા પ્રસ્તાવો લલચાવનારા હશે પણ કોઈ ઉતાવળા નિર્ણયો ન લેવા એ સમજદારીભર્યું નહીં સાબિત થાય.

**કુંભ (ગ,શ,સ) :**

આજના દિવસે આનંદ-પ્રમોદ અને મોજ-મજાનો દિવસ. આર્થિક સંકળામણથી બચવા માટે તમારા બજેટને વળગી રહો. ઘરને લગતી બાબતો તથા ઘરના બાકી રહી ગયેલા કામ પૂરાં કરવા માટે અનુકૂળ દિવસ. તમારા પ્રિયપાત્રને આજે આખો દિવસ તમારી ગેરહાજરી ખૂબ જ ખટકશે. એકાદ સરપ્રાઈઝનું આયોજન કરો અને આજના દિવસને તમારા જીવનનો સૌથી સુંદર દિવસ બનાવો.

**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે તમારી માટે આધ્યાત્મિકતાની મદદ લેવા માટેનો સમય પાકી ગયો છો કેમ કે તમારી માનસિક તાણ પર સામો હુમલો કરવાનો એ શ્રેષ્ઠ વિકલ્પ છે. તમારા માતૃપક્ષ થી આજ તમને ધન લાભ થવા ની પુરી શક્યતા છે. શક્ય છે કે નાની અથવા મામા તમારી આર્થિક મદદ કરે. તમે જો પાર્ટી કરવાની યોજના ઘડી રહ્યા હો તો તમારા ખાસ મિત્રને જરૂર આમંત્રણ આપજો.

## ન્યુઝ બોક્ષ

### વિરેન્દ્ર સહેવાગનો આઈસીસી હોલ ઓફ ફેમમાં સમાવેશ કરાયો

। નવી દિલ્હી, તા.૧૮ ।

ભૂતપૂર્વ ભારતીય ખેલાડી વીરેન્દ્ર સેહવાગની ગણતરી ક્રિકેટના ઈતિહાસના સર્વશ્રેષ્ઠ ઓપનરોમાં થાય છે. આ ખેલાડીએ પોતાની આક્રમક બેટિંગથી મુશ્કેલ પરિસ્થિતિઓમાં ઘણી વખત મેચનો માર્ગ બદલી નાખ્યો હતો. ટેસ્ટ સિવાય વીરેન્દ્ર સેહવાગે વનડે અને ટી૨૦ ફોર્મેટમાં ભારતીય ટીમનું પ્રતિનિધિત્વ કર્યું હતું. તે જ સમયે, આઈસીસીએ વીરેન્દ્ર સેહવાગને તેના હોલ ઓફ ફેમમાં સામેલ કર્યો છે. વીરેન્દ્ર સેહવાગને ક્રિકેટમાં તેમના નોંધપાત્ર યોગદાન માટે આઈસીસીહોલ ઓફ ફેમમાં સામેલ કરવામાં આવ્યો છે. આઈસીસીએ સોશિયલ મીડિયા પર પોસ્ટ કરીને આ જાણકારી આપી છે. વિરેન્દ્ર સેહવાગ ઉપરાંત ડાયના એડુલજી અને શ્રીલંકાના ભૂતપૂર્વ ખેલાડી અરવિંદા ડી સિલ્વાને આઈસીસીહોલ ઓફ ફેમમાં સ્થાન મળ્યું છે. વીરેન્દ્ર સેહવાગની કારકિર્દી પર નજર કરીએ તો આ ખેલાડીએ ૧૦૪ ટેસ્ટ મેચમાં ભારતનું પ્રતિનિધિત્વ કર્યું હતું. આ સિવાય વીરેન્દ્ર સેહવાગે ભારત માટે ૨૫૧ વન-ડેઅને ૧૯ ટી૨૦ મેચ રમી છે. વીરેન્દ્ર સેહવાગે ૧૦૪ ટેસ્ટ મેચમાં ૪૯.૩૪ની એવરેજથી ૮૫૮૬ રન બનાવ્યા છે.

### સિઝનમાં ૫૦૦ રન પાર કરનારો રોહિત પ્રથમ ભારતીય સુકાની

। બેંગલુરૂ, તા.૧૮ ।

ભારતીય ટીમના કેપ્ટન રોહિત શર્માએ વન-ડે વર્લ્ડ કપ૨૦૨૩માં શાનદાર પ્રદર્શન કર્યું છે. તેણે દરેક મેચમાં ભારતીય ટીમને શાનદાર શરૂઆત આપી હતી. રોહિતે નેધરલેન્ડ્સ સામે રમાયેલી અંતિમ લીગ મેચમાં ૫૪ બોલમાં ૬૧ રન બનાવ્યા હતા. આ સાથે જ રોહિતે ઘણાં રેકોર્ડ પોતાના નામે કર્યા હતા. રોહિતે વન-ડે વર્લ્ડ કપ૨૦૨૩માં ૫૦૦ રનનો આંકડો પાર કરી લીધો છે. આ સાથે જ રોહિત ૫૦૦ રનનો આંકડો પાર કરનાર પ્રથમ ભારતીય કેપ્ટન બની ગયો છે. રોહિતે વન-ડે વર્લ્ડ કપ૨૦૨૩માં અત્યાર સુધી કુલ ૯ મેચ રમી છે જેમાં તેણે ૫૫.૮૮ના એવરેજ અને ૧૨૧.૪૯ ના સ્ટ્રાઈક રેટથી ૫૦૩ રન બનાવ્યા છે. આ દરમિયાન રોહિતે ૧ સદી અને ૩ ફિફ્ટી ફટકારી છે. રોહિતે આ વર્લ્ડ કપમાં ૨૪ છગ્ગા અને ૫૮ ચોગ્ગા પણ ફટકાર્યા છે. રોહિત વન-ડે વર્લ્ડ કપ૨૦૨૩માં સૌથી વધુ રન બનાવનાર બેટ્સમેનોની લીસ્ટમાં ચોથા નંબરે છે. આ ઉપરાંત રોહિતે આ વર્લ્ડ કપ માં વધુ એક રેકોર્ડ પોતાના નામે કર્યો છે. રોહિત શર્માએ વર્લ્ડ કપની બે સિઝનમાં ૫૦૦થી વધુ રન બનાવવાનો રેકોર્ડ પણ બનાવ્યો છે.

### વિશ્વ પર અનેક આફતોની ભવિષ્યવાણી


# અમેરિકામાં વીજળીની અછત અને સંપૂર્ણ પણે બ્લેકઆઉટ જોવા મળશે : ક્રેગ હેમિલ્ટન

### ક્રેગ હેમિલ્ટનની યુટયૂબ ચેનલ 'કોફી વિથ ક્રેગ' પર અપલોડ કરેલા નવા વીડિયોમાં ભવિષ્યવાણીઓ પર ચર્ચા

। નવી દિલ્હી, તા.૧૮ ।

રશિયા અને યુક્રેન તથા ઈઝરાયેલ અને હમાસ વચ્ચે યુદ્ધ ચાલી રહ્યું છે. નેપાળમાં વારંવાર ભૂકંપ આવી રહ્યા છે. વધુમાં ગ્લોબલ વોર્મિંગના કારણે વિશ્વ પર અનેક આફતોની ભવિષ્યવાણીઓ કરાય છે તેવા સમયે નવા નોસ્ત્રાદેમસ તરીકે પ્રખ્યાત ક્રેગ હેમિલ્ટન પાર્કરે તાજેતરમાં જ વર્ષ ૨૦૨૪ માટે અત્યંત આંચકાજનક ભવિષ્યવાણીઓ કરી છે. તેમણે યુટયૂબ ચેનલ 'કોફી વિથ ક્રેગ' પર નવો એપિસોડ અપલોડ કર્યો છે. આ એપિસોડમાં તેમણે અમેરિકા અને દુનિયા પર આવનારી આપત્તિઓ અંગે ચેતવણી આપી છે.

ક્રેગ હેમિલ્ટને તેમની યુટયૂબ ચેનલ 'કોફી વિથ ક્રેગ' પર અપલોડ કરેલા નવા વીડિયોમાં અનેક મોટા મુદ્દાઓ પર આગળ વધતા પહેલાં તેમણે અમેરિકન રાજકારણ માટે પોતાની ભવિષ્યવાણીઓ પર ચર્ચા કરી હતી, જેમાંથી એક અમેરિકામાં શાસનને નુકસાન અંગે હતી. ક્રેગે કહ્યું, એક બાબત જેમને જોવા મળી રહી છે તે એ છે કે અમેરિકામાં વીજળીની અછત અને સંપૂર્ણપણે બ્લેકઆઉટ જોવા મળશે. વિશેષરૂપે કેલિફોર્નિયા અને ટેક્સાસમાં મોટું બ્લેકઆઉટ થવાનું છે જ્યારે આ બંને જગ્યા પર વિપુલ પ્રમાણમાં ક્રુડ ઓઈલ



છે. આ અંગે વિગતવાર વાત કરતા તેમણે કહ્યું, હું આ બાબતને બેઝિક ઈન્ફ્રાસ્ટ્રક્ચરને નુકસાન તરીકે જોઉં છું. કદાચ કોઈ હવામાનની ઘટના અથવા વાવાઝોડાના કારણે આ બધું થવાનું છે. કુદરતી આપત્તિના કારણે પાવર સપ્લાય સંબંધિત ઈન્ફ્રાસ્ટ્રક્ચર ભાંગી પડી શકે છે. તેમણે જણાવ્યું કે, વર્ષ ૨૦૨૪માં અમેરિકામાં અનેક મોટા ભૂકંપ આવશે. આ ભૂકંપ પશ્ચિમી કિનારે આવશે તેમ હું જોઈ શકું છું. કદાચ તે બધું જ બરબાદ કરી નાંખશે. એક જ ઝટકામાં ઘણું મોટું નુકસાન થવાનું છે. ક્રેગ હેમિલ્ટન પાર્કરને નવો નોસ્ત્રાદોમસ કહેવામાં આવે છે. નોસ્ત્રાદોમસ ફ્રાન્સનો ૧૬મી સદીનો ભવિષ્યવક્તા હતો, જેમની અનેક ભવિષ્યવાણી સંપૂર્ણપણે સાચી સાબિત થઈ છે. એવામાં ક્રેગનો તાજો વીડિયો ડરામણો છે. દરમિયાન તાજેતરમાં જ બાલ્કનના નોસ્ત્રાદેમસ કહેવાતા બાબા વેંગાએ પણ ૨૦૨૪ માટે કેટલીક ભવિષ્યવાણી કરી છે, જેમાં સૌથી મોટી વાત રશિયા અંગે કહેવાઈ છે. તેમણે આગામી વર્ષે કોઈ રશિયન નાગરિકના હાથે જ પ્રમુખ વ્લાદિમિર પુતિનની હત્યાના પ્રયાસની ભવિષ્યવાણી કરી છે. જોકે, બાબા વેંગાએ કેટલીક સકારાત્મક ભવિષ્યવાણી પણ કરી છે. જેમ કે, આગામી વર્ષે અલ્ઝાઈમર અને કેન્સર જેવી બીમારીઓની નવી સારવાર શક્ય બનશે. ક્વોન્ટમ કમ્પ્યુટિંગમાં એક મહત્વપૂર્ણ સફળતા મળશે, જે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સને વધુ આગળ લઈ જઈ શકે છે.

### તેલંગાણામાં વિધાનસભા ચૂંટણી માટે મતદાન થવાનું છે

## ઈન્કમટેક્સ વિભાગના હૈદ્રાબાદમાં ૧૫ સ્થળો પર દરોડાથી ગભરાટ

### ઇન્કમટેક્સના અધિકારીઓ તેલંગાણાનાના મંત્રી સબિતા ઈન્દ્રા રેડ્ડીના સંબંધીઓના ઘરે દરોડા પાડી રહ્યા છે

। હૈદ્રાબાદ, તા.૧૮ ।

નવેમ્બર મહિનાના અંતે તેલંગાણામાં વિધાનસભા ચૂંટણી માટે મતદાન થવાનું છે. પરંતુ મતદાન પહેલા ઈડીઅને ઈક્મટેક્સ દ્વારા તેલંગાણામાં સતત દરોડા પાડવામાં આવી રહ્યા છે. તેલંગાણાની રાજધાની હૈદરાબાદમાં આજે અલગ-અલગ સ્થળોએ દરોડા પાડવામાં આવ્યા હતા. મળેલા અહેવાલો મુજબ ઈક્મટેક્સ વિભાગની ટીમ કુલ ૧૫ સ્થળો પર દરોડા પાડી રહી છે. ઈક્મટેક્સના અધિકારીઓ તેલંગાણાનાના મંત્રી સબિતા ઈન્દ્રા રેડ્ડીના સંબંધીઓના ઘરે દરોડા પાડી રહ્યા છે. ઈક્મટેક્સ અધિકારીઓએ ગાચીબોવલીમાં એક એપ ાર્ટમેન્ટમાં રહેતા પ્રદીપ નામના વ્યક્તિના ઘરે દરોડા પાડ્યા છે. મળેલા અહેવાલ મુજબ પ્રદીપ તેલંગાણાના મંત્રી સબિતા ઈન્દ્રાના નજીકના સંબંધી છે. આટલું જ નહીં પરંતુ ટીમે રેડ્ડીના અન્ય સંબંધીઓના ઘરે પણ તલાશી લીધી છે. ઈક્મટેક્સના અધિકારીઓ હાલ હૈદરાબાદમાં એક પ્રમુખ ફાર્મા કંપની પર પણ દરોડા પાડી રહ્યા છે. આ સાથે હૈદરાબાદમાં ૧૫ જુદા જુદા સ્થળોએ એક સાથે દરોડા પાડવામાં આવી રહ્યા છે. ફાર્મા કંપનીના માલિકના ઘરે અને ઓફિસમાં તલાશી લેવામાં આવી રહી છે. બે દિવસ પહેલા તેલંગાણાના ખમ્મામ જિલ્લામાં કોંગ્રેસ નેતા પોંગુલેટી શ્રીનિવાસ રેડ્ડીના ત્યાં ઈક્મટેક્સ વિભાગની ટીમે દરોડા પડ્યા હતા. કોંગ્રેસના નેતાઓ હાલ પ્રચારમાં વ્યસ્ત છે. રેડ્ડી તાજેતરમાં બીઆરએસથી કોંગ્રેસમાં જોડાયા હતા.

### અગ્નિકુંડમાંથી આગના જ્વાળાના વીડિયા વાયરલ

## અઝરબૈઝાનની આતિશગાહની દીવાલો પર દેવી-દેવતાના લખાણ

। બાકુ, તા.૧૮ ।

આ સ્થળે એક અગ્નિકૂંડ છે જેમાંથી આગની જવાળાઓ નિકળી રહી હોવાના ફોટા તથા વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થતા રહે છે. આતિશગાહ તરીકે ઓળખાતા આ સ્થળની દીવાલો પર દેવનાગરી લિપિ,સંસ્કૃત અને ગુરુમુખી લિપી (પંજાબી)માં કેટલાક લેખો પણ લખવામાં આવ્યા છે. શિલાલેખો પર હિંદુ દેવતા ગણેશ, શીવજી અને દેવી જવાળાનો ઉલ્લેખ છે. એક સમયે સોવિયત સંઘનો ભાગ ગણાતા મધ્ય એશિયાઈ અઝરબેઝાન દેશમાં ૯૮ ટકા લોકો ઈસ્લામ ધર્મ પાળે છે પરંતુ અઝરબેઝાનની રાજધાની બાકુ પાસેના એક સ્થળનું ભારતીય કનેકશન ચર્ચામાં છે. આ એક મંદિર છે તેના ટેમ્પલ ઓફ ફાયર કહેવામાં આવે છે જે બાકુ આતિશગાહના નામથી જાણીતું છે.

આ આતેશગાહ એટલે કે જવાલા મંદિર રાજધાની બાકુ નજીકના સુરાખાની શહેરમાં આવેલું એક મધ્યકાલીન હિંદુ ધાર્મિક સ્થળ છે. જેમાં પંચ ભૂજા આકારની વચ્ચે એક મંદિર છે. આ મંદિરની બહારની દીવાલો પાસે ઓરડા જેવા મળે છે જયાં એક સમયે પૂજારીઓ રહેતા હશે એવું માનવામાં આવે છે. ફારસીમાં આતિશનો અર્થ આગ થાય છે. ઈરાની લઢણમાં આતેશ એવો ઉચ્ચાર થાય છે. ગાહનો મતલબ સિંહાસન કે ઘર એવો થાય છે. ઈદગાહ, બંદરગાહની જેમ આતિશગાહ એટલે આગનું ઘર જે અગ્નિ ટેમ્પલ તરીકે જાણીતું છે. સુરાખાની શહેર અઝરબેઝાનના આબશેરોન પ્રાયદ્વીપ પર આવેલું છે જે કાસ્પિયન સાગરને મળે છે. અહીંયાની જમીનમાં દાયકાઓથી કુદરતી ગેસ અને તેલનું ગળતર થતું રહે છે. આથી કેટલાક સ્થળે સ્વયં આગ પકડી લે છે. આગને પારસી અનુયાયીઓ પવિત્ર માને છે.

## ગુગલ કંપની લાખો નિષ્ક્રિય જીમેઈલ એકાઉન્ટને બંધ કરશે

। નવી દિલ્હી, તા.૧૮ ।

ભારતમાં અત્યારે દિવાળીનો માહોલ જામ્યો છે, પરંતુ આ સારા માહોલની વચ્ચે એક માઠા સમાચાર ગૂગલ દ્વારા આપવામાં આવ્યા છે. ગૂગલે દિવાળી પર લાખો જીમેઈલ યૂઝર્સને મોટો ઝટકો આપ્યો છે. ખરેખરમાં, કંપની લાખો નિષ્ક્રિય જીમેઈલ એકાઉન્ટને બંધ કરવા જઈ રહી છે, આ પ્રક્રિયા ૧ ડિસેમ્બરથી લાગુ કરવામાં આવશે, જેમાં લાંબા સમયથી નિષ્ક્રિય રહેલા આવા જીમેઈલએકાઉન્ટ્સ કાયમ માટે બંધ થઈ જશે. જો તમે પણ જીમેઈલયૂઝર છો અને લાંબા સમયથી તમારું જીમેઈલએકાઉન્ટ ખોલ્યું નથી, તો આ સમાચાર તમારા માટે ખૂબ જ ઉપયોગી છે, કારણ કે જો તમારું જીમેઈલએકાઉન્ટ બંધ છે, તો તમે લોગ ઈન કરીને તમારા એન્ડ્રોઈડસ્માર્ટફોનનો ઉપયોગ જીમેઇલ સાથે કરી શકશો નહીં.

તમને જણાવી દઈએ કે જીમેઇલ અને અન્ય બીજા કેટલાય એકાઉન્ટ્સ ગૂગલ એકાઉન્ટની મદદથી મેનેજ કરવામાં આવે છે. જો તમારું જીમેઈલએકાઉન્ટ કાઢી નાખવામાં આવે છે, તો તમારે તે અન્ય સેવાઓ પણ ગુમાવવી પડશે.




વળી, તમારું એકાઉન્ટ ડિલીટ કરતા પહેલા જીમેઈલતમને ઈમેઈલ દ્વારા જરૂરી માહિતી આપશે, જેથી તમે ઈચ્છો તો તમારું એકાઉન્ટ સાચવી શકો.

જો તમે છેલ્લા ૨ વર્ષથી તમારા ગુગલએકાઉન્ટનો ઉપયોગ કર્યો નથી, તો તમે તેને ફરીથી સક્રિય કરી શકો છો. આ માટે તમારે કંપનીની વિવિધ સેવાઓનો ઉપયોગ કરવો પડશે. જેમ કે પ્લે સ્ટૉરમાંથી એપ ડાઉનલૉડ કરવી અથવા ગૂગલ સર્ચનો ઉપયોગ કરીને કંઈપણ સર્ચ કરવું. કોઈપણ થર્ડ પાર્ટી એપ્લિકેશન અથવા વેબસાઈટ વગેરેમાં લૉગિન કરવા માટે ઁક્ષ્ઙ્ઘ્ર એકાઉન્ટનો ઉપયોગ કરવો. જો તમે તમારા ઁક્ષ્ઙ્ઘ્ર એકાઉન્ટમાંથી કોઈપણ ઉત્પાદન અથવા સેવા ખરીદી છે.

### વાયુપ્રદૂષણની સ્થિતિને લીધે ફટાકડા ફોડવા પર પ્રતિબંધ

## દિવાળી પર કોર્ટના આદેશનો ભંગ કરી દિલ્હીમાં ખૂબ ફટાકડા ફૂટ્યા

### લોકોએ કોર્ટના આદેશનો ભંગ કરીને ૯૦ ડેસિબલની ધ્વનિ મર્યાદાને વટાવતા ફટાકડાઓ ફોડતા પાટનગરમાં ઝેરી ધુમ્મસની ચાદર પથરાઈ

। નવી દિલ્હી, તા.૧૮ ।

દિલ્હી-એનસીઆરમાં છેલ્લા ઘણા દિવસોથી વાયુ પ્રદૂષણ ગંભીર શ્રેણીમાં હોવાથી સુપ્રીમ કોર્ટ દ્વારા ફટાકડા ફોડવા પર પ્રતિબંધ મૂક્યો હતો, જો કે ગઈકાલે દિવાળીના તહેવારના દિવસે કોર્ટના આદેશનો ભંગ કરીને લોકોએ ફટાકડા ફોડવાના કારણે પ્રદૂષણનું સ્તર વધુ વધી ગયું છે. ગઈકાલે દિવાળીના તહેવાર પર દેશભરમાં ફટાકડા ફોડવામાં આવ્યા હતા, ત્યારે રાજધાની દિલ્હી સહિત એનસીઆરમાં છેલ્લા ઘણા દિવસોથી વાયુ પ્રદૂષણ ગંભીર શ્રેણીમાં પહોંચી ગયું છે જેના કારણે રાજધાની દિલ્હી-એનસીઆરમાં સુપ્રીમ કોર્ટે ફટાકડા ફોડવા પર પ્રતિબંધ મૂક્યો હતો, જો કે ગઈકાલે સાંજ પડતાંની સાથે જ લોકોએ કોર્ટના આદેશનો ભંગ કરીને ૯૦ ડેસિબલની ધ્વનિ મર્યાદાને વટાવતા ફટાકડાઓ ફોડ્યા હતા. ગઈકાલે રાત્રે લોકોએ ફટાકડા ફોડતા રાજધાનીમાં ફરી એકવાર ઝેરી ધુમ્મસની ચાદર પથરાઈ ગઈ હતી તેમજ સમગ્ર શહેરમાં ભારે પ્રદૂષણ ફેલાયું હતું. સેન્ટ્રલ પોલ્યુશન કંટ્રોલ બોર્ડ (સીપીસીબી) અનુસાર સમગ્ર દિલ્હીમાં હવાની ગુણવત્તા 'નબળી' શ્રેણીમાં છે. દિલ્હી-એનસીઆરમાં ફટાકડાથી ફરી પ્રદૂષણનું સ્તર વધતા એક્યુઆઈ જે દિવાળીની સાંજ સુધી ૨૧૮ હતો, તે દિવાળીના બીજા દિવસે વધીને ૯૯૯ થયો છે. ઈન્ડિયા ગેટની હાલત સૌથી ખરાબ છે. આ સિવાય દિલ્હીના આનંદ વિહાર, જહાંગીરપુરી, આરકે પુરમ, ઓખલા, શ્રીનિવાસપુરી, વજીરપુર, બવાના અને રોહિણી પણ પ્રદૂષણને કારણે ખરાબ હાલતમાં છે.

## વિશેષ

### લાછરસના ગ્રામજનોએ કેન્દ્ર-રાજ્ય સરકારની યોજનાઓથી માહિતગાર કરતી શોર્ટફિલ્મ રસપૂર્વક નિહાળી

# વિકસિત ભારતના સંકલ્પ સાથે આગળ વધી રહેલી રથ યાત્રાનું લાછરસ ખાતે ભવ્ય સ્વાગત

### સ્થાનિક ગ્રામજનોને યોજનાકીય બેનરો, પેમ્પ્લેટ, યોજનાકીય માહિતી અંગેનું સાહિત્ય વિતરણ કરીને લોકજાગૃતિ આણવાનો સરાહનીય પ્રયાસ કરાયો








વિકસિત ભારત સંકલ્પ યાત્રા નર્મદા જિલ્લાના ગામેગામ ભ્રમણ કરીને સરકારની પ્રજાહિતલક્ષી યોજનાઓની માહિતી અને લાભથી છેવાડાના વંચિત લાભાર્થીને આવરી ૧૦૦ ટકા હાંસલ કરવાના લક્ષ્યાંક સાથે આગળ વધી રહી છે, ત્યારે નાંદોદ તાલુકાના લાછરસ ખાતે પહોંચેલી વિકસિત ભારતની આ સંકલ્પ રથયાત્રાનું ગામની બાળાઓએ કંકુતિલક કરીને ભવ્યાતિભવ્ય સ્વાગત કર્યું હતું.

આ રથ દ્વારા સરકાર દ્વારા કરાયેલા પ્રજાલક્ષી કાર્યો અને યોજનાઓની ઝાંખી દર્શાવતી શોર્ટફિલ્મ ગ્રામજનોએ નિહાળી હતી. ઉપરાંત સ્થાનિક ગ્રામજનોને યોજનાકીય બેનરો, પેમ્પ્લેટ, માહિતી વિભાગ દ્વારા પ્રકાશિત યોજનાકીય માહિતી, સરકારની સિદ્ધિઓ-ઉપલબ્ધીઓ અંગેના સાહિત્ય વિતરણ કરીને લોકજાગૃતિ આણવાનો સરાહનીય પ્રયાસ કરાયો હતો. ગ્રામજનોએ વર્ષ ૨૦૪૭ સુધી દેશને વિકસિત અને આત્મનિર્ભર બનાવવાની સામુહિક શપથ લીધી હતી.

આંગણવાડી કાર્યકર બહેનો દ્વારા ઉભા કરાયેલા પોષણયુકય આહારનું નિદર્શન સ્ટોલ, ટેક હોમ રેશન થકી સગર્ભા-ધાત્રી માતા, બહેનો, કિશોરીઓ, બાળકોના પોષણ માટે અતિઆવશ્યક પોષણયુક્ત આહાર વિશે માહિતગાર કરવામાં આવ્યા હતા. આરોગ્ય વિભાગ દ્વારા પણ નિઃશુલ્ક આરોગ્યની તપાસ કરવામાં આવી હતી.

**'મેરી કહાની, મેરી જુબાની'**

નર્મદા મિશન મંગલમ જૂથના પ્રમુખ શ્રીમતી સુમિત્રબેન તડવી પોતાની સફળ વાર્તા શ્રીમતી તડવી ગ્રામજનો સમક્ષ પોતાની સફળવાર્તા પ્રસ્તુત કરતા જણાવ્યું કે, અમે ગામની સભ્ય બહેનોએ બચત કરીને જરૂરિયાત મુજબ બહેનોને શિક્ષણ, કુટુંબ ખર્ચ, સામાજિક પ્રસંગો, ખેતી-પશુપાલન માટે સંકટ સમયે ઓછા વ્યાજે લોન-ધિરાણ આપી એક-બીજાના પરિવારને આર્થિક રીતે મદદરૂપ થઈ રહ્યા છીએ. ત્યારે તેઓના જૂથને સરકારશ્રી દ્વારા પ્રાપ્ત થયેલા રૂપિયા દોઢ લાખના રિવોલ્વિગ ફંડ બદલ સરકાર પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરી હતી.

**પ્રધાનમંત્રી જનઆરોગ્ય યોજનાના લાભાર્થીશ્રી કાંતિભાઈ દેસાઈ**

સરકારશ્રીનો આભાર વ્યક્ત કરતા શ્રી દેસાઈએ જણાવ્યું કે, અમદાવાદની યુએન મહેતા હોસ્પિટલમાં હૃદયની બીમારીમાં શ્રેષ્ઠ અને નિઃશુલ્ક સારવાર પ્રાપ્ત કરી છે. ગ્રામસભા દરમિયાન આયુષમાન કાર્ડ યોજના અંગે મને જાણકારી પ્રાપ્ત થઈ હતી. મેં મારી સાથે મારા પરિવારનું આયુષમાન કાર્ડ બનાવી લીધું છે. આ યોજના અમારા માટે આશીર્વાદરૂપ બની છે.

# રાજ્યમાં ૧ વર્ષમાં ૧૧ લાખથી વધુ પ્રવાસીઓએ રિજિયોનલ સાયન્સ સેન્ટરોની મુલાકાત લીધી

## રાજ્યના પાટણ, ભાવનગર, ભુજ અને રાજકોટ ખાતે ચાર રિજિયોનલ સાયન્સ સેન્ટરો (RSC)નું નિર્માણ કરવામાં આવ્યું છે

| અમદાવાદ, તા.૧૮ |

સો કરોડના ખર્ચે બનાવવામાં આવેલા આ રિજિયોનલ સાયન્સ સેન્ટર્સ આજે વિજ્ઞાન વિષય અને વૈજ્ઞાનિક પ્રવૃત્તિઓમાં રસ ધરાવતા લોકો માટે આકર્ષણના કેન્દ્રો બન્યા છે. આ સેન્ટરોના લોકાર્પણથી અત્યાર સુધીમાં ૧૧ લાખથી વધુ મુલાકાતીઓ આ રિજિયોનલ સાયન્સ સેન્ટરોની મુલાકાત લઈ ચૂક્યા છે, જેમાં સૌથી વધુ ૭.૫૦ લાખ લોકોએ પાટણ ખાતે આવેલા રિજિયોનલ સાયન્સ સેન્ટરની મુલાકાત લીધી છે. આ ચાર રિજિયોનલ સાયન્સ સેન્ટરોના ઉદ્‌ઘાટનથી રાજ્યમાં અત્યંત વ્યવસ્થિત અને વિચારપ્રેરક વૈજ્ઞાનિક પ્રવાસન સ્થળોની રચના થઈ છે. વિજ્ઞાન અને ટેકનોલોજી પ્રત્યે વધુને વધુ લોકો આકર્ષાય તે હેતુથી આ સેન્ટરો ખાતે અનેક જ્ઞાનવર્ધક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. ગુજરાતના તમામ જિલ્લાઓ, ભારતના વિવિધ રાજ્યો અને વિદેશોમાંથી પણ લોકો વૈજ્ઞાનિક સંશોધનના આ કેન્દ્રો તરફ આકર્ષાયા છે. ઈન્ટરેક્ટિવ ગેલેરીઓ ઉપરાંત, આ સેન્ટર્સ વિવિધ વૈજ્ઞાનિક આઉટરીચ પ્રવૃત્તિઓ હાથ ધરે છે.

આ પ્રવૃત્તિઓમાં જિલ્લા કક્ષાની ચિલ્ડ્રન સાયન્સ કોંગ્રેસ, જિલ્લા કક્ષાની ગુજરાત STEM (સાયન્સ, ટેક્નોલોજી, એન્જિનિયરિંગ, મેથેમેટિક્સ) ક્વિઝ, વર્લ્ડ સ્પેસ વીક, સ્કાય ઓબ્ઝર્વેશન પ્રોગ્રામ્સ, નેશનલ મેથેમેટિક્સ ડે, નેશનલ સાયન્સ ડે, મિશન લાઈફ પર અવેરનેસ પ્રોગ્રામ, જનભાગીદારી દ્વારા ઈવેન્ટ્સ



અને વર્કશોપ જેવી ઘણી મેગા ઈવેન્ટ્સનો સમાવેશ થાય છે. આ રિજિયોનલ સાયન્સ સેન્ટરો "લોકોને વિજ્ઞાન સુધી અને વિજ્ઞાનને લોકો સુધી લઈ જવું" ના થીમને અનુસરે છે.GUJCOST આગામી સમયમાં વડોદરા, સુરત, જામનગર અને જૂનાગઢ ખાતે વધુ ચાર રિજિયોનલ સાયન્સ સેન્ટરોની સ્થાપના કરી રહ્યું છે. આ સેન્ટરો વૈજ્ઞાનિક શિક્ષણ, ઈન્ટરેક્ટિવ પ્રદર્શનો, વર્કશોપ અને શૈક્ષણિક કાર્યક્રમો માટે હબ તરીકે કાર્યરત થશે. તેઓ આગામી પેઢીના લર્નર્સ અને લીડર્સમાં વૈજ્ઞાનિક જિજ્ઞાસા અને પૂછપરછની સંસ્કૃતિને ઉત્તેજન આપવામાં મહત્વની ભૂમિકા ભજવશે. આ ઉપરાંત, GUJCOST એ રાજ્યના ૨૩ જિલ્લાઓમાં ડિસ્ટ્રિક્ટ સાયન્સ સેન્ટર્સની કામગીરી શરૂ કરી છે અને રાજ્યના બાળકો અને નાગરિકોને તેમના ઘરઆંગણે એક મંચ પૂરો પાડવાનો પ્રયાસ કર્યો છે, જેથી દરેક વ્યક્તિને વૈજ્ઞાનિક અનુભવો અને શૈક્ષણિક સંસાધનો સરળતાથી ઉપલબ્ધ કરાવી શકાય તે સુનિશ્ચિત થાય. ડિસ્ટ્રિક્ટ સાયન્સ સેન્ટર્સ, રિજિયોનલ સાયન્સ સેન્ટર્સ અને ગુજરાત સાયન્સ સિટી, આ ત્રણેય સાથે મળીને વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ડિજિટલ ઈન્ડિયા મિશન અનુસાર દેશમાં વિજ્ઞાનના પ્રચાર અને વિજ્ઞાનની લોકપ્રિયતા વધારવાનું એક રોલ મોડેલ બનાવે છે.પાયાના સ્તરે વિજ્ઞાન અને ટેક્નોલોજીને પ્રોત્સાહન આપવાથી રાજ્યના આર્થિક અને તકનીકી વિકાસને પ્રોત્સાહન મળે છે. વૈજ્ઞાનિક રીતે સાક્ષર અને ઈનોવેટિવ સમાજનું નિર્માણ કરીને, ગુજરાત કૃષિ અને ઉદ્યોગથી લઈને આરોગ્યસંભાળ અને પર્યાવરણીય ટકાઉપણા સુધીના વિવિધ ક્ષેત્રોમાં તેની પ્રગતિને આગળ વધારી શકે છે.

### યુનિસેફ સાથે અવિશ્વસનીય રીતે થોડા દિવસો વિતાવ્યાં

# ફૂટબોલ સ્ટાર ડેવિડ બેકહામ ગુજરાતના ગામડામાં જઈ બાળકો સાથે ક્રિકેટ રમ્યો

## ઈંગ્લિશ ફૂટબોલ સ્ટાર ડેવિડ બેકહામે યુનિસેફના ગુડવિલ એમ્બેસેડર તરીકેની તેમની ભારતની મુલાકાતે આવ્યાં હતા



| અમદાવાદ, તા.૧૮ |

ઈંગ્લિશ ફૂટબોલ સ્ટાર ડેવિડ બેકહામે યુનિસેફના ગુડવિલ એમ્બેસેડર તરીકેની તેમની ભારતની મુલાકાતે આવ્યાં હતાં. તે દરમિયાન તેમણે ગુજરાતમાં પણ સમય વિતાવ્યો હતો. તેમની ગુજરાત મુલાકાત દરમિયાન બેકહમે ગુજરાતના ગામડાંના બાળકો સાથે સમય વિતાવ્યો હતો. દરમિયાન બેકહમે ગુજરાતમાં બાળકો સાથે ક્રિકેટ રમવાનો આનંદદાયક સમય પસાર કર્યો હતો.

ઈન્સ્ટાગ્રામ પર તસવીરો શેર કરતાં માન્ચેસ્ટર યુનાઈટેડના ભૂતપૂર્વ સ્ટારે લખ્યું હતું કે "અહીં ગુજરાતમાં યુનિસેફ સાથે અવિશ્વસનીય રીતે ખાસ થોડા દિવસો વિતાવ્યાં. બાળકો અને તેમના પરિવારોને ટેકો આપવા માટે યુનિસેફે જમીન પર જે કામ કરી રહ્યું છે તે જાતે જોવું એ એક મહાન લહાવો છે. મેં અહીં જે ઉર્જા અને નવીનતા જોઈ છે તે ખૂબ જ પ્રેરણાદાયી છે અને મને બાળકોની વાર્તાઓ અને ભવિષ્ય માટે તેમની આશાઓ અને સપનાઓ સાંભળવાનું ગમ્યું. આપણે યુવાનોને સશક્ત બનાવીએ છીએ ત્યારે તેઓ તેમના સમુદાયમાં જે પરિવર્તન લાવી શકે છે તે આપણે જોઈએ છીએ." ગુજરાતના ગૃહ રાજ્ય અને રમત-ગમત મંત્રી હર્ષ સંઘવીએ દિગ્ગજ સ્ટાર ફૂટબોલર ડેવિડ બેકહમની ગુજરાતની મુલાકાતની દુર્લભ તસવીરો પોતાના ટ્વીટર એકાઉન્ટ પર શેર કરી હતી. જેમાં ડેવિડ બેકહમ ગુજરાતના બાળકો સાથે ક્રિકેટ રમતા અને સાથે જ બાળકો સાથે ખાટલા પર બેસીને વાતચીત કરતી શાનદાર તસવીરો જોઈ શકાય છે. ઉલ્લેખનીય છેકે, માન્ચેસ્ટર યુનાઈટેડ અને રીઅલ મેડ્રિડ ભૂતપૂર્વ સ્ટાર હાલમાં સ્ન્જી ક્લબ ઈન્ટર મિયામીના સહ-માલિક છે. બેકહામ ભારત વિરુદ્ધ ન્યૂઝીલેન્ડ ઝ્રઝ્ર ક્રિકેટ વર્લ્ડ કપ ૨૦૨૩ સેમિફાઈનલ મેચમાં હાજરી આપી હતી. બેકહમ સેમિફાઈનલ પહેલા ગુજરાતની મુલાકાતે આવ્યાં હતાં. ત્યારે તેમણે ગુજરાતના ગામડાંના બાળકો સાથે ક્રિકેટ રમવાની મજા માણી હતી. ત્યાર બાદ મુંબઈના વાનખેડે ખાતે જઈને સેમીફાઈનલ મેચ નીહાળી હતી. જ્યાં તે સચિન તેંડુલકર અને વિરાટ કોહલી સહિત સમગ્ર ટીમ ઈન્ડિયાના ખેલાડીઓને મળ્યો હતો.

# સાબરમતી નદીમાંથી એક જ દિવસમાં ૪ લાશ મળી આવી

| અમદાવાદ, તા.૧૮ |

અમદાવાદ નો રિવર ફ્રન્ટ વિશ્વ વિખ્યાત છે. અમદાવાદ ના આ રિવર ફ્રન્ટ પર રોજ હજારો અને લાખો મુલાકાતીઓ મુલાકાત લેતા હોય છે ત્યારે આ જ રિવર ગ્રાન્ટ ડેથ ફ્રન્ટ પણ બની ગયો છે. આત્રે દિવસે કોઈ ના કોઈ વ્યક્તિ એ આત્મહત્યા કર્યા ની માહિતી મળતી હોય છે ત્યારે નવા વર્ષ ના વળતા દિવસે પણ આ રિવર ફ્રન્ટ માં થી અલગ અલગ સ્થળ પર થી કુલ ચાર મૃતદેહ મળી આવ્યા છે. જેમાં ત્રણ મૃતદેહ પુરુષ અને એક મૃતદેહ મહિલાની લાશ મળી આવતા ખળભળાટ મચી ગયો છે.

ઉલ્લેખનીય છેકે, ગુજરાતમાં દિનપ્રતિદિન આત્મહત્યાની ઘટનાઓ પણ વધી રહી છે. આ બનાવોને અટકાવવા માટે સરકાર દ્વારા પણ સતત પ્રયાસો કરવામાં આવી રહ્યાં છે. ત્યારે અમદાવાદમાં એક જ દિવસમાં એવી ઘટના સામે આવી કે સૌ કોઈ ચોંકી ગયા. એક જ દિવસમાં ચાર-ચાર લોકોની લાશ નદીમાંથી મળવાની આ ઘટનાએ પોલીસ તંત્રને પણ દોડતું કરી દીધું છે. આ ચારેય મૃતદેહ ને લઈ ને રિવરફ્રન્ટ પોલીસે તપાસ શરૂ કરી છે જ્યારે પણ પોલીસ ને મૃતદેહ મળી આવ્યા હોય છે ત્યારે સૌથી પહેલા પોલીસે એ તપાસ કરે છે કે આ વ્યક્તિ કોણ છે એટલે તેની ઓળખ કરતી હોય છે ઓળખ થયા બાદ તેના પરિવાર ને જાણ કરવા માં આવતી હોય છે.

ઓળખ થયા બાદ પરિવાર નું પ્રાથમિક પૂછપરછમાં માં સામે આવતું હોય છે કે મૃતક વ્યક્તિ એ આત્મહત્યા કરી છે અને જેના પાછળ નું કારણ ઘર કંકાસ અથવા તો આર્થિક સંકડામણ હોવાનું સામે આવે છે ત્યારે રિવરફ્રન્ટ પર વધતી આત્મહત્યા ને લઈ ને બ્રિજ પર પહેલા રેલીંગ કરવા માં આવી હતી પોલીસે દ્વારા સાઈન બોર્ડ લગાડવા માં આવ્યા છે બ્રિજ પરથી આત્મહત્યા કરવા નું નહિવત થયું છે તો કંટાળેલા લોકો અને આત્મહત્યા કરનાર લોકો હવે રીવરફ્રન્ટ માં નીચે આવી ને આત્મહત્યા કરી રહ્યા ના કિસા વધી રહ્યા છે.

# વેસુમાં એક્ટિવા સ્લીપ થતાં મહિલાનું મોત નિપજ્યું

| સુરત, તા.૧૮ |

માર્ગ અકસ્માતમાં એક મહિલાએ જીવ ગુમાવ્યાની ઘટના સામે આવી છે. ટુ વહીલર પરથી પટકાઈ જવાના કારણે મળીએ ગંભીરરીતે ઈજાગ્રસ્ત થઈ હતી. ઈજાગ્રસ્ત મહિલાને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવી હતી જ્યાં તેનું કરુણ મોત નીપજ્યું હતું. સૂત્રો તરફથી મળતી માહિતી મુજબ એક્ટિવા સ્લીપ થતાં અકસ્માત સર્જાયો હતો. અકસ્માતમાં ૩૪ વર્ષની મહિલા ટુ વહીલર પ રથી પટકાઈ હતી. સુરતમાં વેસુ સોમેશ્વર પાસે આ ઘટના બની હતી. ઘટનામાં મહિલાને હોસ્પિ ટલ ખસેડાયા બાદ ટુંકી સારવાર પછી મહિલાનું મોત નીપજ્યું હતું. અકસ્માતની ઘટનામાં એક દીકરાએ માતાની છત્રછાયા ગુમાવતા કરું દ્રશ્યો સર્જાયા હતા.

### તહેવારના 3 દિવસમાં ૨૨૫૩ અકસ્માત

# ગુજરાતમાં દિવાળી પર્વમાં ઇમર્જન્સી કોલની સંખ્યામાં ૭ ટકાનો વધારો

## ત્રણ દિવસમાં ૧૦૮ એમ્બ્યુલન્સને વિવિધ પ્રકારના ૧૨,૮૦૬ જેટલા કોલ મળ્યા

| અમદાવાદ, તા.૧૮ |

ગુજરાતમાં દિવાળી પર્વમાં ઈમર્જન્સી કોલની સંખ્યામાં ૭ ટકાનો વધારો, અમદાવાદમાં સૌથી વધુ ૩૦૬ એક્સિડન્ટ દિવાળીના તહેવારો દરમિયાન આગ અકસ્માતના બનાવો સૌથી વધારે બનતા હોય છે. દર વર્ષે ૧૦૮ ઈમર્જન્સી કોલમાં વધારો થતો હોય છે. ત્યારે આ વર્ષે દિવાળી, બેસતું વર્ષ અને ભાઈબીજ એમ ત્રણ દિવસમાં ૧૦૮ એમ્બ્યુલન્સને વિવિધ પ્રકારના ૧૨,૮૦૬ જેટલા કોલ મળ્યા હતા, જેમાં ૨૨૫૩ જેટલા અકસ્માતના કોલ છે. સૌથી વધુ અકસ્માત નવા વર્ષના દિવસે થયા હતા. સામાન્ય દિવસો કરતાં તહેવારના ત્રણ દિવસમાં ઈમર્જન્સી કોલની સંખ્યામાં ૭ ટકા જેટલા વધારો થયો છે.



સૌથી વધુ ઈમર્જન્સી કોલ ચાર મહાનગરમાં વડોદરાને બાદ કરતાં ખેડા, દાહોદ, નવસારી, વલસાડ, પંચમહાલ અને બનાસકાંઠામાં મળ્યા છે. અમદાવાદમાં સૌથી વધુ ૩૦૬ અકસ્માત થયા છે.

### મહિલાઓની સુરક્ષાની વાતો વચ્ચે ચોંકાવનારી વિગતો બહાર આવી

# અડધી રાતે મહિલા ઘરેથી એકલી ફરી શકેના દાવા પોકળ નીકળ્યા

## સરકારના દાવાઓ છતાં આંકડા તદ્દન વાસ્તવિકતા દર્શાવે છે ૨૦૨૨-૨૩માં સુરતમાં છેડતીના કેસોમાં નોંધપાત્ર વધારો થયો

| અમદાવાદ, તા.૧૮ |

મહિલાઓની સુરક્ષાની વાતો વચ્ચે ચોંકાવનારી વિગતો બહાર આવી છે. અડધી રાતે મહિલા ઘરેથી એકલી ફરી શકેના દાવાઓ વચ્ચે આ આંકડાઓ પોલીસ તંત્રની પોલ ખોલી રહ્યાં છે. ગૃહ વિભાગે ૨૦૨૦-૨૧માં ૧,૦૭૫, ૨૦૨૧-૨૨માં ૧,૧૮૧ અને ૨૦૨૨-૨૩માં ૧,૨૩૯ કેસની પુષ્ટિ કરી છે, જે ત્રણ વર્ષમાં કુલ ૩,૫૧૫ ઘટનાઓ છે.વિકાસશીલ ગુજરાતમાં મહિલાઓની છેડતીના નોંધાયેલા કેસોમાં વધારો થયો છે. આંકડા દર્શાવે છે કે ૨૦૨૦-૨૧માં ૧,૦૯૫ કેસથી ૨૦૨૧-૨૨માં ૧,૧૮૧ કેસ થયા છે, ત્યારબાદ ૨૦૨૨-૨૩માં ૪.૯% વધીને ૧,૨૩૯ કેસ થયા છે. આમ મહિલાઓની છેડતીના કેસોમાં વધારો થયો છે. સરકાર ભલે કહે કે ગુજરાતમાં મહિલાઓ સેફ છે પણ આ આંકડાઓ કંઈક અલગ બાબતો રજૂ કરી રહ્યાં છે. પોલીસ હાલમાં મેચના બંદોબસ્તમાં વ્યસ્ત છે ત્યારે આ આંકડાઓએ મહિલાની સુરક્ષા સામે સીધો સવાલ કરી રહ્યાં છે. મહિલાઓની સુરક્ષાની વાતો વચ્ચે ચોંકાવનારી વિગતો બહાર આવી છે. અડધી રાતે મહિલા ઘરેથી એકલી ફરી શકેના દાવાઓ વચ્ચે આ આંકડાઓ પોલીસ તંત્રની પોલ ખોલી રહ્યાં છે. ગૃહ વિભાગે ૨૦૨૦-૨૧માં ૧,૦૭૫, ૨૦૨૧-૨૨માં ૧,૧૮૧ અને ૨૦૨૨-૨૩માં ૧,૨૩૯ કેસની પુષ્ટિ કરી છે, જે ત્રણ વર્ષમાં કુલ ૩,૫૧૫ ઘટનાઓ છે.વિકાસશીલ ગુજરાતમાં મહિલાઓની છેડતીના નોંધાયેલા કેસોમાં વધારો થયો છે. આંકડા દર્શાવે છે કે ૨૦૨૦-૨૧માં ૧,૦૯૫ કેસથી ૨૦૨૧-૨૨માં ૧,૧૮૧ કેસ થયા છે, ત્યારબાદ ૨૦૨૨-૨૩માં ૪.૯% વધીને ૧,૨૩૯ કેસ થયા છે. આમ મહિલાઓની છેડતીના કેસોમાં વધારો થયો છે. સરકાર ભલે કહે કે ગુજરાતમાં મહિલાઓ સેફ છે પણ આ આંકડાઓ કંઈક અલગ બાબતો રજૂ કરી રહ્યાં છે. પોલીસ હાલમાં મેચના બંદોબસ્તમાં વ્યસ્ત છે ત્યારે આ આંકડાઓએ મહિલાની સુરક્ષા સામે સીધો સવાલ કરી રહ્યાં છે.

ગુજરાતનું અમદાવાદ એ આર્થિક રાજધાની ગણાય છે વસતીની દ્રષ્ટીએ પણ મોટુ કદ ધરાવતા અમદાવાદમાં સૌથી વધારે છેડતીની ઘટનાઓ ઘટી છે. એક મુખ્ય શહેર, ૨૦૨૦-૨૧માં ૨૦૫, ૨૦૨૧-૨૨માં ૨૨૩ અને ૨૦૨૨-૨૩માં ૨૨૦ કેસ સાથે સૌથી વધુ બનાવો નોંધાયા હતા. તેનાથી વિપરિત, આદિવાસી વસ્તી ધરાવતા ડાંગ જિલ્લામાં ન્યૂનતમ કેસ નોંધાયા છે- ૨૦૨૦-૨૧માં ૩, ૨૦૨૧-૨૨માં ૦ અને ૨૦૨૨-૨૩માં ૫ કેસ નોંધાયા હતા. આ જ સમયગાળામાં તાપી જિલ્લામાં ૨, ૫ અને ૨ કેસ નોંધાયા છે. આમ આદિવાસી વિસ્તારમાં આજે પણ મહિલાઓનું સન્માન થાય છે. મહિલાઓની સુરક્ષાને પ્રાથમિકતા આપવાના ગુજરાત સરકારના દાવાઓ છતાં આંકડા તદન વાસ્તવિકતા દર્શાવે છે. ૨૦૨૨-૨૩માં સુરતમાં છેડતીના કેસોમાં નોંધપાત્ર વધારો દર્શાવ્યો હતો, રાજ્યના ગૃહમંત્રી હર્ષ સંઘવી આ શહેરમાંથી આવે છે. સુરતમાં સંબંધિત નાણાકીય વર્ષમાં ૭૭, ૮૫ અને ૧૨૧ કેસ નોંધાયા છે. "આ એવા અહેવાલ છે કે જે પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા છે. એવા ઘણા કિસ્સાઓ છે કે જે કલંક સાથે જોડાયેલા હોવાને કારણે નોંધાયા નથી.

# જિલ્લા કલેક્ટર આયુષ ઓકના અધ્યક્ષસ્થાને જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક યોજાઈ

## સુરત જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક જિલ્લા કલેક્ટરશ્રી આયુષ ઓકના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી



| સુરત, તા.૧૮ |

જિલ્લા કલેક્ટર કચેરીના સભાખંડમાં યોજાયેલી બેઠકમાં જિલ્લા પંચાયતના પ્રમુખ કહ્યું કે, દિવાળીના તહેવારોમાં એના ગામની આજુબાજુના વિસ્તારોમાં વિદેશોમાંથી એન.આર.આઈ.ઓ વધુ પ્રમાણમાં આવતા હોય પોલીસ પેટ્રોલીંગ વધારવાની રજુઆત સંદર્ભે કલેકટરશ્રીએ પોલીસ વિભાગને સઘન પેટ્રોલીંગ કરવાની સુચના આપી હતી. કલેકટરશ્રીએ જણાવ્યું હતું કે, કેન્દ્ર તથા રાજય સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓને છેવાડાના માનવી સુધી પહોચાડવા માટે વિકસીત ભારત સંકલ્પ યાત્રા ચાલી રહી છે. ગામમાં કોઈ પણ લાભાર્થી સરકારની યોજનાઓના લાભોથી વંચિત ન રહે તે માટે સૌને સાથે મળીને કાર્ય કરવા અનુરોધ કર્યો હતો. આ ઉપરાંત સીકલસેલ એનિમિયાનો કેમ્પ થાય તેમજ સેવા સેતુ, આધારકાર્ડના સુધારા-વધારા થાય તે અંગેની વ્યવસ્થા કરવા જણાવ્યું હતું.

આગામી સમયમાં યોજાનારા કૃષિ મહોત્સવમાં ખેડુતોને મળનારા લાભોની એન્ટ્રી સમયસર થાય તે જરૂરી છે. આગામી લોકસભાની ચુંટણી સંદર્ભે ચાલી રહેલી મતદાર યાદી સુધારણામાં વધુમાં વધુ લોકો લાભ લે તે માટે કાર્ય કરવા જણાવ્યું હતું. બેઠકમાં નિવાસી અધિક કલેકટરશ્રી વાય.બી.ઝાલા તથા વિવિધ વિભાગોના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# મહીસાગર જિલ્લા સંકલન સમિતિ ભાગ-૧ અને ૨ ની બેઠક કલેક્ટર ભાવિન પંડયાના અધ્યક્ષસ્થાને યોજાઈ





| મહિસાગર, તા.૧૮ |

મહિસાગર જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની ભાગ ૧ અને ૨ ની બેઠક કલેક્ટરશ્રી ભાવિન પંડયાના અધ્યક્ષસ્થાને જિલ્લા સેવા સદન કલેક્ટરશ્રીની કચેરીના સભાખંડમાં યોજાઈ હતી. આ બેઠકમાં જિલ્લાના વિવિધ વિભાગોના અમલીકરણ અધિકારીઓ ઉપસ્થિત રહી પોતાના વિભાગ દ્વારા અપાયેલા લક્ષ્યાંક અને સિદ્ધિ અંગે પ્રેઝન્ટેશન રજુ કર્યું હતું જેને કલેક્ટરશ્રીએ નિહાળ્યું હતું. આ પ્રેઝનટેશનમાં વિવિધ વિભાગો દ્વારા કરવામાં આવેલ કામગીરી અંગેની આંકડાકીય વિગતો રજુ કરવામાં આવી હતી આ પ્રેઝન્ટેશન નિહાળ્યા બાદ તેઓએ બાકી કામોના લક્ષ્યાંકો ઝડપી અને સમયસર પૂર્ણ કરી લેવા જણાવ્યું હતું. આ બેઠકમાં લુણાવાડા ધારાસભ્યશ્રી ગુલાબસિંહ ચૌહાણ, અધિક નિવાસી કલેકટરશ્રી સી વી લટા, આરોગ્ય અધિકારીશ્રી, પ્રાંત અધિકારીશ્રીઓ, તથા જિલ્લાના વિવિધ અમલીકરણ અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત
દૈનિક સમાચાર પત્ર
CNN CHANNEL NINE NETWORK GUJARAT
ઉપાડો ફોન
9800708900
આ નંબર પર માત્ર
વોટ્સએપ મેસેજ જ કરવો
આપની આસપાસ બનતી ઘટનાઓના ફોટાઓ વિડીયો મોકલી આપો
દરેક જાતના પ્રસંગ, ઉમંગ, શાળાઓ, કોલેજોથી લઈને સોસાયટીઓ સુધી અવસરથી લઈને તહેવારો સુધી બધા જ સમાચારોને આવરી લેતુ અખબાર "ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત" દૈનિક હંમેશા તૈયાર રહે છે, આપની આસપાસ બનતી રસપ્રદ ઘટનાઓની માહિતી વોટ્સએપ નંબર ઉપર અથવા ઈ-મેઈલ પર અમને લખીને મોકલો...
cnngujarat@gmail.com

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨